અજાયબ ભવિષ્યવચનો

# મુક્તિ-યોજનાનાં સાત પર્વ

- રેવ. જયાનંદ આઈ. ચૌહાણ

11 BGA2

# અજાયબ ભવિષ્યવચનો

## મુક્તિ-યોજનાનાં સાત પર્વ

■

લેખક :
રેવ. જયાનંદ આઈ. ચૌહાન એમ. એ.(જર્નાલિઝમ) યુ. એસ.એ.
'કનાન' મિશન રોડ, નડિયાદ - ૩૮૭૦૦૧

■

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

ગુજરાત ટ્રેક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬

પ્રકાશક :
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦૦૦૬

અજાયબ ભવિષ્યવચનો
બીજી આવૃત્તિ : ૧૯૯૫
પ્રત : ૧૧૦૦
મૂલ્ય : રૂપિયા દસ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

મુદ્રક : જેન્સન કોમ્પ્યુટર્સ, મણિનગર (પૂર્વ), અમદાવાદ - ૮.
ફોન : ૨૧૪૭૬૪૧

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | બાઇબલ, ભવિષ્યકથનો અને પૂર્વછાયાઓ | ૧ |
| ૨. | યહૂદીઓની ઋતુઓ અને પંચાંગ<br>(નકશો : યહોવાનાં સાત પર્વો) | ૭ |
| ૩. | પાસ્ખાપર્વ :<br>ક્રૂસ પર પ્રભુ ઈસુનું બલિદાન | ૧૫ |
| ૪. | બેખમીર રોટલીનું પર્વ :<br>ખ્રિસ્ત સાથે મંડળીની સંગત | ૨૭ |
| ૫. | પ્રથમફળની પૂળીનું પર્વ :<br>પ્રભુ ઈસુનું પુનરુત્થાન | ૩૫ |
| ૬. | પચાસમા દિનનું પર્વ :<br>મંડળીનો જન્મ | ૪૩ |
| ૭. | ચોથા અને પાંચમા પર્વ વચ્ચેનો લાંબો ગાળો :<br>મંડળીનો લાંબો જમાનો | ૫૩ |
| ૮. | રણશિંગડાંનું પર્વ :<br>મંડળીનું ગગનગમન<br>બધા યહૂદીઓનું ઈઝરાયલમાં એકત્ર કરાવું | ૫૯ |
| ૯. | પ્રાયશ્ચિત-દિનનું પર્વ :<br>૧. મંડળી ગગનમાં ખ્રિસ્તના ન્યાયાસન આગળ<br>૨. યહૂદીઓનો કરુણ વિલાપ અને હૃદયપલટો | ૬૯ |
| ૧૦. | માંડવાપર્વ :<br>મંડળી અને યહૂદીઓ અનંતકાળિક આનંદમાં.<br>નવું આકાશ, નવી પૃથ્વી, નવું યરુશાલેમ | ૮૫ |
| ૧૧. | બાકીના વર્ષનું શું ?<br>યુગોના યુગ<br>અનંતકાળિક જીવનનો ઝરો | ૯૫ |

રેવ. જયાનંદ આઈ. ચૌહાનના લિટરેચર
રિવોલ્વીંગ ફંડ દ્વારા પ્રકાશિત

# ૧ બાઇબલ, ભવિષ્યકથનો અને પૂર્વછાયાઓ

બાઈબલ એક અદભૂત પુસ્તક છે; અજોડ પુસ્તક છે. એ આખુંયે બાઈબલ પવિત્ર આત્મા દ્વારા લખાયેલું છે. ખરેખર તો પવિત્ર આત્મા જ બાઈબલનો ખરો લેખક છે. પ્રભુ પવિત્ર આત્માએ પોતાની પ્રેરણા દ્વારા જુદા જુદા ૩૬ જેટલા લેખકો મારફતે બાઈબલનાં ૬૬ પુસ્તકો ૧૬૦૦ વર્ષના ગાળામાં લખાવ્યાં. છતાં એના વિચાર યા સંદેશામાં એકેય વાકય બીજાથી ઊલટું લખાયું નથી.

બાઈબલ અનેક દેશોમાં, અનેક પ્રકારની સંસ્કૃતિઓ મધ્યે, અને પરપસ્પર વિરોધી એવી પરિસ્થિતિઓ તથા સંજોગોમાં લખવામાં આવ્યું. છતાં એમાં પરસ્પર વિરોધી સૂર કયાંયે જોવા મળતો નથી . ઊલટું બાઈબલનાં બધાં પુસ્તકો અને બધાં વાંકયોમાં એકબીજાને માટે પરપસ્પરનું અનુમોદન જ દ્દષ્ટિગોચર થાય છે. બાઈબલના વિધ વિધ ભાગો કયાં કયાં લખાયા ? મિસરના મહેલોમાં અને રોમની જેલોમાં, બાબિલોનના બંદિવાસમાં અને ઈરાનના મંત્રીનિવાસમાં , અરબસ્તાનના રણદેશમાં અને દ્વીપપુંજના પાત્મસ બેટમાં, યરુશાલેમના મહેલમાં અને શિલોહના મંડપમાં, એશિયાનાં ગામડાંમાં અને યૂરોપનાં શહેરોમાં,- એમ વિભિન્ન સ્થળો અને સંજોગોમાં લખાયેલું બાઈબલ એક મહાવિષય વિષે પહેલા પાનાથી છેલ્લા પાના સુધી જણાવે છે. એ છે મુકિતદાતા પ્રભુ ઈસુ ખ્રિસ્ત. જૂના કરારમાં ભવિષ્યકથનોરુપે અને પૂર્વછાયાઓમાં

ગોપિત સ્વરુપે, અને નવા કરારમાં પ્રત્યક્ષરુપે એ જ પ્રભુ ઈસુ ખ્રિસ્તને ધરવામાં આવ્યા છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત આખા બાઈબલની મુખ્ય વ્યકિત છે, અને માનવમુકિત એ એમનું મુખ્ય કાર્ય છે. બાઈબલમાં સૃષ્ટિની ઉત્પત્તિ, પૃથ્વીમાં પાપનો પ્રવેશ, માનવકુળોની વૃદ્ધિ, ભાષાઓની ઉત્પતિ, પતિત માનવજાતનો ઈતિહાસ, માણસજાતના ઉદ્ધાર માટેની ચકાસણી, મુકિતનો મહાઈલાજ - ક્રૂસ પરનું બલિદાન, મંડળીની રચના અને ફેલાવો, અને માણસનું ભાવિ, એ બધા વિષયો મુખ્ય વિષય સાથે પરમ સુસંગત રીતે ગૂંથી લેવામાં આવ્યા છે; કયાંયે વિસંવાદિતા જોવા મળતી નથી.

દાખલા તરીકે, મોશેનાં પાંચેય પુસ્તકોમાં ભલે ભિન્ન ભિન્ન બાબતો લખાયેલી હોય, પણ એનાં પાંચેય પુસ્તકોમાં સુસંગતતાનો પ્રધાન સૂર જ નીકળે છે. ઉત્પત્તિમાં આબ્રાહમની વાત લો કે ઈસહાકની; નિર્ગમનમાં ઈઝરાયલના મહાપ્રયાણમાં પાસ્ખાની વાત લો કે, સિનાયના નિયમશાસ્ત્રની લેવીયમાં કાયદાકાનૂનોની વાત લો કે "યહોવાનાં મુકરર પર્વોની," ગણનામાં અર્પણોની વાત લો કે પિત્તળના સાપની, એમ જ પુનર્નિયમમાં વિવિધ વિષયોની વાત હોય, પણ એ બધાં જ પ્રભુ ઈસુની પૂર્વછાયારૂપ છે. એટલે જ પ્રભુ ઈસુએ યોહાન ૫ : ૪૬ માં યહૂદીઓને કહ્યું કે, "જો તમે મોશે પર વિશ્વાસ કર્યો હોત, તો તમે મારા પર પણ વિશ્વાસ કરત; કેમ કે તેણે મારા વિષે લખેલું છે." વળી, પ્રભુ ઈસુએ એમ્મૌસ જનારા બે માણસોને પણ કેવો ઠપકો આપતાં એવી જ વાત કહી! "તેમણે તેઓને કહ્યું કે, ઓ અણસમજુઓ, તથા પ્રબોધકોએ જે કહ્યું છે, તે સર્વ ઉપર વિશ્વાસ કરવામાં મંદબુદ્ધિનાઓ ! શું ખ્રિસ્તે એ બધું સહેવું અને પોતાના મહિમામાં પેસવું જોઈતું નહોતું શું ? પછી મોશેથી તથા સઘળા પ્રબોધકોથી માંડીને તેમણે બધા ધર્મલેખોમાંથી પોતાના સંબંધીની વાતોનો ખુલાસો કરી બતાવ્યો" (લૂક ૨૬ : ૨૫-૨૭). બધા ધર્મલેખો એટલે તે સમયે હસ્તી ધરાવતો જૂનો કરાર.

વળી, સંત પાઉલ ૧ કોરિંથી ૧૫ : ૩,૪ માં જણાવે છે કે, "કેમ કે મને પણ જે પ્રાપ્ત થયું તે મેં પ્રથમ તમને કહી સંભળાવ્યું કે, ધર્મશાસ્ત્ર પ્રમાણે ખ્રિસ્ત આપણાં પાપને સારુ મરણ પામ્યો; અને ધર્મશાસ્ત્ર પ્રમાણે તેને દાટવામાં આવ્યો, અને ત્રીજે દિવસે તેનું ઉત્થાન થયું." આ ધર્મશાસ્ત્ર એ બીજું કંઈ નહિ પણ બાઈબલનો જૂનો કરાર. આમ, જૂનો કરાર રૂપકો, પૂર્વછાયાઓ અને સીધાં તથા પરોક્ષ ભવિષ્યકથનોરૂપે પ્રભુ ઈસુને જ જાહેર કરે છે.

એવી જ રીતે પ્રભુ ઈસુનું સમસ્ત ઉદ્ધારક કાર્ય લેવીયના પુસ્તકના ૨૩ મા અધ્યાયમાં આપેલાં "**યહોવાનાં સાત મુકરર પર્વો**"માં પૂર્વછાયારૂપે સુંદર રીતે આપવામાં આવ્યું છે. પહેલા 'પાસ્ખાપર્વ'થી માંડીને સાતમા પર્વ 'માંડવાપર્વ' સુધીમાં પ્રભુ ઈસુનું ક્રૂસ પર બલિ બની જવું, પાછા ઊઠવું, ખ્રિસ્ત સાથે તેમના વિશ્વાસીઓની સંગત, પચાસમા દિને મંડળીનો જન્મ, મંડળીનું ગગનમાં ઊંચકાઈ જવું તથા યહૂદીઓનું યરુશાલેમમાં એકઠા કરાવું, ખ્રિસ્તના ન્યાયાસન આગળ મંડળીનાં કામોની ચકાસણી, અને પ્રભુ ઈસુના પૃથ્વી પર ઊતરવાને સમયે યહૂદીઓનો હૃદયપલટો તથા આખરી ઉદ્ધાર, અને છેલ્લે મંડળીનો તથા યહૂદીઓનો નવા યરુશાલેમમાં તથા નવી પૃથ્વીમાં મહાઆનંદી વસવાટ, -એ બધું પૂર્વછાયાના રુપમાં આ સાત પર્વોમાં આપવામાં આવ્યું છે. આપણે આ પુસ્તિકામાં એ બધું વિગતવાર જોવાના છીએ.

પ્રભુની સ્તુતિ થાઓ કે ભવિષ્યના યુગોમાં જે જે બધું બનવાનું હતું કે બનનાર છે, તે તે બધું વિગતવાર, પણ પૂર્વછાયાના રુપમાં યા પ્રતિકોના રૂપમાં છેક મોશેના સમયમાં પ્રભુએ યહૂદીઓને જણાવી દીધું હતું ! બાઈબલ કેવું ઈશ્વરપ્રેરિત, અજોડ અને અજાયબ પુસ્તક છે, એ આ અભ્યાસ પરથી આપણે કંઈક વધુ સ્પષ્ટપણે જોઈ શકીશું. પાઉલ પ્રેરિત કલોસી ૨ : ૧૭ માં જૂના કરારનાં કેટલાંક પર્વો, સમયો, અને વિધિઓનો ઉલ્લેખ કરીને કહે છે કે, "તેઓ તો થનાર વાતોનો પડછાયો છે, પણ શરીર ખ્રિસ્તનું છે."

લેવીયના ૨૩મા અધ્યાયમાં આપેલાં સાત પર્વો પણ ભવિષ્યમાં થનાર બનાવોની પૂર્વછાયાઓ હતી. ભવિષ્યમાં શું બનવાનું હતું કે, બનવાનું છે તે સંબંધી, ઈશ્વરે એ સાત મુકરર પર્વો દ્વારા ઘણાં સૈકાંઓ અગાઉથી જણાવ્યું છે.

યહોવાએ મોશે મારફતે ઈઝરાયલ લોકોને સાત મુકરર અથવા ઠરાવેલાં પર્વો પાળવાનો વિધિ આપ્યો હતો. આ પર્વો યહૂદી કેલેન્ડરના આખા વર્ષમાં પથરાયેલાં હતાં, અને પાલેસ્તાઈનની ઋતુઓ સાથે સાનુકુળ હતાં. બાઈબલના સામાન્ય વાચકને આ સાત પર્વો માત્ર ખેતીપ્રધાન યહૂદી લોકોને માટેનાં, વર્ષ દરમિયાન પાળવાનાં, ખેતીજીવન સાથે સંકળાયેલાં પર્વો હતાં. હા, જેમ ભારતમાં પર્વો યા તહેવારો ખેતજીવન સાથે સંકળાયેલાં છે, તેમ યહૂદીઓ માટેનાં આ સાત પર્વો ત્યાંની મોસમોને અનુકૂળ એવાં પર્વો હતાં.

પણ આ સાત પર્વો એથી વિશેષ હતાં. એમાં યહૂદીઓના મિસરમાંથી નીકળવાથી માંડીને પ્રભુના પુનરાગમન સમયે યહૂદીઓનું તેમ જ મંડળીનું શું થનાર છે તેનો ભાવિ ઈતિહાસ ભવિષ્યકથનના રૂપમાં - અથવા ખરેખરું તો પૂર્વછાયાના રૂપમાં - આપવામાં આવેલો છે. એથીયે વિશેષ ખ્રિસ્તની મંડળીના જુદા જુદા તબક્કામાં - એટલે કે ક્રૂસ પરના બલિદાનથી માંડી મંડળી ગગનમાં ઊંચકાઈ જશે, અને સદાને માટે નવા આકાશી યરુશાલેમમાં વસવાટ કરશે, એ વિષેનાં ભવિષ્યકથનો પૂર્વછાયાના રૂપમાં એમાં સમાયેલાં છે.

આ પર્વોને “યહોવાનાં મુકરર પર્વો” ગણાવ્યાં છે.એ પર્વો લોકો ઋતુ પ્રમાણેના સ્થાપેલા તહેવારો નથી; પણ ઈશ્વરે પોતે અગમદૃષ્ટિ યા પૂર્વજ્ઞાનથી જોઈ નક્કી ઠરાવીને યહૂદીઓને પર્વો તરીકે આપ્યાં હતાં. જે હિબ્રૂ શબ્દનો અર્થ ‘પર્વો’ કરવામાં આવ્યો છે, તે મૂળ હિબ્રૂ શબ્દમાં ‘મુલાકાતો’ નો અર્થ પણ સમાયેલો છે. આ ‘મુલાકાતો’ કે પર્વો ઈશ્વરે પોતે ઠરાવેલાં છે. એટલે એમને 'યહોવાનાં મુકરર પર્વો” તરીકે લેવીય ૨૩ માં અને અન્ય સ્થળે રજૂ કરવામાં આવ્યાં છે. આ પર્વો દ્વારા ઈશ્વર પોતાના લોકોની ખાસ ખાસ ‘મુલાકાતો’ લેવા માગે

છે. અને એ પર્વો દ્વારા ઈશ્વર તેમના સંબંધી ભવિષ્યમાં અદભૂત કાર્યો કરનાર છે. આ પર્વોને 'પવિત્ર મેળાવડા' તરીકે પણ ગણાવ્યા છે. જેવી રીતે 'પ્રભુભોજન' (પ્રભુનું ભોજન, લોર્ડઝ સપર), ' પ્રભુની મેજ' (લોર્ડઝ ટેબલ), અને 'પ્રભુનો દિવસ' (લોર્ડ્ઝડે) એ માણસોએ ઠરાવેલી કે યોજેલી સંસ્થાઓ વ્યવસ્થાઓ નથી; પણ પ્રભુથી યોજિત, પ્રભુએ પોતે ઠરાવેલી છે; અને પ્રભુએ એ બધાં પાળવાનો આદેશ આપેલો છે, એવું આ સાત પર્વો (યહોવાનાં સાત મુકરર પર્વો) વિષે પણ સમજવું.

પરમકૃપાળુ પરમેશ્વરે ઉત્પન્નકર્તા અને ઉદ્ધારક તરીકે, મનુષ્યના ઉદ્ધાર માટેની પોતાની સનાતન યોજનાને કેવી અપાર અને અકલ્પનીય કુનેહથી એમનાં પવિત્ર વચનોના (બાઇબલના) તાણાવાણામાં ગૂંથી લીધી છે ! એ યોજના જુદાં જુદાં સ્વરૂપમાં બાઇબલમાં ગૂંથવામાં આવી છે : પૂર્વછાયાના રૂપમાં, પ્રતિકોના રૂપમાં, સીધાં અને સ્પષ્ટ ભવિષ્યકથનોના રૂપમાં, કે પછી ચિહ્નોના રૂપમાં એ બધું ગૂંથાયેલું છે. જો પ્રાર્થના સાથે, અને પવિત્ર આત્માની સહાય માગીને એ બધું જોવા-સમજવા મન લગાડીએ તો કેવો અજાયબ પ્રકાશ એમાંથી મળે છે !


આ પુસ્તકમાં આપણા અભ્યાસ માટેનાં "**યહોવાનાં સાત મુકરર પર્વો** " એ આ ઉદ્ધારની સર્વાંગી યોજનાને, છેક મિસરથી માંડીને નવા આકાશ, નવી પૃથ્વી અને નવા યરુશાલેમ સુધી આપણી આગળ છતી કરે છે, - પણ પૂર્વછાયાઓના રુપમાં. આ પૂર્વછાયા એટલે શું? જોઈએ.

ઊગતી, પ્રભાતમાં આ પૂર્વછાયાઓનો મને કેટલી બધી વાર અનુભવ થયો છે ! મારા ઘર આગળના રસ્તે, ઉગમણી દિશામાંથી, કોઈ માણસ ચાલતો ચાલતો મારા ઘર તરફ ચાલ્યો આવતો હોય, તો પહેલાં તો રસ્તા પર, એના માથાનો પડછાયો મને દેખાય છે. પછી પડછાયો વધુ અને વધુ નજદીક આવતાં હું છાતી અને હાથોનો, અને પછી પગોનો પડછાયો જોઉં છું. અને પગનો પડછાયો પૂરો થતાં જ

આવનાર માણસ ખુદને હું પ્રત્યક્ષ જોઉં છું. પહેલા માણસની છાયા, અને પછી માણસ ! એમ જ ભવિષ્યમાં બનનાર બનાવોના અગાઉ આવતા પડછાયા એ જ પૂર્વછાયા છે. વ્યક્તિ કે બનાવની પહેલાં દશ્યમાન થતી છાયા એ જ પૂર્વછાયા.

યહોવાનાં સાત મુકરર પર્વો એ ભવિષ્યમાં થનાર બાબતોના પડછાયા કે પૂર્વછાયાઓ છે. પણ ખૂબી એ છે કે ખુદ એ પૂર્વછાયાઓ પણ એક પ્રકારના ઐતિહાસિક નકકર બનાવો કે પ્રસંગો છે. અને સાથે સાથે, ભવિષ્યમાં બનનાર બનાવોની પૂર્વછાયાઓ તરીકે પણ છે.

●




યહોવાનાં સાત મુકરર પર્વો

① પાસ્ખા, ② બેખમીરી રોટલી ③ પ્રથમફળ ④ પચાસમા દિનનું ⑤ રણશિંગડાનું
⑥ પ્રાયશ્ચિત દિન ⑦ માંડવાપર્વ.

# ૨ યહૂદીઓની ઋતુઓ અને પંચાંગ

ઈશ્વર તરફથી ફરમાવવામાં આવેલાં યહૂદીઓનાં આ પર્વો (યા તહેવારો) આપણે બરાબર સમજી શકીએ એ માટે યહૂદીઓનું વાર્ષિક પંચાંગ સમજવું જરુરી છે. આ સાથે યહૂદી પંચાંગનું આપવામાં આવેલું ચિત્ર જોવાથી સમજવું સહેલું પડશે.

**યહૂદી વર્ષ** : જૂના કરારના સમયમાં તથા પ્રભુ ઈસુના જમાનામાં યહૂદી વર્ષ બાર મહિનાનું અને ચંદ્રની ગણતરી પ્રમાણેનું ચાંદ્રવર્ષ હતું. આજે પણ ઈઝરાયલ રાજયમાં ચાંદ્રવર્ષ ચાલે છે. ચાંદ્રવર્ષ ૩૫૪ દિવસ ૮ કલાક, ૪૮ મિનિટ, અને ૩૨.૪ સેકન્ડનું હોય છે. યહૂદીઓનાં પર્વો ખાસ કરીને ખેતીવાડીને અનુસરતાં હોવાથી એ પર્વોની તારીખો બદલાયા કરતી. આ ચાંદ્રવર્ષને સૌર્યવર્ષ પ્રમાણે (સૂર્ય પ્રમાણેનું વર્ષ) બંધબેસતું કરવા દર ૧૯ વર્ષે ૨૩૫ મહિના ગણતાં ૭ મહિના ચાંદ્રવર્ષ પ્રમાણે ખૂટે. આથી ૧૯ ચાંદ્રવર્ષમાં ૭ અધિક માસ ઉમેરવામાં આવતા. દર ત્રણ કે ચાર વર્ષ બારમો માસ (અદાર માસ) બેવડાવવામાં આવતો. (આપણા ભારતમાં પણ હિંદુ અને મુસ્લિમ પંચાંગોમાં ચાંદ્રવર્ષ ચાલે છે, અને 'પુરુષોત્તમ માસ' અધિક માસ અવારનવાર પંચાંગોમાં ઉમેરવામાં આવે છે તેમ જ.)

ચાંદ્રવર્ષ પ્રમાણે દરેક માસમાં ૨૯ દિવસ અને અમુક માસમાં ૩૦ દિવસ આવે. પણ બાઇબલના ધાર્મિક ઈતિહાસમાં તેમ જ ભવિષ્યકથનોની ગણતરીમાં બારેય માસના ત્રીસ ત્રીસ દિવસ ગણવામાં

આવતા. અને સૌર્યવર્ષ પ્રમાણે ૩૬૫ દિવસ પૂરા કરવા પાંચ દિવસ પ્રતિ વર્ષે ઉમેરવામાં આવતા.

ઉપરનો મુદ્દો જળપ્રલયનાં વૃત્તાંતમાં સ્પષ્ટ સ્પષ્ટ દેખાય છે. ઉત્પત્તિમાં આપવામાં આવેલા આ વૃત્તાંતમાં વરસના દરેક મહિનાના ત્રીસ ત્રીસ દિવસ ગણવામાં આવ્યા છે. (ઉત્પતિ ૭ : ૧૧, ૨૪; ૮: ૩,૪). વળી પ્રકટીકરણ ૧૧ : ૨ માં 'બેંતાળીસ મહિના' આપવામાં આવ્યા છે, અને એ જ ગાળાને માટે ૧૧ : ૩ માં તથા ૧૨:૬ માં 'એક હજાર બસો સાઠ દિવસ' લખવામાં આવ્યું છે. એ પ્રમાણે પણ એક માસના ૩૦ દિવસ થયા. વળી એ જ ગાળાને માટે પ્રકટીકરણ ૧૨ : ૧૪ માં 'સમય તથા સમયો તથા અર્ધા સમય સુધી" (વર્ષ, બે વર્ષ, અને અર્ધુ વર્ષ) વાપર્યું છે. આ પરથી જોઈ શકાય છે કે 'બારસો સાઠ દિવસ' 'બેંતાળીસ મહિના', કે 'સાડાત્રણ વર્ષ'- એ સરખો કાળ છે. વળી દાનિયેલ ૭ : ૨૫ માં પણ એ જ સમય માટે 'કાળ, તથા કાળો, તથા અડધા કાળ સુધી" વાપર્યુ છે. જે 'મહાવિપત્તિ' વિષે પ્રકટીકરણમાં આપવામાં આવેલું છે તે માટેનો આ સાડાત્રણ વર્ષનો ગાળો છે.

યહૂદીઓનું રાજકીય વર્ષ તેમ જ ખેતીનું વર્ષ સાતમા માસ તીશરી માસથી શરુ થતું. ખેડ-ખાતર આ તીશરી માસમાં થતું. અને એની પહેલાંના બે માસમાં (પાંચમા 'આબ' અને છઠ્ઠા 'એલુલ' માસમાં) કાપણી થતી અને ફસલ લેવામાં આવતી. એમ એ ખેતીનું વર્ષ ગણાતું. પણ ધાર્મિક વર્ષ પહેલા માસ નિસાન (અથવા આબીબ તરીકે પણ ઓળખાતા) માસમાં શરુ થતું. મિસરની ગુલામગીરીમાંથી યહૂદીઓ મોશેની આગેવાની નીચે ચાલી નીકળ્યા ત્યારે તેઓને યહોવાનું ફરમાન આ પ્રમાણે હતું (નિર્ગમન ૧૨ : ૨; પુનર્નિયમ ૧૬ : ૧): "આ માસને (નિસાન માસને) તમારા માસોમાં પ્રથમ ગણવો. તે તમારા વર્ષનો પ્રથમ માસ ગણાય." ત્યારથી યહૂદી વર્ષનો એ પ્રથમ માસ બન્યો. (વળી જુઓ નિર્ગમન ૨૩ : ૧૫; એસ્તેર ૩ : ૭).

પહેલી સદીમાં થઈ ગયેલો યહૂદી ઇતિહાસકાર જોસીફસ પણ જણાવે છે કે આબીબ (યા નિસાન) અગાઉ સાતમો માસ હતો, પણ પાસ્ખાપર્વની સ્થાપના પછી જ એ પહેલો માસ ઠરાવવામાં આવ્યો. છતાં ખેતીવાડીની વ્યવસ્થા અગાઉ પ્રમાણે જ રહી, એટલે કે આબીબ (નિસાન) સાતમો માસ અને તીશરી પહેલો માસ.

વળી, દર પચાસમું વર્ષ જ્યુબિલી વર્ષ તરીકે પળાતું. એ વર્ષ સાતમા (તિશરી) માસથી શરૂ થતું ગણવામાં આવતું. લેવીય ૨૫ : ૮- ૧૦ માં એ વિષે આમ આપવામાં આવ્યું છે : "અને તારે પોતાને સારુ વર્ષોના સાત સાબ્બાથ એટલા સાતગણાં વર્ષ ગણવાં; અને વર્ષોના સાત સાબ્બાથની મુદત એટલે ઓગણપચાસ વર્ષ થશે. તે વખતે સાતમા માસને દશમે દિવસે તારે મોટે સાદે સઘળે રણશિંગડું વગડાવવું; પ્રાયશ્ચિતને દિવસે તમારા આખા દેશમાં રણશિંગડું વગાડવું. અને પચાસમું વર્ષ તમારે પવિત્ર પાળવું, ને આખા દેશમાં તેના સર્વ રહેવાસીઓને માટે છૂટકાનો ઢંઢેરો પિટાવવો; તે તમારે સારુ રણશિંગડાનું એટલે જ્યુબિલીનું વર્ષ થાય." આમ, જ્યુબિલી વર્ષમાં અગાઉ હતું તેમ જ ચાલુ થતું, એટલે કે સાતમા (તિશરી) માસથી શરુ થતું.

વર્ષના છ મહિના વીતી ગયા હતા, અને સાતમો (આબીબ યા નિસાન) માસ બેઠો હતો, ત્યારે ઈશ્વરે મોશે મારફતે ફરમાન કર્યું કે, "આ માસને તમારા માસોમાંનો પ્રથમ ગણવો; તે તમારા વર્ષનો પ્રથમ માસ ગણાય" (નિર્ગમન ૧૨ : ૨). અગાઉના છ માસ જાણે કે ભૂંસી નંખાયા છે, અને યહોવા હવે નવી શરૂઆત કરે છે. પણ આ નવી શરૂઆત માટે નવો પાયો જોઈએ. "કપાયેલો પાસ્ખાનો હલવાન" એ નવો પાયો છે. એ રાત્રે તેઓ પાસ્ખાના હલવાનના રક્ત દ્વારા બચી ગયા, અને જાણે કે જિંદગીની નવી શરુઆત થઈ. ખ્રિસ્તી માણસ પણ પ્રભુ ઈસુના રક્તનો છંટકાવ પામીને જ નવા જીવનમાં પ્રવેશે છે. પાછલો ભૂતકાળ એને માટે હવે 'ગઈગુજરી' વાત છે. હવે નવા જીવનની શરુઆત 'નવા જન્મ'થી જ થાય છે.

યહૂદી પંચાંગના પ્રત્યેક માસની વિગતો નીચે આપી છે. એ ઉપરથી ખેતીપ્રધાન આ દેશની વ્યવસ્થા સમજી શકાશે, અને એનાં પર્વો પણ સમજવાં સહેલાં થશે.

૧. **નિસાન** મહિનાને **આબીબ** તરીકે પણ ઓળખવામાં આવતો. (નિર્ગ ૧૩ : ૪; નહે. ૨ : ૧). પાલેસ્તાઈનમાં "પાછલો વરસાદ" આ મહિનામાં આવે છે. શણ કાપવાની મોસમ (યહોશુ. ૨ : ૬).યરદન નદીમાં પૂર આવે છે. (યહોશુ. ૩ : ૧૫, ૧ કાળ. ૧૨ : ૧૫). જૂના જમાનામાં મેદાન વિસ્તારમાં જવની કાપણી શરુ થતી. યરદનના ગરમાળ વિસ્તારમાં ઘઉં પાકી જતા. સૂકું હવામાન શરુ થાય, અને છેક ઓકટોબરની અધવચ સુધી એટલે કે યહૂદી સાતમા (તીશરી) મહીના સુધી ચાલુ રહે. ઉત્તર-પશ્ચિમનો ચાલુ પવન સુસવાયા કરે.

૨. **ઈયાર** અથવા **ઝીવ** (૧ રાજા ૬ : ૧) મહિનામાં ઉપલાણના પ્રદેશમાં જવની કાપણી. ઘઉંની કાપણી નીચલાણ પ્રદેશમાં. સામાન્ય કાપણી આ મહિનામાં.

૩. **સીવાન** (એસ્તર ૮ : ૯). દરિયાઈ કંઠાળ પ્રદેશમાં સફરજન થાય. શરુઆતનાં અંજીર પણ મળે. દ્રાક્ષાવેલાની સંભાળનો આ મહિનો. બદામ પાકવા માંડે. તાપ સખત પડે.

૪. **તામ્મુઝ** (યર્મિ. ૫૨ : ૬). પર્વતો પર ઘઉંની કાપણી. પ્રથમ પાકેલી દ્રાક્ષા.

૫. **આબ** (એઝરા ૭ : ૮). નીચલાણ વિસ્તારમાં જૈતફળ (ઓલિવ), ખજૂર અને ઉનાળુ અંજીર. ઉનાળુ ફળો ભરપૂરપણે થાય. ગરમી પણ પુષ્કળ પડે.

૬. **એલુલ** (નહે. ૬ : ૧૫). જૈતફળો વેડવાની ઋતુ.

૭. **તીશરી (એથાનીમ)** (૧ રાજા ૮ : ૨) દાડમો પાકે. આ માસના પાછલા ભાગથી (ઓકટોબરના દશેક દિવસ પછી) શિયાળાની શરુઆંત થાય. ખેડ-ખાતરનો સમય.

૮. **મારચેશ્વાન** (બુલ) (૧ રાજા ૬ : ૩૮). બાઈબલમાં "આગલા વરસાદ" તરીકે ઓળખાતો વરસાદ શરુ થાય છે. અનાજ, ખાસ કરીને ઘઉં અને જવની વાવણી. ઉત્તર ગાલીલમાં જૈતફળ વેડવામાં આવે. અંજીરી પર શિયાળુ અંજીર બેસે.

૯. **કિસ્લેવ** (ઝખાર્યા ૭ : ૧) વરસાદ વધતો જાય છે. ( સરખાવો એઝરા ૧૦ : ૯,૧૩).

૧૦. **તીબેત** (એસ્તર ૨ : ૧૬). કરાં, ઊંચા ડુંગરો પર હિમ ( બરફ). કોઈ વાર યરુશાલેમમાં પણ હિમ (બરફ) વર્ષા થાય. નીચલાણ પ્રદેશનાં ખેતરોમાં અને ગૌચરોમાં વગડાઉ ફૂલો ભરપૂરપણે ખીલે. વાસંતી લીલોતરી પુષ્કળ થાય.

૧૧. **શેબાત** (ઝખાર્યા ૧ : ૭). બદામડીને ફૂલો ખીલે. અંજીરીને મોર આવે. કેરૂબ વૃક્ષને ફૂલો.

૧૨. **અદાર** (એસ્તર ૩ : ૭). નારંગી અને લીબું નીચાણવાળા પ્રદેશોમાં પાકે. દાડમડીને પ્રથમ ફૂલો લાગે. 'પાછલા વરસાદ" ની શરુઆત. યરેખો વિસ્તારમાં જવની કાપણી.

**અઠવાડિયાના દિવસો :** યહૂદીઓમાં સાત દિવસનું અઠવાડિયું હતું. પણ તેઓના વારોનાં નામ પાડવામાં આવ્યાં નહોતાં. એટલે જ બાઈબલમાં અઠવાડિયાના કોઈ વાર (દિવસ)નું નામ આપ્યું નથી, એટલે કે રવિવાર, સોમવાર, શનિવાર એવું કોઈ નામ આપ્યું નથી. એમના કેલેન્ડરમાં 'સાબ્બાથ' ચાવીરૂપ વાર હતો. અઠવાડિયાનો એ સાતમો યા છેલ્લો વાર હતો. આપણો રવિવાર "સાબ્બાથ પછીનો પહેલો" વાર ગણાતો. (નવા કરારની ગ્રીક ભાષામાં આ પ્રમાણે છેઃ "તે મિયા તોન સાબ્બાતોન" = સાબ્બાથ પછીનો પહેલો). એમ જ સાબ્બાથ પછીનો બીજો, એ પ્રમાણે વાર ઓળખાતા. કોઈ કોઈ વાર શુક્રવારને 'સાબ્બાથ પછીનો છઠ્ઠો' કહેવાને બદલે ' સિદ્ધીકરણનો દિવસ' (સાબ્બાથની તૈયારીનો દિવસ) કહેવામાં આવતો (માર્ક ૧૫ઃ ૪૨).

નવા કરારમાં 'અઠવાડિયું' શબ્દ પણ વપરાયો નથી. માથ્થી ૨૮:૧ માં "અને વિશ્રામવારની આખરે, અઠવાડિયાને પહેલે દિવસે" - એમાં વિશ્રામવાર એટલે "સાબ્બાથ" અથવા આપણો શનિવાર. અંદર આપેલો શબ્દ "અઠવાડિયાને" એ હિબ્રૂ સાબ્બાથ શબ્દનો, આપણી સમજણ માટેનો સમજુત્યર્થ છે. મૂળ ગ્રીકમાં તો "સાબ્બાથનો પહેલે" એમ જ વપરાયું છે. હિબ્રૂમાં અઠવાડિયાને માટે 'શાબુઆ' શબ્દ હતો, જે જૂના કરારમાં વપરાયો છે. આ શબ્દ 'શાબુઆ' તે સાત દિવસના અઠવાડિયાને (સપ્તાહને) માટે વપરાતો, તેમજ સાત વર્ષના ગાળા માટે પણ વપરાતો. (જુઓ દાનિયેલ ૯ : ૨૪-૨૭. સરખાવો લેવીય ૨૫ : ૮). 'શાબુઆ' એટલે 'સપ્તાહ' (સાતમો સપ્તાહ).

બીજી એક વાત જોઈ લઈએ. નવા દિવસની શરૂઆત કયારથી ગણાય ? આપણે આજે તો રોમન ગણતરી પ્રમાણે ચાલીએ છીએ. એટલે આપણો દિવસ મધરાત પછી તરત શરૂ થયો ગણાય છે, અને આવતી મધરાત સુધી એ દિવસ ચાલુ રહે છે. પણ યહૂદીઓની ગણતરી જુદી હતી. જો એ ગણતરી ન સમજીએ તો બાઈબલની કેટલીક ગણતરીઓ સમજવામાં ગોટાળો થઈ જાય. યહૂદીઓનો દિવસ સાંજના ૬ વાગ્યાથી શરૂ થતો, અને બીજે દિવસે સાંજે ૬ વાગ્યે પૂરો થતો. એ છ વાગ્યાથી પાછો નવો દિવસ શરૂ થતો. એમ સવારના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી "દિવસના ૧૨ કલાક" ગણાતા. અને સાંજના છ થી સવારના છ સુધી રાતના બાર કલાક ગણાતા.

'સાબ્બાથ' એટલે વિશ્રામ. પ્રભુ પરમેશ્વરે છ દિવસમાં સર્વ કાંઈ બનાવ્યું, અને સાતમે દિવસે વિશ્રામ લીધો, એ પરથી આ સાતમો દિવસ 'સાબ્બાથ' તરીકે ઓળખાવા લાગ્યો, અને એનું નામ સાબ્બાથ (=વિશ્રામ) પડયું. અઠવાડિયાના અન્ય દિવસો, આપણે ઉપર જોયું તેમ, સાબ્બાથની આસપાસના દિવસો તરીકે ઓળખાવા લાગ્યા. આ 'સાબ્બાથ' દિવસ પ્રભુના ફરમાન મુજબ પવિત્ર દિવસ ગણાતો. એ દિવસે કોઈ સંસારી કામકાજ કરવું તે ઈશ્વરની સામે કરેલો અપરાધ

ઠરતો; સાબ્બાથ ભંગ એ પાપ હતું. સાબ્બાથ એ પવિત્ર મેળાવડાનો દિવસ ગણાતો.

દશ આજ્ઞામાંની ચોથી આજ્ઞા છેઃ 'સાબ્બાથ દિનને પવિત્ર પાળવાને તું યાદ રાખ. છ દિવસ તું ઉદ્યોગ કર ને તારું સઘળું કામ કર. પણ સાતમો દિવસ તારા દેવ યહોવાનો સાબ્બાથ છે; તેમાં તું કંઈ કામ ન કર, - તું કે તારો દીકરો કે તારી દીકરી કે તારો દાસ કે તારી દાસી કે તારાં ઢોર કે તારા ઘરમાંનો પરદેશી; કેમ કે છ દિવસમાં યહોવાએ આકાશ તથા પૃથ્વી, સમુદ્ર તથા તેઓમાંનાં સર્વ ઉત્પન્ન કર્યાં, ને સાતમે દિવસે તે સ્વસ્થ રહ્યો, એ માટે યહોવાએ સાબ્બાથ દિનને આશીર્વાદ દઈને તેને પવિત્ર ઠરાવ્યો' (નિર્ગમન ૨૦ : ૮-૧૧).

વળી લેવીય ૨૩ : ૧-૩ માં "**યહોવાનાં મુકરર પર્વો** " વિષેના ફરમાન સંબંધી લખતાં સાબ્બાથ સંબંધી આ પ્રમાણે ફરમાવવામાં આવ્યું છે : "અને યહોવાએ મોશેને કહ્યું કે, ઇઝરાયલપુત્રોને એમ કહે કે યહોવાનાં મુકરર પર્વોએ પવિત્ર મેળાવડા કરવાની ડાંડી તમારે પિટાવવી; તે મારાં મુકરર પર્વો આ છે : છ દિવસ કામ કરવું, પણ સાતમે દિવસે પવિત્ર વિશ્રામનો સાબ્બાથ તથા પવિત્ર મેળાવડો છે; તમારે કંઈ પણ કામ ન કરવું; તમારાં સર્વ રહેઠાણોમાં તે યહોવાનો સાબ્બાથ છે."

આમ, સાબ્બાથ (=વિશ્રામ, આપણો શનિવાર)નું સ્થાન ઇઝરાયલી પંચાંગમાં અનોખું છે. સાબ્બાથ યહોવાનાં સાત મુકરર પર્વોમાં નથી ગણાતો એ ખરું, પણ એ સાત મુકરર પર્વોની ઉજવણીની ગણતરીમાં સાબ્બાથનું ખૂબ મહત્વ રહે છે.

**ઈસ્ટરની તારીખ નકકી કરવાની રીત :** પ્રભુ ઈસુનો મૃત્યુદિન 'ગુડ ફ્રાઈડે' (શુભ શુક્રવાર) યહૂદી પાસ્ખાપર્વના દિવસે આવે છે. નિર્ગમન ૧૨ : ૧-૬ પ્રમાણે યહૂદી પાસ્ખા યહૂદી માસ 'નિસાન' (અથવા 'આબીબ') માં આવતું હતું. એ માસના ૧૦ મા

દિવસે યહૂદી કુટુંબે પાસ્ખાનો હલવાન લેવાનો હતો, અને ૧૪મા દિવસની સાંજે તે વધેરવાનો હતો. એ જ યહૂદી 'નિસાન' માસના ૧૪મા દિવસે ઈસુ ખ્રિસ્ત ક્રૂસ પર 'ઈશ્વરના ખરા બલિ' તરીકે હોમાઈ ગયા. એ પછીનો દિવસ તે પંદરમો દિવસ. અને એ દિવસે પૂનમ હતી. વળી એ શનિવાર હતો. એ પૂનમ પછીનો દિવસ રવિવાર (અથવા અઠવાડિયાનો પહેલો દિવસ) હતો. અને એ રવિવારે પ્રભુ ઈસુ મૃત્યુજંય બનીને ઘોરમાંથી ઊઠયા. એ જ ઈસ્ટરનો દિન.

ઈ.સ. ૩૨૫ માં ખ્રિસ્તી મંડળીની મહાસભા એશિયા માઈનરમાં નિકિયા મુકામે મળી હતી. એ મહાસભામાં 'નિકિયાના વિશ્વાસનામા" તરીકે ઓળખાતું 'ધર્મશ્રદ્ધાનામું' કે 'ધર્મસિદ્ધાંતનામું' તૈયાર કરવામાં આવ્યું હતું. વળી આ જ મહાસભામાં ઈસ્ટરની તારીખ નકકી કરવાની રીત પણ મંજૂરી પામી હતી.

યહૂદી 'નિસાન'(આબીબ) માસ આપણા માર્ચની ૧૫ અથવા ૨૦ મીના ગાળાથી શરુ થઈ એપ્રિલની ૧૫ થી ૨૦ સુધી પહોંચે છે. આથી 'આપણા પ્રભુ ઈસુનું દુઃખસહન સપ્તાહ' (કષ્ટમય અઠવાડીયું) આ ગાળામાં જ કાયમ આવે છે. આ અરસામાં જ વસંતઋતુ પણ આવે છે.

એટલે હવે ઈસ્ટરની ગણતરી આ પ્રમાણે થાય : વસંતસંપાત (માર્ચ ૨૧ મી. એ દિવસે રાતદિન સરખી લંબાઈનાં હોય છે.) એ વસંતસંપાતને દિને આવતી કે તે પછી તરત આવતી પૂનમ પછીનો રવિવાર તે ઈસ્ટર ગણાય. જો એ પૂનમ રવિવારે આવતી હોય તો તે પછીનો રવિવાર ઈસ્ટર ગણાય. દાખલા તરીકે આ ૧૯૯૫ના વર્ષમાં પૂનમ (ચૈત્રી પૂનમ) એપ્રિલની ૧૫મીએ શનિવારે આવી હતી. અને એ પૂનમ પછી તરત આવતો રવિવાર બીજોજ દિવસ એટલેકે એપ્રિલ

૧૬મીએ હતો. એટલે ઈસ્ટરનો દિવસ તા. ૧૬-૪-૧૯૯૫, રવિવાર રોજ હતો.

આ સૈકું પૂરું થાય ત્યાં સુધીની ઈસ્ટરો આ પ્રમાણે આવે છેઃ

| | |
|---|---|
| ૧૯૮૧, એપ્રિલ ૧૯ | ૧૯૯૧, માર્ચ ૩૧ |
| ૧૯૮૨, એપ્રિલ ૧૧ | ૧૯૯૨, એપ્રિલ ૧૯ |
| ૧૯૮૩, એપ્રિલ ૩ | ૧૯૯૩, એપ્રિલ ૧૧ |
| ૧૯૮૪, એપ્રિલ ૨૨ | ૧૯૯૪, એપ્રિલ ૩ |
| ૧૯૮૫, એપ્રિલ ૭ | ૧૯૯૫, એપ્રિલ ૧૬ |
| ૧૯૮૬, એપ્રિલ ૩૦ | ૧૯૯૬, એપ્રિલ ૭ |
| ૧૯૮૭, એપ્રિલ ૧૯ | ૧૯૯૭, માર્ચ ૩૦ |
| ૧૯૮૮, એપ્રિલ ૩ | ૧૯૯૮, એપ્રિલ ૧૨ |
| ૧૯૮૯, માર્ચ ૨૬ | ૧૯૯૯, એપ્રિલ ૪ |
| ૧૯૯૦, એપ્રિલ ૧૫ | ૨૦૦૦, એપ્રિલ ૨૩ |

ઈસ્ટર કદીયે માર્ચ ૨૨ મી પહેલાં કે એપ્રિલ ૨૫ મી પછી આવે જ નહિ.

●

# ૩

# પાસ્ખાપર્વ :
# ક્રૂસ પર પ્રભુ ઈસુનું બલિદાન

લેવીય ૨૩ : ૪, ૫. "યહોવાનાં મુકરર પર્વો એટલે પવિત્ર મેળાવડા કે જે વિષે ઠરાવેલે સમયે તમારે ઢંઢેરો પિટાવવો તે આ છે: પહેલા માસમાં એટલે તે માસને ચૌદમે દિવસે સાંજે યહોવાનું પાસ્ખાપર્વ છે." આ પાસ્ખાપર્વની પૂરી વિગત આપણને નિર્ગમનના પુસ્તકમાંથી મળે છે. એ લખાણ નીચે પ્રમાણે છે :

"અને મિસર દેશમાં યહોવાએ મોશે તથા હારુનને કહ્યું કે, આ માસને (નિસાન અથવા આબીબ માસને) તમારા માસોમાંનો પ્રથમ ગણવો. તે તમારા વર્ષનો પ્રથમ માસ ગણાય. ઇઝરાયલના આખા સમુદાયને કહે કે, આ માસને દશમે દિવસે તમ પ્રત્યેક પુરુષે પોતાને સારુ પોતાના બાપના ઘર પ્રમાણે અકેક હલવાન લેવું, એટલે કુટુંબદીઠ અકેક હલવાન; અને જો કુટુંબ એટલું નાનું હોય કે એક હલવાનને ખાઈ ન શકે તો તે તથા તેના ઘર પાસેનો પડોશી મળી તેમનાં માણસોની સંખ્યા પ્રમાણે એક હલવાન લે; પ્રત્યેક પુરુષના આહાર ઉપરથી હલવાન વિષે અટકળ કરવી.

"હલાવન એબરહિત તથા પહેલા વર્ષનો નર હોવો જોઈએ. તે તમારે ઘેટામાંથી કે બકરામાંથી લેવો; અને તે જ માસના ચૌદમા દિવસ સુધી તમારે તે રાખી મૂકવો. અને ઇઝરાયલની આખી મંડળીના સમુદાયે તેને સાંજે કાપવો. અને તેના રકતમાંથી લઈને જે ઘરોમાં તે ખાય તેમની બન્ને બારસાખો ઉપર તથા ઓતરંગ ઉપર તેઓ છાંટે.

અને તેઓ તે જ રાતે તે માંસ અગ્નિમાં શેકીને બેખમીર રોટલી સાથે ખાય; તેઓ તે કડવી ભાજી સાથે ખાય. કાચું કે તદ્દન પાણીમાં બાફીને તે ખાવું નહિ, પણ તેની મૂંડી તથા પાયા તથા આંતરડાં સુદ્ધાં આગમાં શેકીને તે ખાવું. સવાર સુધી તેમાંનું કંઈ રાખવું નહિ; પણ તેમાંનું જે કંઈ સવાર સુધી રહે તે તમારે આગમાં બાળી દેવું.

"અને તે તમારે આ પ્રમાણે ખાવું: એટલે, તમારી કમર બાંધીને, તમારાં પગરખાં પહેરીને તથા તમારી લાકડી તમારા હાથમાં લઈને ખાવું. અને તમારે તે જલદી જલદી ખાઈ લેવું. તે યહોવાનું પાસ્ખા છે. કેમ કે તે રાતે હું આખા મિશર દેશમાં ફરીશ, ને મિસર દેશમાં મનુષ્યના તથા પશુના સર્વ પ્રથમજનિતને મારી નાખીશ; અને હું મિસરના સર્વ દેવો પર ન્યાયસન લાવીશ; હું યહોવા છું.

"અને તમે જે ઘરમાં રહો છો તે ઉપરનું રક્ત તમારા લાભમાં ચિહ્નરૂપ થશે. અને જ્યારે હું મિસર દેશ પર મરો લાવીશ, ત્યારે હું તે રક્ત જોઈને તમને ટાળી મૂકીશ, ને તમારો વિનાશ કરવાને તમારા પર મરકી આવશે નહિ. અને આ દિવસ તમને સ્મરણાર્થે થાય, ને તમારે યહોવા પ્રત્યે એનું પર્વ પાળવું. વંશપરંપરા તમારે નિત્યના વિધિથી તે પર્વ પાળવું" (નિર્ગમન ૧૨ : ૧- ૧૪).

## છુટકારા પૂર્વે

યહૂદી લોકો મિસર દેશમાં આકરી ગુલામી અવસ્થામાં અસહ્ય જુલમ વેઠી રહ્યા હતા. એમાંથી છુટકારાની કોઈ આશા દેખાતી નહોતી. એવામાં પ્રભુએ મહાબળવાન હાથે તેમનો છુટકારો કર્યો. ખ્રિસ્તમાં આપણને મળેલા છુટકારામાં એવું જ બન્યું. શેતાન દ્વારા પાપનો પ્રવેશ પૃથ્વી પર થયો, અને માણસના અનાજ્ઞાંકિતપણાથી શેતાનની ગુલામી અને સમસ્ત માનવજાતનો વિનાશ ચારે પાસ ફેલાયાં હતાં. પણ પરમકૃપાળુ પરમેશ્વરની સનાતન યોજના પ્રમાણે પ્રભુપુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્તે ક્રૂસ પર બલિ બની જઈ આપણને છુટકારો પમાડયો, અને શાશ્વત જીવન બક્ષ્યું.

## બલિદાન અને લોહીનો છંટકાવ

એકમાત્ર ઈલાજ : મિસરની ગુલામીમાંથી અને મૃત્યુ-દૂતના સંહારમાંથી છુટકારો પામવાનો એક જ ઈલાજ હતો : હલવાનનો વધ અને ઘરના બારણે એના લોહીનો છંટકાવ. જે ઘરે લોહીનો છંટકાવ ન હોય તે ઘરમાંથી પ્રથમજનિત માર્યું જાય. અને પાસ્ખાનો વધારાયેલો હલવાન તો દેવના ખરા હલવાનની માત્ર પૂર્વછાયા હતો. ૧ કોરંથી ૫ : ૭ એ વાત સ્પષ્ટ કરે છે : "કેમ કે આપણા પાસ્ખાયજ્ઞ ખ્રિસ્તનું બલિદાન પણ [આપણી વતી] આપવામાં આવ્યું છે." યોહાન બાપ્તિસ્ત પણ પ્રભુ ઈસુને જોઈને કહે છે : "જુઓ, દેવનું હલવાન, જે જગતનું પાપ હરણ કરે છે" (યોહાન ૧ : ૨૯).

પાસ્ખાપર્વ એ માત્ર મિસરમાંથી છુટકારાની યાદગીરી નહોતી. એ પર્વ તો પાપમાંથી માનવજાતને છુટકારો પમાડવા ભવિષ્યમાં ક્રૂસ પર બલિ બની જઈ વધેરાનાર 'દેવના હલવાન' પ્રભુ ઈસુની પૂર્વછાયા હતું. બની ગયેલા બનાવ દ્વારા, ભવિષ્યમાં બનનાર બનાવે અંગેનું ભવિષ્યકથન હતું. ભવિષ્યમાં ક્રૂસ પર બનનાર બનાવ માટે આ પર્વ પાળવાનું હતું. પ્રભુ ઈસુના ક્રૂસ પરના બલિદાન સાથે પાસ્ખાના હલવાનની કેટલી બધી ઝીણી ઝીણી વિગતો મળતી આવે છે ! એ આપણે જોઈએ :

૧. નિસાન (આબીબ) માસના દશમા દિવસે હલવાન પસંદ કરવો, લેવો, અને રાખી મૂકવો. "આ માસને દશમે દિવસે તમ પ્રત્યેક પુરુષે પોતાને સારુ પોતાના બાપના ઘર પ્રમાણે અકેક હલવાન લેવું ... .. અને ચૌદમા દિવસ સુધી તમારે તે રાખી મૂકવો." (નિર્ગમન ૧૨ : ૩,૬). પ્રભુ ઈસુ વિષે બાઈબલ એવું જ લખે છે : "પણ ખ્રિસ્ત, જે નિષ્કલંક તથા નિર્દોષ હલવાન જેવો છે, તેના મૂલ્યવાન રકતથી તમારો ઉદ્ધાર કરવામાં આવ્યો છે. તે તો જગતના મંડાણની અગાઉ નિર્માણ થયેલો હતો ખરો, પણ તમારે સારુ આ છેલ્લા કાળમાં તે પ્રગટ થયો" (૧ પીતર ૧ : ૧૯,૨૦). આદમથી માંડીને પ્રભુ

ઈસુના સમય સુધી ૪,૦૦૦ વર્ષ થયાં. એક હજાર વર્ષ પ્રભુની આગળ એક દિવસ સમાન છે. એમ, આદમ અને હવા આગળ દુનિયાનાં માણસોને ઉદ્ધારક આવવાનું સૌ પ્રથમ વચન આપવામાં આવ્યું ત્યારથી ૪,૦૦૦ વર્ષ, એટલે કે ચાર દિવસ સંજ્ઞામય ભાષામાં ગણી શકાય. એમ, દશમા દિવસે લીધેલો હલવાન અગિયારમીથી ૧૪મી સુધીમાં ચાર દિવસ રાખી મૂકેલો ગણાય. પાસ્ખાનો હલવાન પણ ૧૦મીએ લઈ ૧૪મીએ કાપવામાં આવતો.

આમાં બીજા એક બહુ અગત્યના મુદ્દાનો ખુલાસો થઈ જાય છે. પ્રભુ ઈસુના બલિદાન દ્વારા માણસોની મુક્તિ સાધવાનો ઠરાવ ઈશ્વરપિતાએ ઓચિંતો પાછળથી નકકી કરેલો નહોતો. સંત પિતરની ઉપર જણાવેલી કલમ એ મુદો સ્પષ્ટ કરે છે, અને બતાવે છે કે જગતના મંડાણની અગાઉ ઈશ્વરપિતાએ એ ઠરાવ કર્યો હતો : "તે તો જગતના મંડાણની અગાઉ નિર્માણ થયેલો હતો...." (૧ પિતર ૧ : ૧૯, ૨૦). વળી પ્રકટીકરણ ૧૩ : ૮ કહે છે, "જેઓનાં નામ **સૃષ્ટિના મંડાણથી મારી નંખાયેલા હલવાનના** જીવનપુસ્તકમાં લખેલાં નથી....." ઈશ્વરની આ યોજના સનાતન સમયથી હતી.

૨. **"હલવાન એબરહિત તથા પહેલા વર્ષનો નર હોવો જોઈએ"** (નિર્ગમન ૧૨ : ૫). ૧ પિતર ૧ : ૧૯ એ જ વાત કહે છેઃ "પણ ખ્રિસ્ત, જે નિષ્કલંક તથા નિર્દોષ હલવાન જેવો છે, તેના મુલ્યવાન રકતથી તમારો ઉદ્ધાર કરવામાં આવ્યો છે." યશાયા ૫૩ : ૯ કહે છેઃ "કેમ કે તેણે અપકાર કર્યો નહોતો, ને તેના મુખમાં કપટ નહોતું." ૧ કોરિંથી ૫ : ૨૧ જણાવે છે "માટે જેણે પાપ જાણ્યું નહોતું, તેને તેણે આપણે વાસ્તે પાપરૂપ કર્યો." પિલાત હાકેમ કહે છે : "મને તો તેનામાં કંઈપણ ગુનો માલુમ પડતો નથી" (યોહાન ૧૮ : ૩૮; લૂક ૨૩ : ૪). પિલાતની પત્ની કહે છેઃ "તે ન્યાયીને તું કંઈ કરતો ના" (માથ્થી ૨૭ : ૧૯). યહૂદા ઈસ્કારિયોત કહે છે : "નિપરાધીનું લોહી પરસ્વાધીન કર્યાથી મેં પાપ કર્યુ છે" (માથ્થી ૨૭ : ૪). ક્રૂસે જડાયેલો

જમણી તરફનો બહારવટિયો કહે છે : "એણે કંઈ ખોટું કર્યું નથી...." હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે "(લૂક ૨૩ : ૪૨,૪૩). વળી હિબ્રૂ ૭ : ૨૬ માં પ્રભુ ઈસુ વિષે આપ્યું છે : "જે પવિત્ર, નિર્દોષ, નિષ્કલંક, પાપીઓથી અલગ છે." આજ સુધી દુનિયાની કોઈ વ્યકિત પ્રભુ ઈસુનો દોષ કાઢી શકી નથી, કેમ કે તે નિષ્કંલક, નિર્દોષ, એબરહિત હતો.

૩. **પાસ્ખાનું હલવાન તેમ જ પ્રભુ ઈસુ નિસાન માસના ચૌદમા દિવસની સાંજે કપાયા.** નિર્ગમન ૧૨ : ૨,૬ જણાવે છે : "આ (નિસાન) માસને તમારા માસોમાંનો પ્રથમ ગણવો; તે તમારા વર્ષનો પ્રથમ માસ ગણાય.... તે જ માસના ચૌદમા દિવસ સુધી તમારે તે (હલવાન) રાખી મૂકવો; અને ઇઝરાયલની આખી મંડળીના સમુદાયે તેને સાંજે કાપવો." માથ્થી ૨૬ : ૧૭ કહે છે, "અને બેખમીર રોટલીના પર્વને પહેલે દિવસે શિષ્યોએ ઈસુની પાસે આવીને કહ્યું કે તારે વાસ્તે પાસ્ખા ખાવાની અમે કયાં તૈયારી કરીએ ?" એ બતાવે છે કે આ નિસાન (યા આબીબ) માસ હતો, અને પાસ્ખાના પર્વનો દિવસ સાંજથી બેસવાનો હતો. વળી માર્ક ૧૪ : ૧૨ એવું જ કહે છે : "બેખમીર રોટલીના પર્વને પહેલે દિવસે **લોકો પાસ્ખાયજ્ઞ કરતા હતા,** ત્યારે તેના (ઈસુના) શિષ્યો તેને પૂછે છે કે, તું **પાસ્ખા ખાય** માટે અમે કયાં જઈને તૈયારી કરીએ, એ વિષે તારી શી ઈચ્છા છે?" અને તેઓએ ત્યાં પાસ્ખા તૈયાર કર્યું. સાંજ પડી ત્યારે બારની સાથે તે આવે છે ...." (માર્ક ૧૪ : ૧૬,૧૭). વળી જુઓ લૂક ૨૨ : ૭, ૧૩, ૧૪, ૧૫; યોહાન ૧૩ : ૧.

પ્રભુ ઈસુ ક્રૂસારોહણ થયા એ સાંજે યરુશાલેમના મંદિરમાં પાસ્ખાનો હલવાન કપાવાનો હતો. યોહાન ૧૯ : ૧૪ જણાવે છે : "હવે એ દિવસ પાસ્ખાની તૈયારીનો દિવસ હતો; અને આશરે બપોર થયા હતા. ત્યારે તે (પિલાત) યહૂદીઓને કહે છે કે, જુઓ, તમારો રાજા !" કલમ ૧૬. : "ત્યારે તેણે (પિલાત)તેને (ઈસુને) વધસ્તંભે

જડવાને તેઓને સોંપ્યો." કલમ ૩૧ "તે પાસ્ખાની તૈયારીનો દિવસ હતો....." કલમ ૪૨: "એ માટે તેઓએ યહૂદીઓના પાસ્ખાની તૈયારીના દિવસને લીધે ઈસુને ત્યાં જ મુકયો, કેમ કે તે કબર પાસે હતી."

યહૂદીઓની કાલમાનની ગણતરી પ્રમાણે તેમનો નવો દિવસ સાંજે ૬ વાગ્યાથી શરુ થતો, અને બીજા દિવસની સાંજ સુધી એ દિવસ ચાલતો. આપણો દિવસ રોમન ગણતરી પ્રમાણેનો હોઈને મધરાતે, બાર વાગ્યા પછી, આપણો નવો દિવસ શરૂ થાય છે, અને બીજી રાત્રે મધરાત સુધી એ દિવસ ચાલુ રહે છે. યહૂદીઓમાં નવો દિવસ સાંજે ૬ વાગ્યાથી શરૂ થતો. એ દિવસની સાંજ એટલે આવતી કાલે સાંજે ૩ થી ૬ સુધી એની સાંજ ચાલતી. એ પછી ૬ વાગ્યા પછી પણ સાંજ તો રહેતી જ, પણ તે નવા દિવસની શરૂઆતની સાંજ ગણાતી. એટલે જ 'તેને **સાંજે** કાપવો" (નિર્ગમન ૧૨ : ૬). એમાં "**સાંજ**" એ શબ્દ માટે હિબ્રૂમાં 'બે સાંજની "વચ્ચે" એવા શબ્દ વાપરેલા છે, પણ ગુજરાતી કે અંગ્રેજી તરજુમાઓમાં માત્ર "સાંજે" એટલું જ મૂકેલું છે. લેવીય ૨૩ : ૬ માં પણ "એટલે તે માસને ચૌદમે દિવસે **સાંજે** યહોવાનું પાસ્ખાપર્વ છે," ત્યાં પણ "**સાંજ**" માટે હિબ્રૂમાં "બે સાંજની વચ્ચે" આપ્યું છે. બપોરના ૩ થી ૬ સુધી આગલા દિવસની સાંજ, અને સાંજના ૬ થી માંડીને થોડોક સમય બીજા દિવસની સાંજ ગણાતી.

લૂક ૨૩ : ૪૪-૪૬ જણાવે છે : "હમણાં લગભગ બપોર* થયા હતા, અને ત્યારથી ત્રીજા પહોર (ત્રણ કલાક) લગી સૂરજનું તેજ ઘેરાઈ જવાથી આખા દેશમાં અંધકાર વ્યાપી રહ્યો. વળી મંદિરનો પડદો વચમાંથી ફાટી ગયો. ઈસુએ મોટી બૂમ પાડીને કહ્યું કે, ઓ

---

* ગુજરાતી તરજુમાએ અહીં ભૂલ કરી છે. ગ્રીક અને અંગ્રેજીમાં અહીં "આશરે છઠ્ઠો કલાક થયો હતો", એવું છે. ગુજરાતીમાં પણ એમ જ જોઈએ. અહીં ગ્રીક યા રોમન ગણતરી પ્રમાણે આપ્યું છે, નહિ કે યહૂદી ગણતરી.

પિતા, હું મારો આત્મા તારા હાથમાં સોપું છું.એમ કહીને તેણે પ્રાણ છોડયો."એ સાંજના ત્રણ વાગ્યાનો સમય થયો. ઈસુએ પ્રાણ છોડયો એ જ સમયે યરુશાલેમના મંદિરની વેદી ઉપર બલિ વધેરાઈ ચૂકયો હતો; અને ક્રૂસ પર સાંજે ત્રણ વાગ્યે "દેવનો" ખરો હલવાન" પણ વધેરાઈ ચૂકયો હતો.

એ જ વાત માર્ક ૧૫ : ૩૩-૩૭ પણ બતાવે છે : 'છઠ્ઠો કલાક થયો ત્યારે આખા દેશમાં નવમા કલાલ સુધી અંધકાર છવાઈ રહ્યો. **નવમા કલાકે** ઈસુએ મોટે ઘાંટે બૂમ પાડી કે, એલોઈ, એલોઈ, લામા સાબાખ્થાની, એટલે મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે? ........ ઈસુએ મોટી બૂમ પાડીને પ્રાણ છોડયો."સાંજના ૩ વાગ્યે પ્રભુ ઈસુએ પ્રાણ છોડયો. "નવમા કલાકે" એટલે સાંજના ત્રણ વાગે. દિવસના બાર કલાક સવારના ૬ વાગ્યાથી સાંજના ૬ સુધી ગણાતા; અને રાત્રીના બાર કલાક સાંજના ૬ થી સવારના ૬ સુધી ગણાતા. એમ, સવારના ૬ થી કલાકો ગણીએ તો બરાબર બપોરે ૬ કલાક પૂરા થાય, અને સાંજે ૩ વાગ્યે ૯ કલાક પૂરા થાય. નવમા કલાકે પ્રભુ ઈસુએ પ્રાણ છોડયા એટલે કે સાંજના અર્પણની વેળાએ ૩ વાગ્યે પ્રભુ ઈસુએ પ્રાણ છોડયા.

એમ, નિસાન (આબીબ) માસના ચૌદમા દિવસે સાંજે પાસ્ખાનો હલવાન પ્રતિ વર્ષે કપાતો હતો, એમ જ પ્રભુ ઈસુ પણ નિસાન (આબીબ) માસના ચૌદમા દિવસની સાંજે વધેરાયા. પાસ્ખાપર્વની સ્થાપના દ્વારા પ્રભુ પરમેશ્વરે પ્રભુ ઈસુના ક્રૂસ પરના બલિદાન વિષે કેવું અજાયબ ભવિષ્યકથન રજૂ કર્યું હતું.

**૪. લોહી છાંટવું એ સૌથી અગત્યનો મુદ્દો હતો:** પાસ્ખાના હલવાન વિષે પ્રભુએ ફરમાન આપ્યું હતું: "અને તેના રકતમાંથી લઈને, જે ઘરોમાં તેઓ તે ખાય, તેમની બંને બારસાખો ઉપર તથા ઓતરંગ ઉપર તેઓ છાંટે"..... અને તમે જે ઘરમાં રહો છોં તે ઉપરનું રકત તમારા લાભમાં ચિહનરૂપ થશે. અને જયારે હું મિસર

દેશ પર મરો લાવીશ, ત્યારે હું તે રકત જોઈને તમને ટાળી મૂકીશ, ને તમારો વિનાશ કરવાને તમારા પર મરકી નહિ આવે' (નિર્ગમન ૧૨ : ૭,૧૩). યહૂદીઓએ કાપેલા હલવાનનું લોહી લઈને ઘરના બારણાની બારસાખો તથા ઓતરંગ ઉપર છાંટવાનું હતું; તો જ એ ઘરનો બચાવ થાય. હલવાન કાપવું, અને તેનું માંસ ખાવું એ અગત્યનાં જરુર હતાં; પણ સૌથી વધુ અગત્યની વાત એનું લોહી બારણા પર છાંટવાની હતી. જો લોહીનો છંટકાવ થયો ન હોય તો મરકી એ ઘરને પણ ભરખી જાય.

એમ જ દેવનો હલવાન પ્રભુ ઈસુ ખ્રિસ્ત જગતમાં માનવ-દેહ ધારણ કરીને આવે, ક્રૂસ પર વધેરાઈ જાય, એ બધું અગત્યનું હતું જ; પણ એ લોહીનો છંટકાવ જો મારા તમારા હૃદયને દ્વારે ન છંટાય તો શેતાનના વરેલા વિનાશમાંથી હું કે તમે બચી શકવાના જ નહિ. લોહીનો છંટકાવ યા લોહીમાં નાહવું એટલે પ્રભુ ઈસુ મારે બદલે અને મારે માટે ક્રૂસ પર કુરબાન થઈ ગયા એવું વિશ્વાસથી સ્વીકારી લઈ પોતાની સોંપણી પ્રભુ ઈસુને કરવી. એ સ્વીકાર અને સોંપણી ઠાલા શબ્દોની નહિ, પણ નકકર નિશ્ચયની હોવી જરુરી છે. મંડળીના સભ્ય હોવું, બાપ્તિસ્મા લેવું, દાનાર્પણ આપવું, પ્રભુમંદિરમાં જવું, - એ બધું સારું છે. પણ ઉપર જણાવેલા સ્વીકાર અને સોંપણી વગર એકડા વિનાનાં મીંડાં જેવું છે.

બારસાખો ઉપર લોહી જમણે, ડાબે છાંટયા પછી ઉપર ઓતરંગ ઉપર છાંટીને હાથ નીચો લાવતાં આપોઆપ ક્રૂસની સંજ્ઞા બને છે. રોમન કેથોલિક ભાઈઓ બંને ખભા તરફ હાથ ફેરવી પછી કપાળે ફેરવે અને પછી હાથ નીચે લાવતાં ક્રૂસની સંજ્ઞા બને છે તેમ જ.

૫. **વધેરાયેલા હલવાનનું ભોજન કરવું** : યહૂદીઓને પ્રભુનું ફરમાન હતું : "અને તેઓ તે જ રાત્રે તે માંસ અગ્નિમાં શેકીને બેખમીર રોટલી સાથે ખાય" (નિર્ગમન ૧૨ : ૮). આમ તો આ મુદ્દો તદ્દન સાદો અને બિનમહત્વનો લાગે છે, પણ એમાં ખૂબ મહત્વ સમાયેલું છે. એનું મહત્વ પૂર્વછાયારૂપ હલવાનના કરતાં ખરા હલવાન

પ્રભુ ઈસુમાં વધુ સમાયેલું છે, કારણ પ્રભુ ઈસુના રકતનો હૃદયદ્વારે છંટકાવ પામ્યા પછી પ્રભુ ઈસુને જીવનમાં પચાવવા - ઉતારવા એ અગત્યનું છે.એ ખ્રિસ્તની સાથેની એકતાની સંગત સૂચવે છે. પ્રભુ ઈસુએ પોતે જ યોહાન ૬ : ૫૩-૫૮ માં યહૂદીઓને કહ્યું :

"હું તમને ખચીત ખચીત કહું છું કે, જો તમે માણસના દીકરાનું માંસ ન ખાઓ, અને તેનું લોહી ન પીઓ, તો તમારામાં જીવન નથી. જે કોઈ મારુ માંસ ખાય છે અને મારું લોહી પીએ છે, તેને અનંતજીવન છે. અને છેલ્લે દિવસે હું તેને પાછો ઉઠાડીશ. કેમ કે મારું માંસ ખરેખરું ખાવાનું છે, અને મારું લોહી ખરેખરું પીવાનું છે. જે મારું માંસ ખાય છે અને મારું લોહી પીએ છે, તે મારામાં રહે છે અને હું તેનામાં રહું છું. જેમ જીવતા બાપે મને મોકલ્યો છે, અને હું બાપને આશરે જીવું છું; તેમ જે મને ખાય છે, તે પણ મારે આશરે જીવશે. જે રોટલી આકાશમાંથી ઊતરી તે એ જ છે."

આ શબ્દો સાંભળીને શિષ્યોમાં કચકચ જાગી અને તેઓને કંઈ સમજણ પડી નહિ. એટલે એ વાકયોનો ખુલાસો કરતાં પ્રભુ ઈસુએ કહ્યું, "જે જિવાડે છે તે આત્મા છે; માંસથી કંઈ લાભ થતો નથી. જે વાતો મેં તમને કહી છે તે આત્મા તથા જીવન છે" (યોહાન ૬ : ૬૩). પ્રભુ ઈસુનાં વચનો જીવન છે. એ વચનો પર મનન કરતાં કરતાં ખ્રિસ્તને આપણા જીવનમાં અપનાવીએ, અને નિતનિત તેમના રૂપમાં રુપાંતર પામતા જઈએ એ તેમને આરોગવા બરાબર છે. જેમ હલવાનનું ભોજન આખરે આપણા શરીરમાં પરિણમે છે, તેમ પ્રભુ ઈસુને આરોગવાથી કે પચાવવાથી તે આપણું જીવન બની રહે છે, અને ખ્રિસ્તી ચાલ ચાલવાને શકિત મળી રહે છે.

ઘર બહાર લોહી છંટાયેલું, અને અંદર કાપેલા હલવાનનું ભોજન એ પ્રસંગથી જ "બેખમીર રોટલીનું પર્વ " શરૂ થઈ જાય છે. અને એ પર્વ પણ ખ્રિસ્ત સાથેની ખ્રિસ્તમય સંગત સૂચવે છે.

એક બાબત ધ્યાનમાં રાખવા જેવી છે. હલવાનને આરોગવું એ જરુરનું છે, પણ તેથી ઉદ્ધાર (છુટકારો) નથી. ઉદ્ધાર તો લોહીના છંટકાવ દ્વારા છે. પ્રભુ ઈસુ ઉપર શ્રદ્ધા રાખનાર જન ફકત "જગતના મંડાણથી મારી નંખાયેલા હલવાનના રકત દ્વારા જ ઉદ્ધાર પામે છે."

૬. **તેનું એકે હાડકું ન ભાંગે** (ગણના ૯ : ૧૨). પાસ્ખાના હલવાનને એવી રીતે કાપવામાં અને શેકવામાં આવતું કે એનું એકેય હાડકું ન ભાંગે. એ પ્રમાણેનું યહોવાનું ફરમાન હતું. વળી નિર્ગમન ૧૨ : ૪૬ માં પણ એ ફરમાન હતું, "અને તમારે તેનું એકે હાડકું ભાંગવું નહિ." વળી ગીતશાસ્ત્ર ૩૪ : ૨૦ માં એ વાત પ્રભુ ઈસુ માટે ભવિષ્યકથન તરીકે આપવામાં આવી છે કે, "તે તેનાં સર્વ હાડકાંનું રક્ષણ કરે છે; તેઓમાંનું એકે ભાંગવામાં આવતું નથી." યોહાન ૧૯ : ૩૩, ૩૭ માં પ્રભુ ઈસુના મૃત્યુ સમયની વાત રજૂ કરતાં આમ લખ્યું છે : "પણ જયારે તેઓ ઈસુની પાસે આવ્યા ત્યારે તેઓએ તેને મરણ પામેલો જોઈને તેના પગ ભાંગ્યા નહિ." ... "કેમ કે 'તેનું એકપણ હાડકું ભાંગવામાં આવશે નહિ'.એ શાસ્ત્રવચન પૂર્ણ થવા સારુ એમ બન્યું."

રોમન સરકારની પરવાનગી વિના યહૂદીઓએ જેમ સ્તેફનને પથ્થરે માર્યો, તેમ જો તેઓએ પ્રભુ ઈસુને પથ્થરે મારી નાખ્યા હોત તો તેમનાં હાડકાં પણ ભાંગ્યાં હોત, અને ભવિષ્યકથન ખોટું ઠરત કે, "તેનું એકપણ હાડકું ભાંગવામાં આવશે નહિ." યહૂદીઓમાં દેહાંતદંડની શિક્ષા પથ્થરે મારવાની હતી. પણ પરમેશ્વરની અગાઉથી ઠરાવેલી પરમ યોજના પ્રમાણે પ્રભુ ઈસુનું એકપણ હાડકું ભંગાવાનું નહોતું. એટલે યહૂદીઓ પિલાતના હાથમાં ઈસુનો કેસ સોંપે છે જેથી પિલાત મૃત્યુદંડની સજા ફરમાવે. ગુનેગારોને રોમનોની મૃત્યુદંડની સજા ક્રૂસ પર મારી નાખવાની હતી. ક્રૂસની સજામાં હાડકાં ભાંગવામાં આવતાં નહોતાં. બે બહારવટિયાના કેસમાં તો 'સાબ્બાથ'ને દિવસે તેઓ ક્રૂસ પર લટકાવેલા ના રહે માટે બંને બહારવટિયા હજી જીવતા

હતા ત્યારે તેમના પગનાં હાડકાં ભાગ્યાં જેથી તેઓ થોડી જ વારમાં મૃત્યુ પામે. પ્રભુ ઈસુની પાસે તેઓ આવ્યા ત્યારે તેઓએ પ્રભુ ઈસુને મૃત્યુ પામેલા જોયા. એટલે તેમના પગનાં હાડકાં ભાંગવાં ન પડયાં. આમ, ભવિષ્યકથન સાચું પડયું.

સામાન્ય રીતે કોઈ માણસના માત્ર પગ ભાંગવાથી ત્રણ-ચાર કલાકમાં મોત નથી આવતું. અકસ્માતમાં પગ કપાઈ જતાં એટલું જલદી મોત નથી આવતું. પણ ક્રૂસે જડાયેલા માણસના પગ ભાંગવાથી તે એકદમ મરી જાય છે. એની પાછળ કારણ છે. ક્રૂસે જડવાની રીત સાથે એ કારણને સંબંધ છે.

ક્રૂસ પર પગ નીચે ટેકા માટે એક પાટિયું રાખવામાં આવતું. એ પાટિયા પર ખીલા વડે બંને પગ જડી દેવામાં આવતા. કોઈવાર પાટિયા વગર પણ ક્રૂસના ઊભા લાકડા પર પગ જડી દેવામાં આવતા. ક્રુસના આડા લાકડે બંને હાથો ખૂબ પહોળા કરીને અદ્ધર ખીલા દ્વારા જડી દેવામાં આવતા. આમ, હાથો ખૂબ ખેચાયેલા રહેતા હોવાથી છાતીની પાંસળીઓ ઉપર તરફ ખેંચાયેલી રહેતી. તંગ છાતીને કારણે શ્વાસ લેવામાં ખૂબ તકલીફ ઊભી થતી; પરાણે શ્વાસ લેવાતો. એટલે ક્રૂસ પર જડાયેલો માણસ પારાવાર બેચેની અનુભવતો.

હાથ તેમ જ છાતી ઢીલાં થાય તો શ્વાસ લેવામાં રાહત મળે, એ હેતુથી ગુનેગાર માણસ પગ માટે ટેકાના લાકડા પર પગ બને તેટલા ઊંચા કરતો. એમ હાથ અને છાતી ઢીલાં પડતાં શ્વાસ લેવામાં કંઈક રાહત મળતી. પણ ઊંચા પગોમાં ખીલાને કારણે હવે કપરી વેદના ઊભી થતી. એટલે ગુનેગાર પાછો પગ નીચા કરતો. એટલે પાછી શ્વાસ લેવામાં તકલીફ થતી. ગુનેગાર આમ વારાફરતી હાથ અને પગોની હાલત બદલતો રહેતો.

પણ પગો વજનદાર હથોડા વડે ભાંગી નાખવામાં આવે, એટલે લબડી પડેલા પગોને ઊંચા કરી શકાય જ નહિ. એને લીધે હાથો તથા છાતી સતત તણાટ અનુભવ્યા કરતાં, અને શ્વાસ મહામહેનતે પારાવાર

વેદના સાથે જ લઈ શકાતો, અને એકાદ કલાક કરતાંયે ઓછા સમયમાં, શ્વાસ ન લેવાવાને કારણે ગુનેગાર મરણશરણ થતો. આમ, પેલા બે બહારવાટિયાના પગો ભાંગવામાં આવ્યા, એટલે સાંજના સાડાચાર કે પાંચ પહેલાં તેઓ મરી ગયા હશે, અને પછી તેમનાં શબ ઊતારી લીધાં હશે.

પ્રભુ ઈસુએ તો સાંજના ત્રણ વાગે પ્રાણ છોડયો હતો, તે વાત અગાઉ આપણે જોઈ ગયા. તેમણે પોતે જ "ઓ પિતા, હું મારો આત્મા તમારા હાથમાં સોપું છું " એમ કહીને પ્રાણ છોડયો (લૂક ૨૩:૪૬). એટલે સિપાઈઓ જોવા આવ્યા ત્યારે તો પ્રભુ ઈસુ મૃત્યુ પામેલા હતા. તેથી તેમના પગ ભાંગવામાં આવ્યા નહિ, અને એમ ભવિષ્યકથન પૂરું થયું.

૭. **ઈઝરાયલી કુટુંબોનો બચાવ; પ્રભુ ઈસુના બલિદાનમાં શ્રદ્ધાળુ લોકોનો પણ બચાવ.** તે રાત્રે મિસરમાં વહેવડાવેલું અને છાંટવામાં આવેલું રક્ત ઈઝરાયલી કુટુંબો માટે સંજ્ઞારૂપ હતું કે મૃત્યુ-દૂતની મરકીમાંથી - એટલે કે આવનાર ન્યાયકરણમાંથી તેઓ હવે બચી જશે. અને એમાં જ (લોહીમાં જ) પ્રભુએ, ઈઝરાયલી કુટુંબોએ પોતાનું વચન માન્યું છે, એનું નિશાન જોયું. "હું તે રક્ત જોઈને તમને ટાળી મૂકીશ, ને તમારો વિનાશ કરવાને તમારા પર મરકી આવશે નહિ" (નિર્ગમન ૧૨: ૧૩). આમ, ઉદ્ધારમાં પ્રથમ ગતિ ઈશ્વર પ્રતિની છે : ઈશ્વરની પવિત્ર માગણીઓ પહેલાં તો પૂરી કરવી તથા સંતોષવી જોઈએ, - અહીં ઘેટાના રકતથી, અને વિશ્વ માટે ખ્રિસ્તના મૃત્યુથી. ફરક એટલો જ કે ઘેટું તો ઈઝરાયલીઓએ પોતે પૂરું પાડયું, જયારે વિશ્વ માટે "દેવનો હલવાન" પરમપિતા પરમેશ્વરે પોતે પૂરો પાડયો ( યોહાન ૩ : ૧૬).

૮. **પરદેશી, પ્રવાસી, પગારે રાખેલો ચાકર, કે બેસુન્નતી પાસ્ખા ખાઈ ન શકે.** નિર્ગમન ૧૨ : ૪૩-૪૯ માં કોણ પાસ્ખા ખાઈ શકે અને કોણ ન ખાઈ શકે એની યાદી આપવામાં આવી છે.

યહૂદીઓના કુટુંબનો કે મૂલ્ય આપીને ખરીદેલો નોકર પાસ્ખા ખાઈ શકે, પણ ઉપર મથાળે આપેલી યાદીવાળા ન ખાઈ શકે, કારણ તેઓ કુટુંબના નથી, બહારના છે. એમ જ, પ્રભુ ઈસુનો વિશ્વાસથી સ્વીકાર કરીને - નવો જન્મ પામીને - જેઓ ખ્રિસ્તના કુટુંબના સભ્યો બન્યા છે, તેઓ જ ખ્રિસ્તના 'રકત' તથા 'માંસ'ના ભાગીદાર બની શકે છે. અન્ય લોકોને એમાં લાગભાગ ન હોઈ શકે. એટલે જ ૧ કોરિંથી ૧૧ : ૨૭-૩૨ માં સંત પાઉલે એ બાબત સ્પષ્ટ કરી છે.

●

# ૪

# બેખમીર રોટલીનું પર્વ : ખ્રિસ્ત સાથે મંડળીની સંગત

**બાઈબલપાઠ : નિર્ગમન ૧૨ : ૧૪** અને આ (પાસ્ખાનો)
દિવસ તમને સ્મરણાર્થે થાય, ને તમારે યહોવા પ્રત્યે એનું પર્વ પાળવું;
વંશપરંપરા તમારે નિત્યના વિધિથી તે પર્વ પાળવું. ૧૫ સાત દિવસ
તમારે બેખમીર રોટલી ખાવી; પહેલા જ દિવસથી તમારે તમારાં
ઘરોમાંથી ખમીર દૂર કરવું; કેમ કે પહેલા દિવસથી તે સાતમા દિવસ
સુધી જે કોઈ ખમીરી રોટલી ખાય તે માણસ ઇઝરાયલમાંથી નાબૂદ
કરાશે. ૧૬ અને પહેલે દિવસે તમારે પવિત્ર મેળાવડો, ને સાતમે
દિવસે પવિત્ર મેળાવડો ભરવો; તેઓમાં કંઈ કામ ન કરવું. કેવળ
પ્રત્યેક માણસને ખાવાની જરુર હોય, તેટલું જ તમારે કરવું. ૧૭ અને
તમારે બેખમીર રોટલીનું પર્વ પાળવું; કેમ કે એ જ દિવસે હું તમારાં
સૈન્યો મિસર દેશમાંથી કાઢી લાવ્યો છું. એ માટે તમારે વંશપરંપરા
એ દિવસને નિત્યના વિધિથી પાળવો. ૧૮ પહેલા માસના ચૌદમા
દિવસની સાંજથી માંડીને તે માસના એકવીસમા દિવસની સાંજ સુધી
તમારે બેખમીર રોટલી ખાવી. ૧૯ સાત દિવસ તમારા ઘરોમાં કંઈપણ
ખમીર રહેવું ન જોઈએ; કેમ કે જે કોઈ ખમીરી વસ્તુ ખાય તે માણસ
ઇઝરાયલની જમાતમાંથી નાબુદ કરાશે, પછી તે પરદેશી હોય કે
એતદેશી હોય. ૨૦ કંઈપણ ખમીરી વસ્તુ તમારે ખાવી નહિ. તમારાં
સર્વ રહેઠાણોમાં તમારે બેખમીર રોટલી ખાવી."

લેવીય ૨૩ : ૪-૮ યહોવાનાં મુકરર પર્વો, એટલે પવિત્ર મેળાવડા કે જે વિષે ઠરાવેલે સમયે તમારે ઢંઢેરો પિટાવવો તે આ
છે: [૫] પહેલા માસમાં એટલે તે માસને ચૌદમે દિવસે સાંજે યહોવાનું
પાસ્ખાપર્વ છે. [૬] અને એ જ માસને પંદરમે દિવસે યહોવાનું બેખમીર
રોટલીનું પર્વ છે; તમારે સાત દિવસ બેખમીર રોટલી ખાવી. [૭] પહેલે
દિવસે તમારે પવિત્ર મેળાવડો કરવો; તેમાં કોઈ સંસારી કામ ન કરવું
[૮]પણ સાત દિવસ તમારે યહોવાને હોમયજ્ઞ ચઢાવવો; સાતમે દિવસે
પવિત્ર મેળાવડો છે; તેમાં કંઈ કામકાજ કરવુ નહિ."

**બેખમીર રોટલીનું પર્વ :** 'યહોવાનાં સાત મુકરર પર્વો'માંનું બીજું બેખમીર રોટલીનું પર્વ છે. પાસ્ખાપર્વ ચૌદમીની સાંજે પાળવાનું હતું, અને એ જ સાંજે છ વાગ્યા પછી પંદરમીના દિવસની સાંજ શરુ થતી હતી, એટલે કે બેખમીર રોટલીનું પર્વ શરુ થતું હતું. આમ, 'પાસ્ખાપર્વ' અને 'બેખમીર રોટલીના પર્વ' વચ્ચે કોઈ ફાલતુ ગાળો આવતો નથી, કારણ, આ બે પર્વો એકબીજા સાથે ગાઢ સંબંધથી બંધાયેલાં છે. બેખમીર રોટલીનું પર્વ ઉદ્ધાર પામેલી વ્યકિતની પ્રભુ સાથેની સંગત સૂચવે છે. મિસરરૂપી જગતથી આ વ્યકિત હવે અલગ કરાઈ છે; અને તેની સંગત હવે જગત સાથેથી તૂટીને પ્રભુ સાથે જોડાઈ છે. રકતના છંટકાવ વગર એ સંગત અસંભવિત છે. પ્રભુ ઈસુનો હૃદયમા સ્વીકાર કર્યા વગર તેમની સાથે સંગત અશકય છે. પ્રભુ ઈસુના રકતનો છંટકાવ પામ્યા પછી જ તેમની સાથે સંગત સાધી શકાય. અને એ બે કૃત્યો વચ્ચે ખાલી ગાળો પણ અશકય છે. ખ્રિસ્તનો સ્વીકાર કરતાંની સાથે જ આ નવી સંગત સધાઈ જાય છે.

વળી 'બેખમીર રોટલીનું પર્વ' સાત દિવસ સુધી પાળવાનું ફરમાન છે. 'સાત'ની સંખ્યા સંપૂર્ણતા સૂચવે છે. એનો અર્થ એ થયો કે બારણે રકતનો છંટકાવ થયા પછી હવે મિસર સાથેનો સંબંધ **કાયમ માટે** તૂટયો છે. અને એમ જ પ્રભુ ઈસુના રકતનો છંટકાવ હૃદયદ્વારે પામ્યા પછી જગત સાથેનો સંબંધ **કાયમ માટે** તૂટે છે, અને ખ્રિસ્ત સાથેની સંગત કાયમ માટે બંધાય છે.

લેવીય ૨૩ : ૫-૮ માં આ પર્વ વિષે આવો ઉલ્લેખ છે : "પહેલા (નિસાન અથવા આબીબ) માસમાં, એટલે તે માસને ચૌદમે દિવસે સાંજે યહોવાનું પાસ્ખાપર્વ છે. અને એ જ માસને પંદરમે દિવસે યહોવાનું બેખમીર રોટલીનું પર્વ છે. તમારે સાત દિવસ બેખમીર રોટલી ખાવી. તે દિવસે તમારે પવિત્ર મેળાવડો કરવો; તેમાં કોઈ સંસારી કામ ન કરવું, પણ સાત દિવસ તમારે યહોવાને હોમયજ્ઞ ચઢાવવો. સાતમે દિવસે પવિત્ર મેળાવડો છે; તેમાં કંઈ કામકાજ કરવું નહિ."

વળી, નિર્ગમન ૧૨ : ૧૪-૨૦ માં પણ બેખમીર રોટલીની સ્થાપના ટાણે જે આદેશ આપવામાં આવ્યો છે. એ આ પ્રમાણે છે : "અને આ દિવસ (પાસ્ખાપર્વનો સ્થાપનાનો દિવસ) તમને સ્મરણાર્થે થાય, ને તમારે યહોવા પ્રત્યે એનું પર્વ પાળવું. વંશપરંપરા તમારે નિત્યના વિધિથી તે પર્વ (પાસ્ખાપર્વ) પાળવું. સાત દિવસ તમારે બેખમીર રોટલી ખાવી; પહેલા જ દિવસથી તમારે તમારાં ઘરોમાંથી ખમીર દૂર કરવું; કેમ કે પહેલા દિવસથી તે સાતમા દિવસ સુધી જે કોઈ ખમીરી રોટલી ખાય તે માણસ ઇઝરાયલની જમાતમાંથી નાબૂદ કરાશે. અને પહેલે દિવસે તમારે પવિત્ર મેળાવડો, અને સાતમે દિવસે પવિત્ર મેળાવડો ભરવો; તેઓમાં કંઈ કામ ન કરવું, કેવળ પ્રત્યેક માણસને ખાવાની જરૂર હોય, તેટલું જ તમારે કરવું. અને તમારે બેખમીર રોટલીનું પર્વ પાળવું; કેમ કે એ જ દિવસે હું તમારાં સૈન્યો મિસર દેશમાંથી કાઢી લાવ્યો છું; એ માટે તમારે વંશપરંપરા એ દિવસને નિત્યના વિધિથી પાળવો. પહેલા માસના ચૌદમા દિવસની સાંજથી માંડીને તે માસના એકવીસમા દિવસની સાંજ સુધી તમારે બેખમીર રોટલી ખાવી. સાત દિવસ તમારા ઘરોમાં કંઈપણ ખમીર રહેવું ન જોઈએ; કેમ કે જે કોઈ ખમીરી વસ્તુ ખાય તે માણસ ઇઝરાયલી જમાતમાંથી નાબૂદ કરાશે, પછી તે પરદેશી હોય કે એતદેશી હોય. કંઈપણ ખમીરી વસ્તુ તમારે ખાવી નહિ; તમારાં સર્વ રહેઠાણોમાં તમારે બેખમીર રોટલી ખાવી."

ઉપર આપવામાં આવેલાં બંને અવતરણોમાંથી બે બાબતો સ્પષ્ટ

તરી આવે છે : (૧) પાસ્ખાપર્વ અને બેખમીર રોટલીના પર્વ વચ્ચે કોઈ ખાલી સમયનો ગાળો રહેતો નથી. ચૌદમી સાંજે (ત્રણ વાગે કે એટલામાં) પાસ્ખાનું હલવાન કાપવાનું હતું, અને એ સાંજે ગમે ત્યારે એનું ભોજન લેવાનું હતું. યહૂદીઓની કાલમાનની ગણતરી પ્રમાણે સાંજે ૬ વાગ્યાથી પંદરમીનો દિવસ બેસી જતો હતો, એટલે કે એ સાંજે ૬ પછી નવો દિવસ શરૂ થતો હતો. પાસ્ખાનું ભોજન એ સમયે ચાલુ જ હતું. પ્રભુ ઈસુના રકતનો છંટકાવ હૃદયદ્વારે પામ્યા પછી તરત જ જગત સાથેનો સંબંધ તૂટે છે, અને ખ્રિસ્તની સાથે સંગત શરુ થાય છે. આ સંગત બેખમીર રોટલીના પર્વના સાત દિવસની અખંડતા (અથવા સંખ્યાની સંપૂર્ણતા) પરથી કાયમી ગણવી.

બીજો મુદ્દો આ બે અવતરણો પરથી ઊભો થાય છે તે ઇઝરાયલનાં સર્વ ઘરોમાંથી પાસ્ખાપર્વમાં અને બેખમીર રોટલીના સાતેય દિવસોમાં ખમીર દૂર કરવાનું ફરમાન છે. એનો અર્થ શો ? શા માટે આ પર્વોના દિવસોમાં ખમીર ન વાપરવા ફરમાન છે ? આપણે જોઈએ. (નીચેનો આ ખુલાસો લેખકના **બાઇબલ અભ્યાસ** ભાગ ૧ લો, નામના પુસ્તકના ૯૧-૯૨ મા પૃષ્ઠ પરથી લેવામાં આવ્યો છે) :

ખમીર બાઇબલમાં બધે જ ભૂંડાઈની ઉપમા તરીકે વપરાયું છે. ખમીર હંમેશાં લોટને ખાટો બનાવી ફીણ લાવી આથો ચઢાવે છે. આ એક પ્રકારનો 'સડો' છે. પાસ્ખાપર્વના તેમ જ બેખમીર રોટલીના પર્વના દિવસોમાં ઇઝરાયલી લોકોએ પોતાનાં ઘરોમાંથી ખમીરને બિલકુલ દૂર કરી દેવાનું તેઓને ફરમાન હતું, અને જો રહેવા દે તો તે કુટુંબને જમાતની બહાર કરવામાં આવે એવી શિક્ષા પણ જણાવવામાં આવી હતી. કારણ પાસ્ખાનું પર્વ એ પ્રભુ ઈસુના બલિદાનની પૂર્વછાયારૂપ હતું, અને પાસ્ખાના હલવાન તરીકે વધેરાનાર ઘેટું 'દેવના હલવાન' ઈસુ ખ્રિસ્તની ઉપમારૂપ હતું. એટલે ઈસુ ખ્રિસ્ત નિષ્કલંક હોઈ, તેની ઉપમારૂપના પાસ્ખાના પર્વમાં ભેળસેળ ફેલાવનાર ખમીરની હાજરી ન હોવી જોઈએ.

વળી, બેખમીર રોટલીના પર્વના સાતેય દિવસો દરમિયાન ખમીર ઈઝરાયલીઓનાં ઘરોમાંથી બિલકુલ દૂર રાખવાનું હતું, કારણ, પ્રભુ ઈસુના રકતનો છંટકાવ હૃદયદ્વારે પામનાર માણસો હવે જગતથી અળગા બનેલા અને નિષ્કલંક પ્રભુ ઈસુ સાથે પવિત્ર સંગત દાખવતા હોઈને ભૂંડાઈની ઉપમાસમું ખમીર આ સંગતમાં ન નિભાવી શકાય. એટલે જ બેખમીર રોટલીના પર્વના સાતેય દિવસો દરમિયાન પણ ઘરોમાંથી ખમીર દૂર રાખવા ફરમાવ્યું છે. બેખમીર રોટલીનું પર્વ ખ્રિસ્તી માણસની ખ્રિસ્ત સાથેની સંગતની પૂર્વછાયા છે.

એટલે જ ૧ કોરિંથી ૫ : ૬-૮ માં પાઉલ લખે છે, "તમે અભિમાન રાખો છો તે શોભતું નથી. થોડું ખમીર આખા લોંદાને ફુલાવે છે તે શું તમે નથી જાણતા ? તમે જૂના ખમીરને (જૂના જગતીપણાને) કાઢી નાખો, જેથી જેમ તમે બેખમીર છો તેમ તમે નવા લોંદારૂપ થઈ જાઓ.... એ કારણથી આપણે એ પર્વ જૂના ખમીરથી (જગતીપણાથી) નહિ, એટલે પાપ તથા દુષ્ટાતાના ખમીરથી નહિ, પણ નિખાલસપણાની તથા સત્યની બેખમીર રોટલીથી પાળીએ." અહીં પણ ખમીરને ભૂંડાઈની સાથે સરખાવ્યું છે. વળી પ્રભુ ઈસુ માથ્થી ૧૬ : ૬-૧૨ માં અને માર્ક ૮ : ૧૫ માં 'ફરોશીઓના ખમીરથી અને સાદુકીઓના ખમીરથી દૂર રહેવાનું કહે છે. વળી તે હેરોદના ખમીરથી પણ દૂર રહેવા સૂચવે છે. ફરોશીઓનું ખમીર એટલે જૂઠા સિદ્ધાંત, કાયદાબંધન, અને સામર્થ્ય વગરનું બાહ્ય કોચલું (બાહ્યાચરણો). સાદુકીઓનું ખમીર એટલે શંકાશીલપણું, દૂતો, અને પુનરુત્થાનમાં નહિ માનવું. હેરોદનું ખમીર એટલે ભૌતિકવાદ યા ધર્મ અને જગતીપણાનું મિશ્રણ. ગલાતી ૫ : ૯ માં પણ કહ્યું છે, "થોડું ખમીર લોટના આખા લોંદાને ખમીરી કરે છે." સંત પાઉલ આ કલમમાં પણ ખમીરને ભૂંડાઈના ભેળસેળિયા અર્થમાં જ વાપરે છે.

માથ્થી ૧૩ : ૩૩ માં પણ અપવાદ સિવાય, ખમીરને ભૂંડાઈના ભેળસેળની ઉપમા તરીકે જ પ્રભુ ઈસુએ વાપર્યું છે. "તેણે તેઓને બીજું દૃષ્ટાંત કહ્યું કે, આકાશનું રાજ્ય ખમીર જેવું છે કે, જેને એક

સ્ત્રીએ લઈને ત્રણ માપ લોટમાં મેળવી દીધું, એટલે સુધી કે તે બધો ખમીરવાળો થઈ ગયો."

ખમીરને તો લોટમાં છુપાવવું પડે છે, જ્યારે સુવાર્તાને તો પ્રગટ યા જાહેર કરવાની હોય છે. સુવાર્તા ખમીર પેઠે કામ કરતી નથી. ખમીરને તો લોટમાં મૂકવામાં આવે ત્યારે તે પોતાની આપોઆપ લોટના આખા લોંદાને ખમીરવાળો બનાવી દે છે. પણ તો સુવાર્તા વિષે એમ બનતું હોત તો જે ગામ, શહેર કે દેશમાં એક વખત સુવાર્તાપ્રચાર થાય તે આખું ગામ, શહેર કે દેશ આપોઆપ ખ્રિસ્તી બની જાત. અને એ જ રીતે આખી દુનિયા ખ્રિસ્તી બની જાત. પણ એથી ઊલટું, પ્રભુ ઈસુ તો જગતના અંત વિષે બોલતાં કહે છે કે "પરંતુ માણસનો દીકરો આવશે, ત્યારે પૃથ્વી પર તેને વિશ્વાસ જડશે શું ?" (લુક ૧૮ : ૮). અને "અન્યાય વધી જવાને કારણે ઘણાખરાનો પ્રેમ ઠંડો થઈ જશે" (માથ્થી ૨૪ : ૧૨). એનો અર્થ એ જ થયો કે આખી દુનિયા ખ્રિસ્તી બની નહિ જાય, પણ શેતાનનું રાજ પૂર જોશમાં ફેલાશે. આ દૃષ્ટાંત એટલું શીખવવા માગે છે કે 'આકાશનું રાજય.' એના મર્મરૂપમાં પૃથ્વી પર હશે ત્યાં સુદી એમાં ભૂંડાઈની (ખમીરરૂપી ભૂંડાઈની) ભેળસેળ પ્રવેશવાની છે.

આમ, ભૂંડાઈ અને ભેળસેળ કરનાર ખમીરને પાસ્ખાના પર્વમાં અને બેખમીર રોટલીના પર્વમાં કેવી રીતે લાગભાગ હોઈ શકે ? હા, ખમીર તો ભૂંડાઈ અને ભેળસેળના પ્રતીક તરીકે છે. પ્રભુ ઈસુ દેવનો હલવાન સંપૂર્ણ નિષ્કલંક હોઈને એની સંગતમાં ભૂંડાઈ, ભેળસેળ ઈત્યાદિ હોઈ શકે નહિ. એ દર્શાવવા ઘરોમાંથી ખમીરને દૂર કરવાનું ઇઝરાયલીઓને ફરમાન હતું. એવું જ બેખમીર રોટલીના પર્વમાં પણ, કારણ, એ સાત દિવસો પ્રભુ ઈસુની સાથેની સતત સંગત સૂચવે છે. ખ્રિસ્તમય જીવન અને ખ્રિસ્તમય ચાલ આ સંગતનાં જરૂરી અંગ છે. એટલે જ યોહાન કહે છે : "પણ જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ, તાં આપણને એકબીજાની સાથે સંગત છે" (૧ યોહાન ૧ : ૭).

આ સાત દિવસો દરમિયાન મિસરી લોકો પોતાનાં ઘરોમાંથી જો ખમીર દૂર રાખે, તો તે તેમને માટે કોઈ ફાયદો ઉપજાવે નહિ, કારણ, તેઓનાં ઘરોને બારણે હલવાનનું રકત છંટાયેલું નથી. "હલવાનનું રકત છંટાવું જોઈએ - અને એ જ અગત્યની બાબત છે. હલવાનનું રકત - એટલે કે પ્રભુ ઈસુનું બલિદાન જ સહીસલામતીની શરત છે. એ રકતના ઢાંકણ નીચે જ રક્ષણ છે, સહીસલામતી છે. વળી એ રકતના છંટકાવ વગર પ્રભુ ઈસુ સાથે સંગત અસંભવિત અને અશકય છે. પ્રભુ ઈસુના રકતનો છંટકાવ પામ્યા વગર, એટલે કે નવો જન્મ પામ્યા વગર પ્રભુ ઈસુને પસંદ પડે તેવાં કાર્ય આપણે કરી શકીએ નહિ. સંત ઓગસ્ટીને બરાબર જ કહ્યું છે કે, "નવો જન્મ પામ્યો નથી અથવા ખ્રિસ્તમાં મેળવાયો નથી એવા માણસનાં સદકૃત્યો ઈશ્વરની નજરમાં **'શોભીતાં પાપ'** જ છે. યશાયા પણ એવું જ લખે છે : " અમારાં સર્વ પુણ્યકર્મ મેલા લૂગડાના જેવાં છે' (યશાયા ૬૪:૬).

કહેવાય છે કે ચુસ્ત યહૂદી ઘરોમાં નિસાન માસની ચૌદમીએ પાસ્ખાપર્વ ટાણે ઘરનો વડો મીણબત્તી લઈને આખા ઘરમાં તપાસ કરે છે કે ઘરમાં કોઈ ઠેકાણે ખમીર રહી ગયું તો નથી ને ! આ તો માત્ર બાહ્ય વિધિ છે. પરંતુ પ્રભુ ઈસુના રકતમાં શુદ્ધ થયેલાં માણસોએ પ્રભુનાં વચનોરૂપી દીવો લઈને આપણાં હૃદયોમાં તપાસ કરવી જોઈએ કે આપણાં હૃદયોમાં અને જીવનમાં કયાંક તો ભૂંડાઈ ભરાઈ રહી નથી ને ! ભકત દાવિદ પ્રભુને કેવી સુંદર વિનંતી કરે છે કે, "હે ઈશ્વર, મારી પરીક્ષા કર, અને મારું અંતઃકરણ ઓળખ; મને પારખ, અને મારા વિચારો જાણી લે. મારામાં કંઈ દુરાચાર હોય તો તે તું જોજે, અને મને સનાતન માર્ગમાં ચલાવજે" (ગીતશાસ્ત્ર ૧૩૯ : ૨૩,૨૪). સંત યોહાને કેવું દિલાસાભર્યું લખ્યું છે ! - "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે" (૧ યોહાન ૧ : ૯).

●

# ૫

# પ્રથમફળની પૂળીનું પર્વ : પ્રભુ ઈસુનું પુનરુત્થાન

**બાઈબલપાઠ :** લેવીય ૨૩ : ૯-૧૪ [૯] અને યહોવાએ મોશેને
કહ્યું, કે [૧૦] ઈઝરાયલપુત્રોને એમ કહે કે જે દેશ હું તમને આપવાનો
છું તેમાં આવ્યા પછી તમે તેની ફસલ કાપો, ત્યારે તમારી ફસલના
પ્રથમ ફળની પૂળી તમારે યાજક કને લાવવી; [૧૧] અને તે તે પૂળીની
યહોવા આગળ આરતી ઉતારે, એ સારુ કે એ તમારે માટે માન્ય થાય.
સાબ્બાથને બીજે દિવસે યાજક તેની આરતી ઉતારે. [૧૨] અને તમે તે
પૂળીની આરતી ઉતારો તે દિવસ પહેલા વર્ષના એબરહિત એક નર
હલવાનનું તમારે યહોવાને દહનાર્પણ ચઢાવવું. [૧૩] અને તેને માટે
તેલમાં મોહેલા બે દશાંશ એફાહ મેંદાના ખાદ્યાર્પણનો સુવાસિત હોમયજ્ઞ
યહોવાને ચઢાવવો; અને તેની સાથે પા હિન દ્રાક્ષારસનું પેયાર્પણ
કરવું. [૧૪] અને તમે તમારા દેવની હજુરમાં એ અર્પણ રજૂ કરો, તે
દિવસ સુધી નવા ધાન્યની રોટલી તથા પોંક તથા લીલાં કણસલાં તમારે
ખાવાં નહિ. તમારી વંશપરંપરા તમારાં સર્વ રહેઠાણોમાં એ સદાનો
વિધિ થાય."

આ નવા વિભાગની શરૂઆત વિષે આપણે પ્રથમ જોઈ લઈએ. **'અને યહોવાએ મોશેને કહ્યું કે,'** એ શબ્દો, સિનાય પર્વત પરથી પ્રભુએ પોતાના લોકોને આપેલા આ બધા આદેશોમાં આ વિષયના પ્રત્યેક તાજા નવા વિભાગની નવી શરૂઆત સૂચવે છે. આ શબ્દો આપણને નવા સત્યના શિક્ષણ-વિભાગની શરૂઆત ઠેકાણે ઠેકાણે

સૂચવશે. એ શબ્દો આવે એટલે નવો વિભાગ અથવા બીજું એક સત્યશિક્ષણનું જૂથ સમજવું. અહીં જોકે બેખમીર રોટલીના પર્વની વાત છે, અને ભાષાની દ્રષ્ટિએ કોઈ નવો વિભાગ પાડેલો દેખાતો નથી, પણ પ્રભુ ઈસુના પુનરુત્થાનના એક નવા સત્ય શિક્ષણ વિષે આપવાનો વિભાગ શરૂ થાય છે એમ બતાવવા **અને યહોવાએ મોશેને કહ્યું કે**, શબ્દો વાપર્યા છે.

ખેતીપ્રધાન દેશમાં ઋતુઓ ઉપર, ખેતી ઉપર, પ્રથમફળ ઉપર અને પાક ઉપર ભાર મૂકવામાં આવે છે. અત્યારે જે શાસ્ત્રપાઠ આપણે જોવાનાં છીએ તેમાં પ્રથમફળ વિષે - એટલે કે પ્રથમફળની પૂળી વિષે ભાર મૂકવામાં આવ્યો છે. વળી આ પ્રકરણમાં આપણે **પ્રથમફળની પૂળીના પર્વ** વિષે જોવાનાં છીએ. આમ આ પર્વ ખેતીના વિષય સિવાય બીજા કોઈ હેતુ વગરનું ઉપર ઉપરથી દેખાય છે. પણ આપણે થોડીવારમાં જોઈશું કે એ પર્વની ઉજવણીમાં લગભગ પંદરસો વર્ષ પછી પૂર્ણ થનાર ભવિષ્યકથન સમાયેલું હતું. બીજી એક બાબત ધ્યાનમાં રાખવાની કે હજી ઇઝરાયલ લોકો અરણ્યમાં મુસાફરી કરતા હતા, અને ખેતીજીવનથી તેઓ અપરિચિત હતા તે સમયે તેમને આ પ્રથમફળની પૂળીનું પર્વ પાળવા ફરમાન મળ્યું હતું. સાથે કહેવામાં આવ્યું હતું તે **"જે દેશ હું તમને આપવાનો છું તેમાં આવ્યાં પછી"** તમારે આ કરવાનું છે.

પાસ્ખાપર્વની સાથે જોડાયેલાં બે પર્વ છે : બેખમીર રોટલીનું પર્વ, અને પ્રથમફળનું પર્વ. પંદરમીથી ૨૧મી સુધી બેખમીર રોટલીનું પર્વ રહેતું. એ પર્વમાં જે સાબ્બાથ (શનિવાર) આવતો તેની પછીના દિવસે એટલે કે અઠવાડિયાના પહેલા દિવસે હાલના નામ પ્રમાણે (રવિવારે) 'પ્રથમફળનું પર્વ' આવતું. અને નવા કરારમાં એ સ્પષ્ટ જણાવ્યું છે કે બેખમીર રોટલીના સપ્તાહનો સાબ્બાથ (શનિવાર) પૂરો થયા પછી અઠવાડિયાને પહેલે દિવસે (રવિવારે) પ્રભુ ઈસુ મૃત્યુંજય બનીને કબરમાંથી નીકળી આવ્યા. માર્ક ૧૬ : ૧,૨. 'વિશ્રામવાર (સાબ્બાથ - શનિવાર) વીતી ગયા પછી .... અઠવાડિયાને પહેલે

દહાડે (રવિવારે) મોટે પરોઢિયે સૂરજ ઊગતે તેઓ કબરે આવે છે." વળી જુઓ માથ્થી ૨૮ : ૧ "અને વિશ્રામવાર (સાબ્બાથ-શનિવાર)ની આખરે, અઠવાડિયાને પહેલે દિવસે (રવિવારે) પોહ ફાટયો ત્યારે મરિયમ માગ્દાલેણ તથા બીજી મરિયમ કબરને જોવા આવી." તેઓ કબરે આવી ત્યારે કબર ખાલી હતી. દૂતે તેમને કહ્યું કે, "તે અહીં નથી, પણ ઊઠયો છે" (લૂક ૨૪ : ૬). યહોવાનાં સાત મુકરર પર્વોમાંનું આ ત્રીજું પર્વ ' પ્રથમફળનું પર્વ' એ પ્રભુ ઈસુના 'પુનરુત્થાન દિન'ની પૂર્વછાયા યા સંજ્ઞા હતી. પાસ્ખાપર્વ પ્રભુ ઈસુ ક્રૂસ પર 'દેવના હલવાન' તરીકે વધેરાયા તેની પૂર્વછાયા; બેખમીર રોટલીનું પર્વ છુટકારો (મુક્તિ) પામેલા લોકોની ખ્રિસ્ત સાથેની સંગતની પૂર્વછાયા; અને '**પ્રથમફળનું પર્વ**' તે પ્રભુ ઈસુના પુનરુત્થાનની પૂર્વછાયા.

પણ એને 'પ્રથમફળનું પર્વ' કેમ કહેવામાં આવ્યું ? આપણે જોઈએ. પ્રથમ તો ૧ કોરીંથી ૧૫ : ૨૦-૨૩ જોઈએ : "પણ ખ્રિસ્ત તો **મૂએલાંમાંથી** ઊઠયો છે, અને તે ઊંઘી ગયેલાંનું (મૃત્યુ પામેલાંનું) **પ્રથમફળ** થયો છે. કેમ કે માણસ દ્વારા મરણ થયું, માટે માણસ દ્વારા મૂએલાંનું પુનરુત્થાન પણ થયું. કેમ કે આદમ દ્વારા સર્વ મરે છે, તેમ જ વળી ખ્રિસ્ત દ્વારા સર્વ સજીવન થશે. પણ દરેકને પોતપોતાને અનુક્રમેઃ **ખ્રિસ્ત પ્રથમફળ**; ત્યાર પછી જેઓ ખ્રિસ્તના છે તેઓને તેના આવવાની વેળાએ (સજીવન કરવામાં આવશે.)" વળી કોલોસી ૧ : ૧૮ માં ખ્રિસ્ત વિષે એવું જ લખ્યું છે : "તે આરંભ, એટલે મૂએલાંમાંથી પ્રથમ ઊઠેલો છે." આ **પ્રથમ ઊઠેલો** શબ્દોને માટે મૂળ ગ્રીક ભાષામાં 'પ્રોતોતોકોસ' શબ્દ છે, તેનો શબ્દાર્થ 'પ્રથમજનિત', અથવા 'મૂએલાંમાંથી પ્રથમજનિત' થાય છે. એનો ભાવાર્થ 'મૂએલાંમાંથી પ્રથમ ઊઠેલો' યા 'પ્રથમફળ' થાય. એ જ શબ્દ 'પ્રોતોતોકોસ' પ્રકટીકરણ ૧ : ૫ માં પણ આપ્યો છે, અને ત્યાં પણ ઉપર જણાવેલો જ અર્થ થાય છે. અંગ્રેજીમાં પહેલી જગાએ 'ફર્સ્ટબોર્ન' અને બીજી જગાએ (પ્રકટીકરણ ૧ : ૫) 'ફર્સ્ટ બીગોટન' છે. એ શબ્દોમાં પણ 'પ્રથમફળ'ની જ ભાવના છે. રોમન ૮ : ૨૯ માં પણ જયેષ્ઠ થાય,

એમાં પણ એવી જ ભાવના છે. (પ્રોતોતોકોસ). એમ પ્રભુ ઈસુ મૃતજનોમાંથી બહાર નીકળી આવનાર 'પ્રથમફળ' હોઈને પ્રથમફળનું પર્વ એની પૂર્વછાયા હતું. લગભગ ૨,૦૦૦ વર્ષ પૂર્વ યહોવાએ મોશે મારફતે ઈઝરાયલ લોકોને આ સાત મુકરર પર્વો પાળવાનો આદેશ આપ્યો ત્યારે એમાં પ્રભુ ઈસુના પુનરુત્થાન અંગેનું ભારોભાર ભવિષ્યકથન હતું.

એને પ્રથમફળનું પર્વ કહેવાનો બીજો પણ હેતુ હતો. ખેતરમાંથી પ્રથમ લીધેલાં કણસલાં કે મકાઈદોડા, અથવા વાડીમાંથી લીધેલી આંબાની પ્રથમ શાખ - એ બધું 'પ્રથમફળ' હોઈને ખાતરી આપે છે કે આની પાછળ યોગ્ય સમયે મબલક પાક ઊતરવાનો છે. એમ, મૂએલાંમાંથી પ્રથમફળ તરીકે ઊઠેલા પ્રભુ ઈસુ ખ્રિસ્ત એવી ખાતરી આપે છે કે બીજાં ઘણા બધા ઊઠવાનાં છે.

"તમારી ફસલના પ્રથમફળની પૂળી તમારે યાજક કને લાવવી." (લેવીય ૨૩ : ૧૦). એ બતાવે છે કે જે દાણો જમીનમાં દટાઈને મરી ગયો, તે દાણામાંથી બહાર આવેલા કણસલામાંથી મબલક જીવંત દાણા ઊતર્યા. પ્રભુ ઈસુએ એ વિષે કેવું સરસ સત્કથન કર્યું છે! "હું તમને ખચીત ખચીત કહું છું, જો ઘઉંનો દાણો ભોંયમાં પડીને મરી નહિ જાય, તો તે એકલો રહે છે. પણ જો તે મરી જાય, તો તે ઘણાં ફળ આપે છે" (યોહાન ૧૨ : ૨૪). એમ, પ્રભુ ઈસુ માનવી દેહ ધરે અને મરી જાય, તો જ તે પ્રથમફળ બને, અને તો જ પાછળ બીજાં મૃત્યુવાસમાંથી પાછાં ઊઠે. પ્રભુ ઈસુ મૂએલાંમાંથી ઊઠે એ અગત્યનું, હા અતિ અગત્યનું હતું. તેઓ ક્રૂસ પર આપણે માટે બલિદાન બને એ જરુરી હતું, પણ જો તેઓ ઉત્થાન પામ્યા ન હોત, તો એમનું બલિદાન વ્યર્થ ગયું હોત, કોઈનો ઉદ્ધાર થાત નહિ, - ઉદ્ધારના કાર્ય પર મહોર વાગત નહિ, અને મૃત્યુમાંથી કોઈ કદી સજીવંત બનત નહિ. એમ, આ 'પ્રથમફળનું પર્વ' પૂર્વછાયારૂપ અને પ્રભુ ઈસુનું પુનરુત્થાન અતિ અગત્યનાં હતાં. અને પ્રથમફળનું પર્વ

સૂચવીને ઈશ્વરે પ્રભુ ઈસુના થનાર પુનરુત્થાન વિષે ૨,૦૦૦ વર્ષ અગાઉ ભવિષ્યકથન તરીકે જાહેરાત કરી દીધી હતી.

યહૂદી વર્ષના પ્રથમ માસની (નિસાન યા આબીબ માસની) ફસલની પહેલી પૂળી લઈને તેની આરતી ઈશ્વરની આગળ ઉતારવામાં આવતી. બધી ફસલ હાલ ઉતારવામાં આવતી નહિ; ફકત પ્રથમફળ તરીકે એક પૂળી જેટલું ઉતારી તેની પૂળી બાંધી ઈશ્વરની સમક્ષ એની આરતી ઉતારવામાં આવતી. પ્રતિ વર્ષ પ્રથમફળના પર્વ તરીકે ઉજવવામાં આવતા ભવિષ્યકથનનો એક જ સ્પષ્ટ અર્થ નીકળે છે કે, બધાં મૃતજનો એકસામટાં ઊઠવાનાં નથી, પણ પ્રથમફળ તરીકે પ્રભુ ઈસુ મૂએલાં મધ્યેથી ઊઠશે; અને પાછળથી ખ્રિસ્તના પુનરાગમન સમયે "જેઓ ખ્રિસ્તનાં છે" તેઓ ઊઠશે. ખ્રિસ્ત રહિતનાં બાકી રહેલાં મૂએલાં એ પછી ૧,૦૦૦ વર્ષ પછી ઊઠશે.

જૂના કરારના સમયમાં યહૂદી લોકો સામાન્ય પુનરુત્થાનમાં માનતા તો હતા જ. અને જૂના કે નવા કરારમાં જયાં જયાં ' મૂએલાંનું પુનરુત્થાન' શબ્દો વપરાયેલા છે ત્યાં ત્યાં બધાં માણસોનું પુનરુત્થાન થવાનું છે એવી વાત કહેવામાં આવેલી છે. આજે પણ ખ્રિસ્તી મંડળીમાં મોટા ભાગના લોકો બધાંના (ભૂંડા- ભલા બધાંના) એકસામટા સામાન્ય પુનરુત્થાનમાં માને છે. પણ નવા કરારમાં જે 'ખાસ પુનરુત્થાન' અથવા 'પહેલા પુનરુત્થાન' વિષેનું જે ખાસ શિક્ષણ છે તેની તેમને ખબર પણ નથી હોતી.

કોરિંથીઓના પહેલા પત્રના ૧૫ મા અધ્યાયની ૨૦ થી ૨૩ કલમો આપણે અગાઉ જોઈ ગયા, છતાં ફરીથી જોઈ લઈએ : "પણ ખ્રિસ્ત તો **મૂએલાંમાંથી** ઊઠયો છે, અને તે ઊંઘી ગયેલાંઓનું પ્રથમફળ થયો છે.... કેમ કે જેમ આદમ દ્વારા સર્વ મરે છે, તેમ જ વળી ખ્રિસ્ત દ્વારા સર્વ સજીવન થશે. પણ દરેકને પોતપોતાને અનુક્રમે: ખ્રિસ્ત પ્રથમફળ; ત્યાર પછી જેઓ ખ્રિસ્તના છે તેઓને તેના આવવાની વેળાએ સજીવન કરવામાં આવશે."

એમાં "મૂએલાંમાંથી ઊઠયો છે" એ વિશિષ્ઠ શબ્દો છે. **મૂએલાંમાંથી** એ શબ્દો **મૂએલાંનું** શબ્દ કરતાં ખાસ પુનરુત્થાન વિષે જણાવે છે. 'મૂએલાંનું પુનરુત્થાન' એટલે માણસો બધાં ઊઠવાનાં છે. પણ 'મૂએલાંમાંથી' એટલે મૃત્યુ પામેલાં લોકો મધ્યેથી અમુક લોકો નીકળી આવશે એવા ખાસ પુનરુત્થાન વિષેનું એમાં શિક્ષણ છે. પ્રકટીકરણ ૨૦: ૫-૬ માં આ વિષે બિલકુલ સ્પષ્ટ કરવામાં આવ્યું છે, "મૂએલાંમાંનાં જેઓ બાકી રહ્યાં તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ. **એ જ પહેલું પુનરુત્થાન છે.** પહેલા પુનરુત્થાનમાં જેને ભાગ છે તે ધન્ય તથા પવિત્ર છે; એવાંઓ પર બીજા મરણનો અધિકાર નથી."

માર્ક ૯: ૯ માં આપ્યું છે: તેણે (ઈસુએ)તેઓને (શિષ્યોને) ફરમાવ્યું કે, તમે જે જોયું છે તે માણસના દીકરો **મૂએલાંમાંથી પાછો ન ઊઠે** ત્યાં સુધી કોઈને કહેતા ના. "ત્યાં પણ મૂએલાંઓની મધ્યેથી" અર્થ છે. એવું જ પ્રેરિતોનાં કૃત્યો ૩ ; ૧૫; ૧૩ : ૩૦. રોમન ૪ : ૨૪ ; ૮ : ૧૧. એફેસી ૧ : ૨૦. ૧ પિતર ૧ : ૩, ૨૧ એ બધી કલમોમાં મૂએલાંમાંથી એટલે કે મૂએલાંઓની મધ્યેથી ઊઠી યા નીકળી આવવાની વાત છે.

**ફિલીપી** ૩ : ૧૧ માં પાઉલ પોતાના વિષે કહે છે : "અને હું કોઈપણ રીતે મૂએલાંઓના પુનરુત્થાનને પહોંચું." એમાં તરજુમો ખોટો છે. ત્યાં "મૂએલાં મધ્યેથી થનારા પુનરુત્થાનને પહોંચું" એમ જોઈએ. અને એ અર્થમાં રીવાઈઝડ સ્ટાન્ડર્ડ આવૃતિ, એન.ઈ.બી. આવૃત્તિ, જેરુશાલેમ બાઇબલ, તેમ જ રોમન કેથોલિક ન્યુ અમેરિકન બાઈબલ (નવો કરાર), એ બધાંએ લીધું છે.નવા કરારના સૌથી પુરાણા મળી આવેલા હસ્તલેખોમાં પણ "મૂએલાંમાંથી થનાર પુનરુત્થાનને પહોંચું." એમ છે [જેમીસન, ફોસેટ, બ્રાઉન કોમેન્ટરી].

લૂક ૨૦ : ૩૫ માં એવી જ વાત છે : "પણ જેઓ તે જગતને (નવી પૃથ્વીને) તથા **મૂએલાંમાંથી પુનરુત્થાન પામવાને** યોગ્ય ગણાય

છે, તેઓ પરણતાં નથી અને પરણાવાતાં નથી; કેમ કે તેઓને ફરીથી મરવાનું નથી; કારણ કે તેઓ દેવદૂતોના સરખાં છે; અને પુનરુત્થાનના દીકરા હોવાથી તેઓ દેવના દીકરા છે." અહીં 'મૂએલાંમાંથી પુનરુત્થાન' શબ્દો માટે મૂળ ગ્રીક ભાષામાં "તેસ આનાસ્તાસિયોસ તેસ એક નેક્રોન' છે, જેનો અર્થ કંઈક આવો થાય છે : " મૂએલાં મધ્યેથી બહાર નીકળી આવવાનું પુનરુત્થાન, "એટલે પહેલુ પુનરુત્થાન" (પ્રકટીકરણ ૨૦ : ૫,૬).

આ ખાસ યા પ્રથમ પુનરુત્થાન વિષે જૂના કરારમાં કોઈ જ સીધો ઉલ્લેખ નથી. જૂના કરારના સમયના યહૂદીઓ, જેમ આગળ આપણે જોઈ ગયા તેમ, માત્ર એટલું જ જાણતા હતા કે તે સૌ કોઈનું પુનરુત્થાન થવાનું છે. એટલે જ માર્ક ૯ : ૯ માં પ્રભુ ઈસુએ શિષ્યોને જયારે ફરમાવ્યું કે, "તમે જે જોયું છે તે માણસનો દીકરો મૂએલાંમાંથી (= મૂએલાંઓની મધ્યેથી) પાછો ન ઊઠે ત્યાં સુધી કોઈને કહેતા ના," ત્યારે શિષ્યોએ વાત, એટલે કે મૂએલાંઓની મધ્યેથી નીકળી આવવું એ, સમજી શકયા નહિ. દશમી કલમમાં લખ્યું છે : "તેઓએ તે વાત મનમાં રાખી, ને મૂએલાંમાંથી પાછા ઊઠવું **એ શું હશે**, તે વિષે માંહોમાંહે વિવાદ કરતા હતા." જો તેઓ **ખાસ યા પ્રથમ** પુનરુત્થાન વિષે જાણતા હોત, તો અચંબો પામત નહિ, અને એકબીજાને પૂછપરછ કરત નહિ.

એટલે જ સંત પાઉલ ૧ કોરિંથી ૧૫ : ૫૧ માં 'પ્રથમ પુનરુત્થાન' વિષે જણાવતાં કહે છે : **"જુઓ, હું તમને એક રહસ્ય કહું છું!"** આપણે સર્વ ઊંઘીશું નહિ, પણ છેલ્લું રણશિગડું વાગતાં જ, એક ક્ષણમાં, આંખના પલકારામાં આપણ સર્વનું રુપાંતર [થઈ] જશે; કેમ કે રણશિગડું વાગશે, અને મૂએલાં અવિનાશી થઈને ઊઠશે, અને આપણું રુપાતંર થશે." જૂના કરારથી માંડીને પાઉલે કહ્યું ત્યાં સુધી મૂએલાંઓની મધ્યેથી થનારા આ પહેલા પુનરુત્થાનની વાત એ એક **રહસ્ય** હતું. સંત પાઉલે અત્યારે એ જાહેર કર્યું.

યહૂદી કેલેન્ડરના પ્રથમ માસના (નિસાન યા આબીબ માસના) ૧૪ મા દિવસે પ્રતિ વર્ષની જેમ આ વખત પણ પાસ્ખાપર્વ પાળવામાં આવ્યું, અને ૧૫મીથી બેખમીર રોટલીનું પર્વ શરૂ થયું, અને એમાં આવતા સાબ્બાથ (શનિવાર) પછીના દિવસે (રવિવારે) પ્રથમફળનું પર્વ ઊજવવામાં આવ્યું. એ જ દિવસે પ્રભુ ઈસુ મૃત્યુંજય બનીને કબરમાંથી નીકળી આવ્યા. અને એ જ દિવસે (રવિવારે) યરુશાલેમના મંદિરમાં યાજક, પ્રતિ વર્ષની જેમ, પ્રથમફળની પૂળી લઈને પ્રભુ પરમેશ્વરની આગળ આરતી ઉતારતો હશે, જેથી પ્રભુ પરમેશ્વર એ પ્રથમફળની પૂળીને લોકોની ખાતર માન્ય કરે,- યા સ્વીકારે. પણ એ પૂળી જેની પૂર્વછાયા હતી તે પ્રભુ ઈસુને તો પ્રભુ પરમેશ્વર વાડીમાંની યોસેફની કબરમાંથી જીવંત ઉઠાડીને આપણી ખાતર માન્ય કરી લીધા છે,- સ્વીકારી લીધા છે. પૂળીરૂપ પૂર્વછાયા હવે પૂરી થઈ ગઈ છે, અને મૂએલાંના ખરા **પ્રથમફળ** તરીકે પ્રભુ ઈસુ મૂએલાં મધ્યેથી જીવંત બની ઊઠયા છે; પ્રભુ પિતાએ તેમને આપણે માટે સ્વીકારી લીધા છે.

પ્રથમફળના પર્વમાં આરતી માટે ધરવામાં આવતી પૂળી પ્રભુ ઈસુના પુનરુત્થાનનું પ્રતીક યા પૂર્વછાયા છે. એટલું જ નહિ, પણ એમાં પ્રભુના અર્પયેલા લોક તરીકે આપણા પુનરુત્થાનની પણ ખાતરી છે. "હું જીવું છું, માટે તમે પણ જીવશો" (યોહાન ૧૪ : ૧૯), એમાં આપણા પુનરુત્થાનની એવી જ ખાતરી પ્રભુ ઈસુએ પોતે આપી છે.

લેવીય ૨૩ : ૧૧ માં યહોવાએ કહ્યું કે, "અને તે (યાજક) તે પૂળીની યહોવા આગળ આરતી ઉતારે, **એ સારુ કે, એ તમારે માટે માન્ય થાય.**" "એ તમારે માટે માન્ય થાય." એ વચન આપણે માટે કેવા મોટા આનંદની વાત કહેવાય ! એ પૂર્વછાયાનું કેવું મૂળભૂત રૂપ હિબ્રૂ ૯ : ૨૪ માં આપ્યું છે ! "કેમ કે ખ્રિસ્ત .... આકાશમાં જ ગયો, કે તે હમણાં આપણે સારુ દેવની સમક્ષ હાજર થાય." જેમ પ્રથમફળની પૂળીની આરતી યહોવાની આગળ ઉતારવામાં આવે ત્યારે એ પૂળીનું અર્પણ ધરનારને માટે યહોવા માન્ય કરે, તેમ જ પ્રભુ ઈસુ

આપણા વતી પરમપિતા પરમેશ્વરની આગળ માન્ય થયા છે, અને આપણા વતી દેવની આગળ હાજર થયા છે. એનો અર્થ એ જ કે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આપણે પણ પરમપિતા પરમેશ્વરની આગળ માન્ય થઈ ચૂકયા છીએ ! કેવી ધન્ય વાત ! હાલેલૂયા ! હું પાપી હોઠોનો માણસ, તુચ્છ માણસ, છતાં મારા ધન્ય સ્વામી અને મારા ઉદ્ધારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં અને તેમને લીધે, પરમપિતા પરમેશ્વરની આગળ, સ્વીકાર્ય થઈ ચૂકયો છું ! હું કેવો ધન્ય ધન્ય ! મારો આનંદ કેવો મોટો ! કેવો અપાર ! હાલેલૂયા !

●

# ૬

# પચાસમા દિનનું પર્વ : મંડળીનો જન્મ

**બાઈબલપાઠ :** લેવીય ૨૩ : ૧૫-૨૧. ૧૫ અને તે સાબ્બાથ
પછીના બીજા દિવસથી, એટલે જે દિવસે તમે આરત્યર્પણની પૂળી
લાવો, ત્યારથી માંડીને સાત સાબ્બાથ પૂરા થયા ત્યાં સુધી તમારે
ગણવું; ૧૬ એટલે સાતમા સાબ્બાથના બીજા દિવસ સુધીના પચાસ
દિવસ તમારે ગણવા; અને [પચાસમે દિવસે] તમારે યહોવાને નવું
ખાદ્યાર્પણ ચઢાવવું. ૧૭ તમારાં મકાનોમાંથી બે દશાંશ [એફાહ]ની
આરતીની બે રોટલી તમારે લાવવી; તેઓ યહોવાને સારુ પ્રથમફળના
અર્પણને માટે મેંદાની તથા ખમીર સહિત પકાવેલી હોય. ૧૮ અને તે
રોટલી સાથે પહેલા વર્ષનાં એબરહિત સાત હલવાન તથા એક વાછરડો
તથા બે ઘેટા તમારે રજૂ કરવા. તેઓ, તેમનાં ખાદ્યાર્પણ તથા પેયાર્પણો
સુદ્ધાં, યહોવાને સારુ દહનાર્પણ, એટલે યહોવાને સારુ સુવાસિત
હોમયજ્ઞ થાય. ૧૯ અને તમારે પાયાર્થાર્પણને સારુ એક બકરો, તથા
શાંત્યર્પણોના યજ્ઞને સારુ બે નર હલવાન ચઢાવવા. ૨૦ અને યાજક
પ્રથમફળની રોટલી સાથે તેમની તથા પેલા બે હલવાનની યહોવાની
સંમુખ આરતી ઉતારીને આરત્યપર્ણ કરે. તેઓ યાજકને સારુ યહોવાને
અર્પિત થાય. ૨૧ અને એ જ દિવસે તમારે ઢંઢેરો પિટાવવો; તમારે
પવિત્ર મેળાવડો કરવો, તમારે કોઈ સંસારી કામ ન કરવું; તમારી
વંશપરંપરા તમારાં સર્વ રહેઠાણોમાં એ સદાનો વિધિ છે.”

આ ચોથું પર્વ યહૂદી પંચાંગના ત્રીજા માસ "સીવાન" માં આવે છે. પહેલા માસ નિસાન (આબીબ)માં જવની કાપણી થતી હોય છે. અને પચાસમાનો દિન આવે ત્યારે ઘઉંની કાપણી પણ થઈ ગઈ હોય છે. બીજા માસમાં ઈયારમાં સામાન્ય કાપણી થાય છે. અને ત્રીજા માસ સીવાનમાં દ્રાક્ષાવેલાઓની સારસંભાળ થતી હોય છે. પ્રથમની દ્રાક્ષા ઉતારવાનું કામ ચોથા માસમાં (તામ્મુઝમાં) થતું હોય છે. આપણા કેલેન્ડર પ્રમાણે આ તામ્મુઝ જૂન-જુલાઈમાં આવે. 'સીવાન' એટલે કે ત્રીજો માસ મે-જૂનમાં આવે.

આ ચોથું પર્વ "**અઠવાડિયાંના પર્વ**' (પુનર્નિયમ ૧૬ : ૧૦) તરીકે ઓળખાય છે, કારણ પહેલા માસ (નિસાન યા આબીબ)માં બેખમીર રોટલીના પર્વમાં આવતા 'સાબ્બાથથી (= વિશ્રામવાર, શનિવારથી) સાત સાબ્બાથ ગણવાના હોય છે, (એટલે કુલ ૪૯ દિવસ). સાતમા સાબ્બાથ પછીનો દિવસ (રવિવાર) એ પચાસમો દિવસ આ ચોથા પર્વનો દિવસ છે. આમ, અઠવાડિયાંની "સંપૂર્ણ સંખ્યા" ની ગણતરી કરવાની હોય છે. સાત અઠવાડિયાંનું આ અઠવાડિયું થયું, તેથી એને 'અઠવાડિયાનું પર્વ' કહેવામાં આવે છે.

વળી એને "પચાસમા દિવસ" નું પર્વ પણ કહેવામાં આવે છે, કારણ બેખમીર રોટલીના સાબ્બાથ પછીનો ૫૦ મો દિવસ આ પર્વનો છે. એમાં પહેલો સાબ્બાથ (બેખમીર રોટલીનો સાબ્બાથ) ગણવાનો હોતો નથી. આપણી ખ્રિસ્તી ગણતરી પ્રમાણે બેખમીર રોટલીના સાબ્બાથ પછીનો દિવસ તે રવિવાર છે, અને એ રવિવાર, આપણે આગલા પ્રકરણમાં જોયું તેમ 'પ્રથમફળના પર્વનો' એટલે કે પ્રભુ ઈસુના પુનરુત્થાનનો રવિવાર (ઈસ્ટર) છે, એ રવિવારને ગણતરીમાં લેતાં જે પચાસમો દિવસ (રવિવાર) આવે, તેને **પચાસમા દિનના પર્વનો** દિવસ કહેવામાં આવે છે. આ **"પચાસમા દિવસના પર્વ "** વખતે ખ્રિસ્તની મંડળીનો જન્મ થયો, એટલે કે મંડળી અસ્તિત્વમાં આવી. પ્રભુ ઈસુએ વચન આપ્યું હતું તે પ્રમાણે આ દિવસે પ્રાર્થના તથા સંગત માટે એકત્ર મળેલા પ્રભુ ઈસુના અનુયાયીઓ ઉપર પવિત્ર

આત્મા (સંબોધક) ઊતરી આવ્યો. પ્રભુ ઈસુએ તેમને યરુશાલેમમાં થોભી જવાનું તથા પિતાના વચન પ્રમાણે પવિત્ર આત્માની રાહ જોવાનું સૂચવ્યું હતું, "કેમ કે યોહાને પાણીથી બાપ્તિસ્મા કર્યું ખરું; પણ થોડા દિવસ પછી તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો" (પ્રે. કૃ. ૧ : ૫).

'પેન્ટોકોસ્ટ' એ પચાસમા માટેનો ગ્રીક ભાષાનો શબ્દ છે. એ ઉપરથી અંગ્રેજીમાં પણ 'પેન્ટેકોસ્ટ' શબ્દ વપરાતો થયો છે, અને એનો અર્થ 'પચાસમો' થાય છે. આ પર્વને "આરતીની બે રોટલી" (લેવીય ૨૩ : ૧૭) ઉપરથી **"આરતીની રોટલીનું પર્વ "** પણ કહેવામાં આવે છે.

જેમ 'પાસ્ખાપર્વ' અને 'બેખમીર રોટલીનું પર્વ' એકબીજાની સાથેના નિકટ સંબંધને લીધે અરસપરસ સંકડાયેલા છે,તેમ એ પછીનાં બે પર્વ - 'પ્રથમફળનું પર્વ' અને 'પચાસમાનું પર્વ' એકબીજાની સાથે ખૂબ નિકટના સંબંધથી જોડાયેલાં છે.

પ્રભુ ઈસુ ઘોરમાંથી 'અઠવાડીયાને પહેલે દિવસે'(રવિવારે) નીકળી આવ્યા, એ પ્રથમ ઈસ્ટર-દિનથી માંડીને બરાબર ૫૦ મા દિવસે પવિત્રઆત્મા ઊતર્યો, અને ખ્રિસ્તની મંડળીની સ્થાપના થઈ. પ્રે.કૃ. ૨ : ૧ માં આ પ્રમાણે લખ્યું છે : **"પચાસમાનો દિવસ આવ્યો, તે વખતે** તેઓ સર્વ એક સ્થળે એકઠા થયા હતા. ત્યારે આકાશમાંથી એકાએક ભારે આંધીના ઘુઘવાટ જેવો અવાજ આવ્યો, અને તેઓ જયાં બેઠા હતા તે આખું ઘર ગાજી રહ્યું. અગ્નિના જેવી છૂટી પડતી જીભો તેઓના જોવામાં આવી, અને તેઓમાંના દરેક ઉપર એક એક બેઠી. તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને આત્માએ જેમ તેઓને બોલવાની શકિત આપી તેમ તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા."

બાઈબલના ઉપરના ફકરામાં "દિવસ આવ્યો" એ તરજુમો પૂરેપૂરો બરાબર નથી. ગ્રીક પાઠમાં 'સુમ્પ્લેરુસ્થાઈ તેન હેમેરાન' છે,

તેના સુમ્પ્લેરુસ્થાઈ (=આવ્યો) શબ્દમાં ક્રિયા પૂરેપૂરી થઈ છે તે બતાવતો કાળ છે, અને એનો અર્થ "આવી પહોંચ્યો" એમ કરવો ઘટે. રોમન કેથોલિક તરજુમા 'શુભસંદેશ' માં 'આવી પહોંચ્યો' એમ છે તે બરાબર છે. એન.ઈ.બી. એ (ન્યુ ઈંગ્લિશ બાઇબલે) વોઝ રનિંગ ઈટસ કોર્સ' કર્યું છે. ઓથોરાઈઝડ આવૃત્તિમાં 'ડે ઓફ પેન્ટેકોસ્ટ વોઝ ફુલ્લી કમ" છે.

'પચાસમાના દિનનું પર્વ' આવ્યું, પવિત્ર આત્મા ઊતર્યો, અને મંડળીની સ્થાપના થઈ. યહોવાએ યહૂદીઓને મોશેની મારફતે આપેલાં સાત મુકરર પર્વોમાંનું આ **'પચાસમા દિનનું પર્વ'** એ માત્ર પૂર્વછાયા હતું, અને એનું ખરું સ્વરૂપ તો પવિત્ર આત્મા ઊતરવો, અને મંડળી સ્થપાવી તે હતું. સનાતન ઈશ્વરના આ કેવા સનાતન ઠરાવો ! અને કાલમાન યા સમયોની કેવી ગણતરી અને ગૂંથણી ! કે ૨,૦૦૦ વર્ષ પૂર્વે ઈશ્વરે સ્થાપેલું પૂર્વછાયારૂપ પર્વ આ ચોકકસ ટાણે પૂર્ણ કરાયું ! આ કેવું બે હજાર વર્ષ પૂર્વેનું આયોજન ! પ્રભુના વિચારોનો તથા ઠરાવોનો પાર કોણ પામી શકે ? સંત પાઉલે રૂમીઓના પત્રના ૧૧ મા અધ્યાયની ૩૩ મી કલમમાં આ સબંધી કેવું સુંદર લખ્યું છે ! 'આહા ! દેવની બુદ્ધિની તથા જ્ઞાનની સંપત્તિ કેવી અગાધ છે ! તેના ઠરાવો કેવા ગૂઢ, ને તેના માર્ગો કેવા અગમ્ય છે !"

**આરતીની બે રોટલી** : પ્રથમફળના પર્વમાં નવા ધાન્યની એક પૂળીની આરતી ઉતારવાની હતી, જયારે 'પચાસમાના દિવસના પર્વ' વખતે મેંદાની પકાવેલી **બે રોટલી** આરતી માટે લાવવાની હતી. એનું શું કારણ ? એનો જવાબ આપણને એફેસી ૨ : ૧૧-૨૨ માં મળી રહે છે. ત્યાં આપ્યું છે : ખ્રિસ્તની મંડળી યહૂદીઓ તેમ જ વિદેશીઓ મળીને થઈ છે.

૧૧ "એ માટે યાદ રાખો કે, તમે (વિદેશીઓ યા બિનયહૂદીઓ) પહેલાં દેહ સંબંધી વિદેશી હતા, અને દેહ સંબંધી હાથે કરેલી સુન્નતવાળા તમને બેસુન્નતી કહેતા હતા; ૧૨ તે સમયે તમે ખ્રિસ્ત

રહિત, ઈઝરાયલના પ્રજાપણાના હક વગરના, તથા આપેલા વચનના
કરારથી પારકા, જગતમાં આશા રહિત તથા દેવ વગરના એવા હતા.
૧૩ પણ તમે જેઓ પહેલાં દૂર હતા તે તમે હમણાં ખ્રિસ્ત ઈસુમાં
લોહીએ કરીને પાસે આવ્યા છો. ૧૪ કેમ કે તે આપણું સમાધાન છે,
તેણે બન્‍નેનું એક કર્યું, અને આપણી વચ્ચેની આડી ભીંત પાડી નાખી
છે; ૧૫ સલાહ કરીને પોતાનામાં તે બેનું એક નવું માણસ કરવાને,
૧૬ અને વધસ્તંભ ઉપર વૈરને મારી નાખીને એ દ્વારા એક શરીરમાં
દેવની સાથે બન્‍નેનું સમાધાન કરાવવાને તેણે પોતાના દેહથી વિધિઓમાં
સમાયેલી આજ્ઞાઓ સાથેના નિયમશાસ્ત્ર રૂપ વૈરને નાબુદ કર્યું. ૧૭
તેણે આવીને તમે વેગળાઓને તથા જેઓ પાસે હતા તેઓને પણ
શાંતિની સુવાર્તા પ્રગટ કરી; ૧૮ કેમ કે તે દ્વારા એક આત્મા વડે
આપણ બન્‍ને બાપની હજૂરમાં જવા પામીએ છીએ. ૧૯ માટે તમે હવે
પારકા તથા વિદેશી નથી, પણ પવિત્રોની સાથેના એક નગરના
[રહેવાસી] તથા દેવના કુટુંબના માણસો છો.... ૨૧ તેનામાં દરેક
બાંધણી એકબીજાની સાથે યોગ્ય રીતે જોડાઈને પ્રભુમાં વધતાં વધતાં
પવિત્ર મંદિર બને છે. ૨૨ તેનામાં તમે પણ દેવના નિવાસને માટે
આત્મામાં એકબીજાની સાથે જોડાઈને બંધાતા જાઓ છો."

જૂના કરાર પ્રમાણે દુનિયાની સર્વ પ્રજાઓનાં બે જૂથ પડતાં હતાં : યહૂદીઓ અને વિદેશીઓ. યહૂદીઓ ઈશ્વરની પસંદ કરેલી પ્રજા હતી. પણ પ્રભુ ઈસુના ક્રૂસ પરના પરમ બલિદાન તથા પુનરુત્થાન દ્વારા હવે આ બે જૂથ વચ્ચેની દીવાલ તોડી પાડવામાં આવી છે. અને મંડળીની સ્થાપનાથી જ બંને જૂથોમાંથી, એટલે કે યહૂદીઓ અને વિદેશીઓમાંથી, વ્યક્તિઓ આ મંડળીરૂપી નવી વ્યવસ્થામાં આવી છે. મંડળી માત્ર યહૂદીઓની નહિ, પણ વિદેશીઓ તેમ જ યહૂદીઓ મળીને બની છે. આ બંને જૂથોના પ્રતિકસમી બે પકાવેલી રોટલીની આરતી આ પર્વ વખતે ઉતારવામાં આવતી.

આ બંને રોટલીઓ મળીને **એક અર્પણ** બની રહે છે. હા, બંને વચ્ચેની આડી ભીંત ક્રૂસ પર તોડી પાડવામાં આવી. પણ પચાસમાના

દિનના પર્વ વખતે પવિત્ર આત્મા ઊતર્યો ત્યારે બંને જૂથનું ખ્રિસ્તની એક મંડળીમાં એકીકરણ થયું. પ્રે.કૃ. ૨માં આપ્યું છે તેમ યહૂદીઓ તેમાં જોડાયા. પછી ૧૦ : ૪૪-૪૮ માં કરનેલ્યસના ઘરમાં એકત્ર મળેલાં વિદેશીઓ ઉપર પણ પવિત્ર આત્મા ઊતર્યો; અને પિતરે તેમને બાપ્તિસ્મા આપ્યું. એમ ખ્રિસ્તની મંડળીમાં યહૂદીઓ તેમ જ વિદેશીઓ જોડાઈને તેઓનું એક શરીર (ખ્રિસ્તનું શરીર) બન્યું.

કલોસી ૩ : ૧૫ માં પાઉલ એ વિષે લખતાં કહે છે : "અને ખ્રિસ્તની શાંતિ કે જે પામવા સારુ તમે **એક શરીર** (થવાને) તેડાયેલા છો, તે તમારાં હૃદયોમાં રાજ્ય કરે." એમ જ ગલાતી ૩ : ૨૮ માં પણ સ્પષ્ટતા કરતાં પાઉલ કહે છે : **"માટે હવે યહૂદી કે હેલેની કોઈ નથી**, દાસ કે સ્વતંત્ર કોઈ નથી, પુરુષ કે સ્ત્રી કોઈ નથી; **કેમ કે તમે બધાં ખ્રિસ્તમાં એક છો."** વળી, ૧ કોરિંથી ૧૨ : ૧૩ માં પણ પાઉલ લખે છે : "કેમ કે યહૂદી કે ગ્રીક, દાસ કે સ્વતંત્ર, આપણે સર્વ એક આત્માથી બાપ્તિસ્મા પામીને એક શરીરરૂપ બન્યા."

અગાઉના યુગોમાં જે છૂપું હતું, અને પૂર્વછાયામાં બંધ રહસ્ય જેવું હતું, તે 'મંડળીરૂપી રહસ્ય'- યહૂદીઓની તથા વિદેશીઓની બનેલી મંડળીનું રહસ્ય - પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી ખુલ્લું થયું, છતું થયું. જે સ્વપ્ન હતું તે સાકાર બન્યું; પૂર્વછાયા તે ખરેખરું સ્વરૂપ બન્યું.

**ખમીરવાળી રોટલી** : પહેલાં ત્રણે પર્વોમાં ઘરોમાંથી ખમીર દૂર રાખવાનું હતું, પણ આ ચોથા પર્વ "પચાસમાના દિવસના પર્વ" માં આરતીની બે રોટલી ખમીર સહિત પકાવેલી રાખવાની હતી. એનું શું કારણ ? પાસ્ખાનું પર્વ પ્રભુ ઈસુના બલિદાનની પૂર્વછાયા હતું. પ્રભુ ઈસુ પવિત્ર હોઈને ભૂંડાઈ અને ભેળસેળના ચિહ્ન તરીકેનું ખમીર ઘરોમાંથી દૂર કરવાનું હતું. બીજું પર્વ 'બેખમીર રોટલીનું પર્વ' પ્રભુ ઈસુ સાથેની સંગતની પૂર્વછાયારૂપ હોઈને એ પર્વમાં પણ ખમીર દૂર રાખવાનું હતું. ત્રીજું પર્વ 'પ્રથમફળનું પર્વ' પ્રભુ ઈસુના

પુનરુત્થાનની પૂર્વછાયા હતું, અને ઉત્થાન પામેલા ખ્રિસ્ત નિષ્કલંક અને પાપ રહિત હોઈને એ પર્વ વખતે પણ ઘરોમાંથી ખમીર દૂર રાખવાનું હતું.

પરંતુ આ ચોથું પર્વ "**પચાસમાના દિનનું પર્વ**" એ મંડળીના ઉદ્‌ભવનું ચિહ્‌ન તથા પ્રતિછાયા હતું. મંડળી પવિત્ર આત્મા દ્વારા અસ્તિત્વમાં આવી હોવા છતાં તે માણસોની બનેલી હતી, એટલે પૃથ્વી પર એ મંડળીમાં પાપ ઓછાવત્તા અંશે રહેવાનું જ. એટલે આ પર્વ ટાણે જે બે રોટલી આરતી માટે લાવવાની હતી તે ખમીર સહિત પકાવેલી હોય એ જરૂરી હતું. પૃથ્વી પર માનવી દેહોમાં વસતી મંડળીમાં પાપ હોવાનું, પણ પુનરુત્થાન દ્વારા એ મંડળી જયારે મહિમાવંતી અને વિજયી બનશે ત્યારે એમાં પાપ લેશમાત્ર નહિ હોય. ખ્રિસ્તના જે જે લોકો મૃત્યુ-દ્વારને ઓળંગી ગયા છે તે બધા મહિમાવાન અને વિજયી મંડળીના સભ્ય છે. અને એ વિજયી મંડળીમાં અંશમાત્ર પણ પાપ સંભવી શકે નહિ. પણ પૃથ્વી પરની મંડળી શેતાન સામેના યુદ્ધમાં ઝઝૂમેલી મંડળી છે, અને આને કારણે જય-પરાજય અનુભવ્યા જ કરશે. પાપ એમાં ભાગ ભજવતું રહેવાનું. આ પ્રકૃતિને લીધે આરતીની આ બે રોટલીમાં ખમીર નાખવામાં આવેલું હતું,- એમાં આથો દેવાયો હતો.

શરૂઆતની (પ્રથમ સદીની) મંડળીનો ઇતિહાસ તપાસો. ત્યાં પાપનું પ્રસરણ જોવા મળે છે : અનાન્યા અને સાફીરા પવિત્ર આત્માની સામે જૂઠું બોલ્યાં; યરુશાલેમની મંડળી વિષે પણ લખવામાં આવ્યું છે કે એમાં ઘણી વખતે "બડબડાટ' અને કચકચ થતાં (પ્રે.કૃ.૬ : ૧); અંત્યોખમાં પણ (પ્રે.કૃ. ૧૫ : ૩૯). વળી કોરિંથની મંડળીમાં તો અનેક ફાટફૂટ અને પાપ અને પ્રશ્નો ભરેલાં હતાં. ખ્રિસ્તના વિરોધીઓ પણ મંડળીમાં ઘૂસ્યા હતા. ગલાતીઓની મંડળીમાં પણ દુર્મત ઘૂસ્યા હતા. કોઈ કોઈ મંડળીએ તો પ્રથમના પ્રેમનો ત્યાગ કર્યો હતો. આજે આપણા સમયની મંડળીને જ જુઓ ને ! આને લીધે જ પ્રભુએ અગમદૃષ્ટિથી જોઈને આં પર્વમાં ખમીર વારપવા કહ્યું છે. સંત

યોહાને કેટલું સાચું લખ્યું છે ! "આપણામાં પાપ નથી, એમ જો આપણે કહીએ, તો આપણે પોતાને ઠગીએ છીએ, અને આપણામાં સત્ય નથી..... આપણે પાપ કર્યું નથી, એવું જો આપણે કહીએ, તો આપણે તેને જૂઠો પાડીએ છીએ, અને તેનું વચન આપણામાં નથી" (૧ યોહાન ૧ : ૮, ૧૦). આ ઉપરાંત ૧ પિતર ૨ : ૧ ને પણ જોઈ જાઓ.

ખ્રિસ્તના કેટલા બધા અનુયાયીઓના મનમાં આવી કંઈક બૂમ ઊઠયા કરે છે કે, "જે સારું હું ઈચ્છું છું તે હું કરતો નથી; પણ જે ભૂડું હું ઈચ્છતો નથી તે હું કર્યા કરું છું !.... હું કેવો દુર્ભાગી માણસ છું ! મને આ મરણના શરીરથી કોણ મુકત કરશે ?" (રોમન ૭ : ૧૯, ૨૪).

બીજી એક બાબત પણ ધ્યાન ખેંચે એવી છે. ત્રીજા પર્વ યા પ્રથમફળના પર્વમાં પ્રભુ ઈસુ પોતે મૃત્યુ પામેલાંમાંથી પ્રથમ સજીવન બનીને 'મૂએલાંઓનું પ્રથમફળ' બને છે, એ આપણે અગાઉ જોયું. પણ આ ચોથા પર્વમાં પ્રથમફળની વાત આવે છે એ શું હશે ? આપણે જોઈએ. લેવીય ૨૩ : ૧૭ માં લખ્યું છે : "તમારાં મકાનોમાંથી બે દશાશ (એફાહ)ની આરતીની બે રોટલી તમારે લાવવી; તેઓ યહોવાને સારુ પ્રથમફળ [ના અર્પણને] માટે મેંદાની તથા ખમીર સહિત પકાવેલી હોય."

ચોથા પર્વમાં આરતીની બે રોટલીને પ્રથમફળના અર્પણ તરીકે ધરવાની છે. તેઓ માણસોમાંથી મંડળીમાં જોડાનાર 'વિશ્વાસીઓ'ના મોટા સમુદાયના પ્રથમફળ તરીકે છે. આવનાર યુગોમાં જેઓ પ્રભુ ઈસુ પર વિશ્વાસ રાખીને, તેમના રકતમાં નાહીને, મંડળીનાં અંગ બનનારાં છે તેઓમાં તો, પચાસમાના દિવસે જોડાનારાં વિશ્વાસીઓ પ્રથમફળ સમાન છે. પ્રથમફળ બતાવે છે કે મોટી ફસલ પાછળથી આવનાર છે. આ પ્રથમફળના લોકોની પૂર્વછાયાસમી આરતીની બે રોટલી એ ભવિષ્યકથન હતું, તેમ જ અપાયેલું વચન પણ હતું.

ઘણી વખતે ખ્રિસ્તના તેમ જ મંડળીના વિરોધીઓ એવો ટોણો મારતા હોય છે કે સુવાર્તા દ્વારા નહિ જેવું જ કામ થયું છે, - મોટા ભાગની દુનિયા તો વેર-ઝેર અને યુદ્ધને માર્ગે ચાલી રહી છે. પણ એક વાત યાદ રાખવી રહી કે પ્રભુ ઈસુએ આખી દુનિયાનું તારણ થઈ જશે એવું કયાંયે કહ્યું નથી. બાઇબલકથન પ્રમાણે "પહેલાં દેવે વિદેશીઓમાંથી પોતાના નામની ખાતર એક પ્રજાને [પસંદ કરી] લેવાને" નકકી કર્યું છે (પ્રે.કૃ. ૧૫ : ૧૪). એ પ્રમાણે આખી દુનિયાનો ઉદ્ધાર થવાનો નથી, પણ આખી દુનિયામાંથી "એક પ્રજા" એટલે કે "મંડળી"ને પ્રભુએ પસંદ કરી લીધી છે.

આ બાબતે કેટલાક લોકો નીચેની કલમનો ગેર-અર્થ કરે છે, અને કહે છે કે આખરે આખી સૃષ્ટિનું તારણ થશે. આ કલમ વિષે જોઈએ: "દરેક ઘૂંટણ મારી આગળ વાંકો વળશે, અને દરેક જીભ દેવની સ્તુતિ કરશે" (રોમન ૧૪ : ૧૧). એ જ શબ્દો ફિલિપી ૨: ૧૦, ૧૧ માં પણ આપ્યા છે : "આકાશમાંનાં, ભૂમિ પરનાં, તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે; અને દેવ બાપના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે." આ કલમોને આધારે કેટલાક લોકો કહે છે કે છેવટે આખી દુનિયા પ્રભુ ઈસુની આગળ નમશે, અને તેના નામને કબુલ રાખશે. પણ આવું અર્થઘટન તદ્દન ખોટું છે. રોમન ૧૪ : ૧૧ ની ઉપર જણાવેલી કલમની અગાઉની (૧૦મી) કલમ જોઈએ તો સ્પષ્ટ થશે કે એ તો પ્રભુ ઈસુના ન્યાયાસન આગળ બધાને ઊભા રહેવું પડશે, ત્યારે (ન્યાયકાળે) તેઓ પ્રભુ ઈસુને માન્ય રાખશે, અને નમશે, નહિ કે પૃથ્વી પર. (સાથે સાથે રોમન ૧૪ : ૧૨ પણ જોઈ લેવી.)

બાઈબલ તો આખરના દિવસોમાં પૃથ્વીના લોકો ખ્રિસ્તના અનુસરનારા બની જશે એવું નથી કહેતું ; પણ સ્પષ્ટ જણાવે છે કે "અન્યાય વધી જવાના કારણથી ઘણાખરાનો પ્રેમ ઠંડો થઈ જશે...." "જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે" (માથ્થી

૨૪ : ૧૨,૨૪). આમ, દુનિયાની પ્રજાઓ ધર્મભ્રષ્ટતા તરફ અને પાપપ્રચુર જીવન તરફ આગળ ધકેલાતી જશે. પણ પચાસમાના દિવસથી અસ્તિત્વમાં આવેલી મંડળીમાં પવિત્ર આત્મા રોજ રોજ લોકોને ઉમેરતો રહ્યો છે, અને ખ્રિસ્તની કન્યારૂપી મંડળીને તૈયાર કરી રહ્યો છે.

પ્રભુનું આ કેવું આયોજન કે પ્રભુ ઈસુનું ક્રૂસારોહણ પાસ્ખાપર્વને દિવસે જ થયું ! - અને પ્રભુ ઈસુ મૂએલાંનું પ્રથમફળ બનીને પ્રથમફળના પર્વ ને દિવસે જ ઊઠયા ! - અને એ કંઈ અકસ્માત નહોતો કે પવિત્ર આત્મા પચાસમાના દિનના પર્વ વખતે જ ઊતર્યો ! પવિત્ર આત્મા બીજા કોઈ દિવસે ઊતર્યો ન હોત !- અને મંડળીની સ્થાપના અન્ય કોઈ દિવસે થઈ ન હોત ! પ્રભુનું વખતપત્રક કેવું ચોકકસ !

●

# ૭ ચોથા અને પાંચમા પર્વ વચ્ચેનો લાંબો ગાળો : મંડળીનો લાંબો જમાનો

ચોથું પર્વ "પચાસમાના દિવસનું પર્વ " જેની પૂર્વછાયા હતું તેનું સત્યસ્વરૂપ પ્રગટપણે મંડળીની સ્થાપનામાં પૂર્ણ થઈ ગયું છે. એ બન્યું ઈસ્વીસનની પહેલી સદીમાં, પચાસમાને દિવસે. એ પછીનું પાંચમું પર્વ એના સત્યસ્વરૂપમાં પ્રગટપણે હજી સુધી પૂર્ણ થયું નથી. પચાસમાના દિવસે મંડળી સ્થપાઈ ત્યારથી માંડીને આજ સુધી વીસ સૈકાં પૂરાં થવા આવ્યાં છે, પણ હજુ સુધી પાંચમા પર્વનું સત્યસ્વરૂપ પ્રગટ થયું નથી. હજી એ ભવિષ્યની વાત છે.

પહેલાં ત્રણે પર્વો યહૂદીઓના પહેલા માસ 'નિસાન' (યા આબીબ) માં આવતાં હતાં. એ પછી ત્રીજા પર્વથી ગણતાં પચાસમા દિવસે યહૂદી ત્રીજા માસ 'સીવાન' ની શરૂઆતમાં (પહેલા અઠવાડિયામાં) ચોથું પર્વ પણ આવી જતું હતું. એ પછી 'સીવાન' ના પહેલા અઠવાડિયાથી માંડીને છેક સાતમા માસ 'તીશરી' સુધી વચ્ચે કોઈ પર્વ આવતું નથી. પાંચમું પર્વ "રણશિંગડાંનું પર્વ " સાતમા માસ "તીશરી" ની પહેલી તારીખે આવે છે. એમ વચગાળાનો લગભગ ચાર મહિનાનો સમય બિલકુલ ખાલી છે. એ ગાળા દરમ્યાન દ્રાક્ષાની લણણી થતી.

એ લાંબો વિરામગાળો ખૂબ રહસ્યભર્યો છે. એ ગાળો ખ્રિસ્તની મંડળીનો પૃથ્વી પરનો સમય સૂચવે છે. ચોથા પર્વ પછી લગભગ બે હજાર વર્ષ તો વીતી ગયાં છે. આ ગાળો હજી કેટલો સમય ચાલશે તેની કોઈ નિશાની યહોવાનાં આ મુકરર પર્વોમાં ક્યાંયે આપવામાં આવી નથી. પ્રભુ ઈસુ ક્યારે ગગનમાં ઊતરશે, અને મંડળી પ્રભુ ઈસુને ગગનમાં મળવાને ક્યારે અધ્ધર ઊંચકાઈ જશે એ વિષે કોઈ જ ઉલ્લેખ નથી.

પહેલાં ચારેય પર્વો એકબીજા સાથે અમુક સંબંધથી બંધાયેલાં હતાં. પાસ્ખાપર્વને પ્રથમ સ્થાને મૂકીને બીજાં ત્રણે પર્વોની તારીખ યા દિવસોની ગણતરી કરવાની હતી. પાસ્ખાપર્વ નિસાનની ચૌદમીએ આવે; અને એ સાંજથી જ પંદરમી બેસે એટલે બેખમીર રોટલીનું પર્વ આપોઆપ જાણી શકાય; અને એમાં આવતા સાબ્બાથ પછીના દિવસે એટલે કે અઠવાડિયાને પહેલે દિવસે (રવિવારે) પ્રથમફળનું પર્વ એટલે કે પ્રભુ ઈસુનું પુનરુત્થાન થાય; અને એ પર્વથી માંડીને ૫૦ દિવસ ગણતાં મંડળીની સ્થાપના અને પવિત્ર આત્માનું ઊતરવું આવે. એ બધાં પર્વો કેવાં સંકળાયેલાં હતાં ! એ બધા સંબંધોના ઉલ્લેખ બાઇબલમાં જ આપવામાં આવ્યા છે. પણ પાંચમા પર્વનો કોઈ સંબંધ અંદર દર્શાવાયો નથી. કોઈ ગણવાના દિવસોનો કોઠો આપવામાં આવ્યો નથી . એ બતાવે છે કે આ ગાળો અચોક્કસ મુદતનો હતો.

આ ગાળો અચોક્કસ મુદતનો હતો એ વિષે વધુ જોઈએ. ધારો કે પહેલા માસ નિસાન (આબીબ) નો ચૌદમો દિવસ શુક્રવારે આવે, એટલે તે દિવસ પાસ્ખાપર્વનો ગણાય. એ પછીનો દિવસ 'સાબ્બાથ' (શનિવાર) હોય. એટલે એ પછીના દિવસે (રવિવારે) પ્રથમફળના પર્વનો દિવસ, એટલે કે પ્રભુ ઈસુના પુનરુત્થાનનો દિવસ આવે. અને એમ ચોથું પર્વ પણ એમ જ ગણી કાઢી શકાય. પણ ધારો કે નિસાનનો ચૌદમો દિવસ (પાસ્ખાનો દિવસ) 'સાબ્બાથે' શનિવારે આવે, તો એ પછીનો 'સાબ્બાથ' (શનિવાર) એ માસની એકવીસમીએ આવે. તો એ પછીનો બીજો દિવસ રવિવાર એ પ્રથમફળનો (અથવા પ્રભુ ઈસુના

પુનરુત્થાનનો) દિવસ નિસાન માસની ૨૨ મીએ આવે. અને ચોથા પર્વની ગણતરી પણ ૫૦ દિવસ ગણીને ચોકકસ કહી શકાય. આ પ્રમાણે 'પચાસમાના પર્વનો દિન' જુદા જુદા વારોએ બદલાતો રહે; ત્રીજા માસના છઠ્ઠા દિવસથી માંડીને બારમા દિવસ સુધીમાં કોઈપણ દિવસે આવે. પરંતુ પાંચમું પર્વ (રણશિંગડાંનું પર્વ) તો હંમેશાં સાતમા માસની પહેલીએ જ આવે.(જુઓ લેવીય ૨૩ : ૨૩,૨૪). એને લીધે જ, આપણે આગળ જોયું તેમ, ચોથા અને પાંચમા પર્વ વચ્ચેનો ગાળો અચોકકસ મુદતનો રહેતો. પ્રતિ વર્ષ એ ગાળો બદલાતો રહેતો, - એટલે કે ગાળાના દિવસોની સંખ્યા બદલાતી રહેતી (ચોકકસ નહોતી).

'પચાસમાના પર્વ' પછીનો (મંડળી સ્થાપના પછીનો) આ હાલનો ગાળો એ મંડળીનો યુગ છે; હાલનો જમાનો છે. આ મંડળીના યુગમાં યા ગાળામાં સુવાર્તા સર્વત્ર ફેલાવવાનું, તેમ જ મંડળીમાં ઉદ્ધાર પામેલાંઓની સંખ્યા પૂરી કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. જેમ અબ્રાહામે મોકલેલો પોતાનો ચાકર એલિઆઝર ઈસહાકને માટે કન્યા શોધવા - તૈયાર કરવા - ગયો હતો, તેમ હાલના આ ગાળામાં પવિત્ર આત્મા સ્વર્ગીય વરરાજા પ્રભુ ઈસુ માટે કન્યારૂપી મંડળી તૈયાર કરી રહ્યો છે. એ 'કન્યા' સંપૂર્ણ તૈયાર કરાશે ત્યારે પવિત્ર આત્મા એ 'કન્યા' (મંડળી)ને લઈને સ્વર્ગીય વરરાજા પ્રભુ ઈસુની પાસે ગગનમાં જશે, અને પ્રભુ ઈસુને સોંપશે, - જેમ એલિઆઝર રિબ્કાહને લઈને ચાલી નીકળ્યો, અને દૂર રહેતા ઈસહાકને તેની સોંપણી કરી.

આ વિરામના વચગાળાનો સમય અચોકકસ મુદતનો છે, એ વિષે પ્રભુ ઈસુએ પણ ખુલ્લેખુલ્લું જણાવ્યું છે : "પણ તે દિવસ તથા તે ઘડી સંબંધી બાપ વગર કોઈ જાણતો નથી, આકાશમાંના દૂતો નહિ ને દીકરો પણ નહિ" (માર્ક ૧૩ : ૩૨). વળી પ્રભુ ઈસુએ કેટલી બધી વાર એ સમજાવ્યું છે કે, તમે જાણતા નથી ત્યારે માણસના દીકરાનું આવવું થશે; જુઓ, હું ચોરની પેઠે આવું છું, ઈત્યાદિ. (જુઓ માથ્થી ૨૪ : ૩૭-૩૯, ૪૪, ૫૦. ૨૫ : ૧૩. લૂક ૧૨ : ૩૯,૪૦). આમ, આ ગાળો અચોકકસ મુદતનો છે એ વિષે બાઈબલ

અને પ્રભુ ઈસુ બહુ સ્પષ્ટ પણે જણાવે છે. મંડળીનો યુગ ક્યારે પૂરો થઈ જશે, અને પ્રભુ ઈસુ પોતાનાંને લેવા કયારે ગગનમાં ઊતરશે, અને મંડળી કયારે એકાએક ઉપર તણાઈ જશે, "તે દિવસ તથા ઘડી" વિષે કોઈ જ જાણતું નથી. રણશિંગડાંનું પર્વ એ ખ્રિસ્તના લોકોના પુનરુત્થાનની, હા, પહેલા પુનરુત્થાનની પૂર્વછાયા છે. આપણે આવતા પ્રકરણમાં એ વિષે વિસ્તારથી જોવાનાં છીએ.

બીજી એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે : પચાસમાના દિવસથી શરૂ થતો અત્યારનો ગાળો એ મંડળીનો યુગ છે, અને એની મુદત યા લંબાઈ અચોકકસ સમયની છે. એનું કારણ કે યહૂદી પ્રજાને લગતી ભવિષ્યવાણીઓને લગતા સમયો અને ઋતુઓ સાથે આ લાંબા ગાળાને સીધો સંબંધ નથી, એની એધાણી આ અચોકકસ મુદતનો ગાળો છે. અગાઉનાં પર્વોમાં આગલા પર્વથી દિવસોની ગણતરી કરવાની રહેતી, એવી કોઈ વ્યવસ્થા આ ગાળા માટે નથી. પચાસમાના દિવસ સાથે આ લાંબા ગાળાની તારીખોનો કોઈ સંબંધ આપવામાં આવ્યો નથી. બાઈબલમાંની અગમવાણીઓમાં આવતી તારીખોની ગણતરી માટે અમુક તારીખોથી યા બનાવથી ગણતરી ગણવાની હોય છે. બાઈબલની અગમવાણીઓ અંગે આ અટલ વ્યવસ્થા છે. પરંતુ આ વચ્ચે આવતા લાંબા ગાળાની લંબાઈ અંગે કોઈ જ ગણતરી-યોજના આપવામાં આવી નથી.

આ લાંબા વચગાળાની એક વિશિષ્ટતા છે : એ થોભવાનો અને રાહ જોતા રહેવાનો યુગ છે. હા, કયારે રણશિંગડું વાગે અને મંડળીનો ધન્ય સ્વામી, પ્રભુ ઈસુ ખ્રિસ્ત, પોતાના લોકોને લેવા કયારે ગગનમાં ઊતરે,-એની રાહ જોવાની છે. ઉપર જોયું તેમ, પ્રભુ ઈસુનું પુનરાગમન ઓચિંતું થશે; એટલે પૂરેપૂરા તૈયાર રહીને રાહ જોતાં જોતાં થોભવાનું છે.

વળી, આ ફસલ લેવાનો સમય છે. આ ચાર માસના વચગાળાના લાંબા સમય દરમિયાન યહૂદી લોકો જાતજાતનાં ધાન્યની ફસલ લેવામાં ગાળતા હતા. આપણે પણ આ મંડળીના લાંબા યુગ દરમિયાન

યહૂદીઓમાંથી અને વિદેશીઓની અનેક પ્રજાઓમાંથી લોકોને ખ્રિસ્તની ખાતર મેળવી લેવાના છે. આ સુવાર્તા ફેલાવની ઝુંબેશોનો ગાળો છે; ખ્રિસ્તને ખાતર આત્માઓ જીતવાનો ગાળો છે.

આપણે "યહૂદી પંચાંગ"ના પ્રકરણમાં જોઈ ગયા કે પાસ્ખાપર્વની સ્થાપના થઈ ત્યારથી જ, ઈશ્વરના ફરમાન પ્રમાણે, યહૂદી વર્ષની ગણતરીમાં ફેરફાર કરવામાં આવ્યો. પાસ્ખાપર્વની અગાઉ 'તિશરી' (અથવા 'એથાનીમ') માસ વર્ષનો પ્રથમ માસ હતો, અને 'નિસાન' (અથવા આબીબ) સાતમો માસ હતો. પણ યહૂદી લોકો 'નિસાન' માસમાં મિસર છોડીને ચાલી નીકળ્યા, એ સમયે યહોવાએ મોશે મારફતે લોકોને ફરમાવ્યું કે, "આ માસને તમારા માસોમાંનો પ્રથમ ગણવો; તે તમારા વર્ષનો પ્રથમ માસ ગણાય" (નિર્ગમન ૧૨ : ૨). "પાસ્ખા" પહેલાંના છ માસને ઈશ્વરે જાણે કે ભૂંસી નાખ્યા, અને "પાસ્ખા" ની આસપાસ રચાયેલું અને "પાસ્ખા" પર આધારિત એવું વર્ષ શરૂ કર્યું. એમાં અગાઉનો સાતમો માસ (નિસાન યા આબીબ) હવે પહેલો માસ બન્યો. "પાસ્ખાપર્વ" જેની પૂર્વછાયા હતી તે પ્રભુ ઈસુના બલિદાન દ્વારા જ નવો યુગ શરૂ થાય છે, - અને માનવી વ્યવસ્થા હવે દૂર થાય છે.

હવે પાસ્ખાપર્વવાળા 'નિસાન' માસથી શરૂ થતા છ મહિના પૂરા થવા આવ્યા છે, અને સાતમા માસ તીશરી માસની પહેલીએ 'રણશિંગડાંનું પર્વ' આવે છે. એમ, પાસ્ખાથી શરૂ થતા મહિનાવાળા છ મહિના પૂરા થશે. એટલે "રણશિંગડાનું પર્વ" નવો જમાનો સૂચવે છે. પ્રભુ ઈસુ રણશિંગડું વગાડીને પોતાના લોકોને પોતાની પાસે કાયમ રહેવા તેડાવી લેનાર છે. અને ઇઝરાયલ માટે પણ નવો જમાનો શરૂ થનાર છે. એ વિષે આવતા પ્રકરણમાં આપણે જોઈશું. આમ, સાતમા માસની પહેલી તારીખ નવા યુગની શરૂઆતની સૂચક છે.

●

# ૮

# રણશિંગડાંનું પર્વ :
## મંડળીનું ગગનગમન બધા યહૂદીઓનું ઈઝરાયલમાં એકત્ર કરાવું

**બાઈબલપાઠ :** ગણના ૧૦ : ૧-૧૦. "અને યહોવાએ મોશેને કહ્યું કે, તું પોતાને સારુ રૂપાનાં બે રણશિંગડાં બનાવ; તે ઘડતર કામનાં બનાવ; અને તું તેઓને જમાતને બોલાવવાના તથા છાવણીઓને ચાલી નીકળવાના કામમાં લે........"

લેવીય ૨૩ : ૨૩-૨૫. "અને યહોવાએ મોશેને કહ્યું કે, ઈઝરાયલપુત્રોને એમ કહે કે, સાતમા માસમાં, તે માસને પહેલે દિવસે તમારે પવિત્ર વિશ્રામ, રણશિંગસાદની યાદગીરી તથા પવિત્ર મેળાવડો કરવો. તમારે કોઈ સંસારી કામ કરવું નહિ; અને તમારે યહોવાને હોમયજ્ઞ ચઢાવવો."

'યહોવાનાં સાત મુકરર પર્વો' માંનું આ પાંચમું પર્વ છે. એને **'રણશિંગડાંનું પર્વ'** અથવા તો **"રણશિંગસાદની યાદગીરીનું પર્વ"** કહેવામાં આવે છે. યહૂદી સાતમા માસની ('તીશરી' યા 'એથાનીમ' માસની) પહેલી તારીખે આ પર્વ આવતું હતું. આગલા પ્રકરણમાં આપણે જોઈ ગયા કે ત્રીજા માસ 'સીવાન'ની શરૂઆતમાં આવતા ચોથા પર્વ 'પચાસમાના દિન' પછી લગભગ ચાર મહિને આ પાંચમું **'રણશિંગડાંનું પર્વ'** આવતું હતું. આમ, બે પર્વો વચ્ચેનો 'વચગાળા'નો

સમય બહુ લાંબો હતો. અને આપણે જોઈ ગયા કે એ વચગાળાનો સમય તે મંડળીના યુગની પૂર્વછાયારૂપે છે. એ બતાવે છે કે આ પાંચમું પર્વ જેની પૂર્વછાયા છે તે સત્યસ્વરૂપ હજી પ્રગટ થયું નથી. અને આ વચગાળાના સમયની લંબાઈ અચોકકસ હોવાથી એ પણ આપણે જોયું કે 'મંડળીનો યુગ' અચોકકસ લંબાઈનો યુગ હશે, અને તેનો અંત ઓચિંતો કયારે આવશે, અને પ્રભુ ઈસુની પુનઃપધરામણી કયારે થશે તે કોઈ જ જાણતું નથી, પ્રભુપુત્ર નહિ, અને દેવદૂતો પણ નહિ, સિવાય કે પરમપિતા.

ગણના ૧૦ : ૧, ૨ માં યહોવાએ મોશેને બે ચાંદીનાં રણશિંગડાં બનાવવા ફરમાન કર્યું હતું. આ ચાંદીના રણશિંગડાં બનાવવા માટેની ચાંદી કયાંથી લાવવામાં આવી ? એ વિષે સુંદર વર્ણન નિર્ગમન ૩૦: ૧૧-૧૬ અને ૩૮ : ૨૫-૨૮ માં આપવામાં આવ્યું છે. જયારે જયારે માણસોની વસતીગણતરી કરવામાં આવે, ત્યારે ત્યારે ગણતરી કરાયેલો પ્રત્યેક પુરુષ "પવિત્રસ્થાનના શેકેલ પ્રમાણે અર્ધોશેકેલ આપે. યહોવાને અર્પણ તરીકે અડધો શેકેલ આપે." એ અર્ધો શેકેલ પ્રત્યેક માણસના જીવને સારુ પ્રાયશ્ચિત તરીકે હતો. "એને છુટકારાનું કે પ્રાયશ્ચિતનું નાણું " ગણાવમાં આવતું. એ બધા અર્ધા શેકેલોની એકઠી થયેલી ચાંદીમાંથી મુલાકાતમંડપની બધી ચાંદીની ચીજો, આ બે રણશિંગડાં સુદ્ધાં, બનાવવામાં આવી.

મિસરમાંથી ચાલી નીકળેલા ઈઝરાયલના સંઘને આગેકૂચ કરવા, યુદ્ધ માટે નીકળી પડવા, જમાત કે આગેવાનોને એકત્ર કરવા આ બંને રણશિંગડાં વપરાતાં હતાં. રણશિંગડાં વગાડવાનું અગત્યનું કામ હારૂન અને તેના પુત્રોને વંશપરંપરા માટે સોંપવામાં આવ્યું હતું. પ્રતિ વર્ષે પાંચમું પર્વ આવતું ત્યારે આ રણશિંગડાં ખાસ વગાડવામાં આવતાં. પ્રત્યેક પર્વની જેમ આ **રણશિંગડાંનું પર્વ** ભવિષ્યમાં થનાર બનાવની પૂર્વછાયારૂપ યા સંજ્ઞારૂપ હતું.

અગાઉનાં ચાર પર્વોમાંનું પ્રત્યેક પર્વ ભવિષ્યના એક ચોકકસ

બનાવની પૂર્વછાયા હતું. પરંતુ હવે પછી આવતાં ત્રણે પર્વોમાંનું પ્રત્યેક પર્વ બબ્બે બનાવોની પૂર્વછાયા છે. એ પ્રત્યેક પર્વની પૂર્ણતા બબ્બે બનાવોમાં સંકળાયેલી છે. એક તરફ ખ્રિસ્તની મંડળીની સાથે, અને બીજી તરફ ઈઝરાયલ પ્રજા માટે. આમ એ પર્વોની દ્વિઅર્થી પૂર્ણતા થવાની છે. મંડળીના સંદર્ભમાં અમુક અર્થ, અને ઈઝરાયલ પ્રજાના સંદર્ભમાં અમુક અર્થ, - પણ એ બંને અર્થ એકબીજાને મળતા યા અનુરૂપ છે. બીજી બાબત : અગાઉનાં ચાર પર્વોની પૂર્ણતા થઈ ચૂકી છે, જ્યારે આ ત્રણ પર્વોની પૂર્ણતા ભવિષ્યમાં આવવાની છે.

ચાંદીનાં બે રણશિંગડાં બનાવવા યહોવાએ ફરમાવ્યું હતું. એ તો એમના પૂર્વછાયાના રૂપમાં પોતાના બે પ્રકારના લોકો માટે બે અલગ અલગ રણશિંગડાં હતાં : (૧) ઈશ્વરના સ્વર્ગીય લોકો (ખ્રિસ્તની મંડળી) માટે; અને (૨) ઈશ્વરના પૃથ્વી પરના લોકો (ઈઝરાયલ પ્રજા) માટે. પહેલામાં મંડળીને ગગનમાં પ્રભુ ઈસુના સાનિધ્યમાં સામૂહિક પ્રવેશ માટે અદ્ધર ઊંચકી લેવા; અને બીજામાં પ્રભુ ઈસુ ગગનમાંથી પૃથ્વી ઉપર ઊતરશે ત્યારે ઈઝરાયલ પ્રજાને પૃથ્વીના ચારે ખૂણેથી એકત્રિત કરીને "ખ્રિસ્તવિરોધી"એ યોજેલા મહાયુદ્ધ સામેની આગેકૂચ માટે. એ બંને ભવિષ્યકથનો કેવી રીતે પૂર્ણ થવાનાં છે તે જોઈએ.

**૧. ખ્રિસ્તની મંડળીના સંદર્ભમાં :** પ્રભુ ઈસુના પુનરાગમન સમયે પ્રથમ પગથિયા તરીકે પ્રભુ ઈસુ સ્વર્ગેથી ઊતરી ગગનમાં આવશે. અને એ જ સમયે પ્રભુનું રણશિંગડું વાગશે, અને મંડળી પ્રભુને મળવા સારુ ઉપર ગગનમાં ઊંચકાઈ જશે. ખ્રિસ્તના મૃત્યુ પામેલા લોકો મહિમાવંત શરીરો ધારણ કરીને ઊઠશે; અને ખ્રિસ્તના જે લોકો તે સમયે જીવંત હશે તેઓ પણ મર્ત્ય શરીરો તજી મહિમાવંત શરીરો ધારણ કરશે. અને એમ બંને પ્રકારના આ લોકો ગગનમાં પ્રભુ ઈસુને મળવા સારુ ઉપર ગગનમાં ઊંચકાઈ જશે.

લોખંડની મોટી મોટી ફેકટરીઓમાં રાક્ષસી કદનાં વીજળિક લોહચુંબકો હોય છે. નીચેના ખાડામાં અનેક પ્રકારના માલમાં લોખંડનો ભંગાર, અન્ય ધાતુઓનો ભંગાર, લાકડાંના કકડા, તેમ જ માટીનાં

દગડાં, ઈત્યાદિ ઉપર પેલા તોતિંગ લોહચુંબકને ઉતારવામાં આવે છે, અને પછી એ લોહચુંબક ઉપર ઊંચકાઈ જાય છે, ત્યારે માત્ર લોખંડનો ભંગાર જ તેને વળગી જઈને ઉપર ઊંચકાઈ જાય છે. અન્ય ધાતુઓનો ભંગાર, ભલેને ગમે તેટલો કિંમતી હોય, છતાં તે અને અન્ય ભંગાર નીચે જ પડયો રહે છે, - ઉપર ઊંચકાઈ જતો નથી. એમ જ પ્રભુ ઈસુ ગગનમાં ઊતરી આવશે ત્યારે માત્ર ખ્રિસ્તના જ લોકો ગગનમાં તણાઈ જશે. બાકીનાં 'મૂએલાં' ઊઠશે નહિ, અને બાકીના જીવંત લોકો પણ પૃથ્વી પર જ રહી જશે.

કોરિંથીઓના પહેલા પત્રમાં ૧૫ : ૫૨ ની કલમના પાછલા ભાગમાં આ જ ભવિષ્યકથન છે : "કેમ કે **રણશિંગડું વાગશે**, અને મૃત્યુ પામેલાં અવિનાશી [થઈને] ઊઠશે, અને આપણું રૂપાંતર થશે." એ જ બનનાર બનાવ અંગે ૧ થેસ્સા. ૪ : ૧૬, ૧૭ માં એવું જ ભવિષ્યકથન આપ્યું છે : " કેમ કે પ્રભુ પોતે ગર્જનાસહિત, પ્રમુખદૂતની વાણીસહિત તથા **દેવના રણશિંગડાસહિત** આકાશમાંથી ઊતરશે; અને ખ્રિસ્તમાં જેઓ મૃત્યુ પામેલાં છે તેઓ પ્રથમ ઊઠશે; પછી આપણામાંનાં જેઓ જીવંત રહેનારાં છીએ, તેઓ ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળાંમાં તણાઈ જઈશું; અને એમ સદા પ્રભુની સાથે રહીશું."

પ્રભુ ઈસુએ પોતે નીચેની વાત કહી હતી : "કેમ કે હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું, અને જો હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ, **તો હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ; જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ [રહો]"** (યોહાન ૧૪ : ૨,૩). એમ, પ્રભુ ઈસુ આ યુગને અંતે આકાશથી ગગનમાં ઊતરશે, અને પોતાના રણશિંગડાના સાદ દ્વારા આપણને હાકલ કરીને ઉપર ગગનમાં ખેંચી લેશે.

સંત પાઉલ ૧ કોરિંથી ૧૫ : ૫૧,૫૨ માં એ રણશિંગડાં વિષે ઉલ્લેખ કરે છેઃ "જુઓ, **હું તમને એક રહસ્ય કહું છું** : આપણે સર્વ

ઊંઘીશું નહિ, પણ **છેલ્લું રણશિંગડું વાગતાં જ**, એક ક્ષણમાં આંખના પલકારામાં આપણ સર્વનું રૂપાંતર થઈ જશે; કેમ કે **રણશિંગડું વાગશે**, અને મૃત્યુ પામેલાં અવિનાશી [થઈને] ઊઠશે, અને આપણું રૂપાંતર થશે." ખ્રિસ્તની મંડળીને ગગનમાં એકત્ર કરીને લઈ જવા માટે આ રણશિંગડું વાગશે .

એને "છેલ્લું રણશિંગડું" શા માટે કહેવામાં આવ્યું છે? એટલા માટે કે હવે પછી ફરી કદી પોતાના લોકોને એકત્ર કરવાનું રહેશે નહિ, કારણ, હવે પછી મંડળી અનંતકાળ માટે પ્રભુ ઈસુની સાથે જ રહેશે. ઓફિસરે, કે સંસ્થાઓએ, કે મિલિટરીએ, દૂર દૂરનાં બધાંની સાથે વાત કરી, હુકમ આપવા એ ફાવે નહિ, તેથી જૂના જમાનામાં બ્યુગલ યા રણશિંગડાંના અવાજ દ્વારા સંદેશા પહોંચાડાતા. એ બતાવે છે કે બોલનાર અને સાંભળનાર વચ્ચે કંઈક અંતર છે. પણ બંને એકબીજાની પાસે આવી જતાં બ્યુગલ યા રણશિંગડું વાપરવાની જરુર રહેતી નથી. એમ જ પ્રભુ ઈસુની મંડળી તેમની પાસે જ હવે રહેશે, એટલે રણશિંગડાના સાદની જરૂર રહેશે નહિ. ઈસુની મંડળી હવે પ્રભુના સાર્વકાલિક વિશ્રામમાં પ્રવેશી ચૂકી છે, તેથી આગેકૂચની કે રણશિંગડાના સાદની હવે જરૂર રહેશે નહિ. માટે આ છેલ્લું રણશિગડું. વળી, હવે આગેકૂચની જરુર રહેશે નહિ. પ્રભુ ઈસુની મંડળી હવે પ્રભુના સાર્વકાલિક વિશ્રામમાં પ્રવેશી ચૂકી છે, તેથી આગેકૂચની કે રણશિંગડાંના સાદની હવે જરૂર રહેશે નહિ. માટે આ છેલ્લું રણશિંગડું. મંડળી તરીકે આપણે હવે સાર્વકાલિક વિશ્રામમાં તથા સાર્વકાલિક આનંદમાં પ્રવેશી ચૂક્યાં છીએ, અને તેની ગાદીના ભાગીદાર બનીને સદાકાળ પ્રભુ ઈસુની સાથે જ રહીશું ! માટે જ આ છેલ્લું રણશિંગડું! કેવો પરમ આનંદ ! કેવી સુખદ - સ્વર્ગીય સ્થિતિ !

કેટલાક લોકો પ્રકટીકરણના પુસ્તકમાં આપેલાં સાત રણશિંગડાંમાંનું આ સાતમું એટલે કે 'છેલ્લું" રણશિંગડું છે, એમ માને છે. પણ એ માન્યતા સાચી નથી. અનર્થો માટેનાં આ સાત રણશિંગડા

સાથે આ પરમ આનંદના રણશિંગડાંને કોઈ સંબંધ નથી. એ જ વિચારી લો ને કે ૧ કોરિંથીનો પત્ર પ્રકટીકરણના પુસ્તક અગાઉ ૩૬ વર્ષ પૂર્વે લખાયો હતો; તો પ્રકટીકરણનાં સાત રણશિંગડાંનો વિચાર હજી થયો ન હોય ત્યાર પહેલાં ૩૬ વર્ષ અગાઉ એનો ઉલ્લેખ કોરિંથીઓને લખાયેલા આ પત્રમાં ક્યાંથી હોઈ શકે ? બીજું, પ્રકટીકરણમાં સાત રણશિંગડાં તો દૂતો વગાડશે. કોરિંથીઓના પત્રમાં અને થેસ્સાલોનિકીઓના પત્રમાં જણાવેલું રણશિંગડું તો "દેવનું રણશિંગડું" છે : "કેમ કે પ્રભુ પોતે ગર્જનાસહિત, પ્રમુખદૂતની વાણીસહિત તથા દેવના રણશિંગડાંસહિત આકાશમાંથી ઊતરશે" (૧ થેસ્સા ૪ : ૧૬).

કેટલાક પ્રભુના સેવકો અને બાઈબલના અભ્યાસીઓ 'છેલ્લા' રણશિંગડાનો અર્થ કંઈક આવો કરે છે : "ઈઝરાયલીઓ પાસે બે રણશિંગડાં હતાં, જેમાંનું એક ઈઝરાયલી લોકોને એકત્ર કરવા માટે, અને બીજું યા છેલ્લું તેઓને કૂચ કરવા માટે વગાડવામાં આવતું. એમ પ્રભુના ગગનમાં ઊતરવાના સમયે પહેલું યા જમાતને ભેગા કરવા માટેનું રણશિંગડું મૃત્યુ પામેલાંમાંથી પ્રભુના લોકોને બહાર નીકળી આવવા માટે, અને પ્રભુના જીવતા લોકોની સાથે જોડાવા માટે વાગશે. અને તે પછી બીજું યા 'છેલ્લું' રણશિંગડું - આગેકૂચ કરવાનું રણશિંગડું વાગશે, એટલે મહિમાવંત શરીરો પામેલાં આ બંને જૂથો ગગનમાં પ્રભુ ઈસુને મળવા માટે ઉપર ગગનમાં તણાઈ જશે.

**"એક રહસ્ય કહું છું."** આ વાતને **"રહસ્ય"** એટલા માટે કહેવામાં આવ્યું છે કે આ બાબત વિષે અગાઉ કદી કહેવામાં આવ્યું નહોતું, કે એ વિષે કોઈ જ જાણતું નહોતું, અને આ પ્રથમ વાર એ જાહેર કરાયું છે. યહૂદી લોકો જૂના કરારના સમયમાં પણ માણસોના પુનરુત્થાનમાં માનતા હતા - જાણતા હતા. પણ મૃત્યુ પામેલાંમાંથી થોડાંક માણસો પ્રથમ ઊઠશે, અને બાકીનાં મૃત્યુ પામેલાં એક હજાર વર્ષ સુધી ઊઠશે નહિ, એ **"પ્રથમ પુનરુત્થાન"** વિષે આ પહેલી જ વાર જાહેરાત કરવામાં આવે છે, માટે એ અગાઉ રહસ્ય હતું, અને અહીં પ્રથમ જ વાર જાહેર યા ખુલ્લું કરવામાં આવ્યું. વળી કેટલાક

'વિશ્વાસીજનો' તો મરણ કદી ચાખશે જ નહિ, પણ જીવતાજીવ મહિમાવંત શરીર પામીને ઉપર ગગનમાં ઊંચકાઈ જશે, એ સત્ય પણ આ પહેલી જ વાર ખુલ્લેખુલ્લું જાહેર કરવામાં આવ્યું; અને તે પહેલાં એ જાહેર નહિ કરાયેલું રહસ્ય હતું.

અગાઉનાં ચાર પર્વો પછી આ પર્વનો ક્રમ પાંચમો આવે છે તે ક્રમ બરાબર છે. **પહેલું પર્વ પાસ્ખાપર્વ** (પ્રભુ ઈસુનું ક્રૂસ પર બલિદાન, પાસ્ખાનો હલવાન યા દેવનો હલવાન વધેરાયો, મુક્તિનું લોહી છંટાયું); **બીજું પર્વ** સાત દિવસ ચાલતું **બે ખમીર રોટલીનું પર્વ** (ખ્રિસ્ત સાથે એના લોકોની સંગત સૂચવે છે); **ત્રીજું પર્વ 'પ્રથમફળનું પર્વ'**(પ્રભુ ઈસુ મૃત્યુ પામેલાંઓમાંથી 'પ્રથમફળ' થઈને ઊઠયાં (૧કોરિંથી ૧૫ : ૨૩); **ચોથું પર્વ પચાસમા દિવસનું પર્વ** (મંડળીની સ્થાપના સુચવે છે); અને **પાંચમું પર્વ રણશિંગડાંનું પર્વ** ( ખ્રિસ્તના લોકોનું પુનરુત્થાન સૂચવે છે.)

ચોથું પર્વ, મંડળીની સ્થાપના અંગેનું પર્વ, યહૂદી ત્રીજા માસમાં આવતું. એ પછી છેક સાતમા માસના પહેલા દિવસ સુધીનો લાંબો ગાળો ખાલી રહેતો. એ ગાળો મંડળીની વૃદ્ધિ અને ફેલાવાનાં આ બે હજાર વર્ષ સૂચવે છે. અને હવે તો થોડા જ સમયમાં પાંચમું પર્વ આવી લાગશે. એ પાંચમું પર્વ બેસું બેસું થઈ રહ્યું છે : "છેલ્લું રણશિંગડું "વાગું વાગું થઈ રહ્યું છે. પ્રભુ ઈસુની ગગનમાં ઊતરવાની તૈયારી લગભગ થઈ ચૂકી છે. તે બારણા લગોલગ આવી પહોચ્યા છે. "જુઓ, તે બારણા આગળ જ છે" (માથ્થી ૨૪ : ૩૨,૩૩). મંડળી હવે ગમે ત્યારે ઉપર ગગનમાં ઊંચકાઈ જાય એવી ચોકકસ વકી છે.

ટુંક મુદત પછી બનનાર આ બનાવ માટે કોઈ ચિહ્નની રાહ જોવાની નથી. પ્રભુની યોજના પ્રમાણે ખ્રિસ્તના શરીરરૂપી મંડળીમાં ઉમેરાનાર છેલ્લામાં છેલ્લી વ્યકિત જયારે મંડળીમાં ઉમેરાઈ જશે કે તરત મંડળી ગગનમાં ઊંચકાઈ જશે.

**હવે યહૂદીઓ માટે પેલું રણશિંગડું કયારે વાગશે તે જોઈએ:**

પ્રભુ ઈસુ ગગનમાં ઊતરે અને મંડળી ગગનમાં ઊંચકાઈ જાય, એ પછી પૃથ્વી ઉપર બાકી રહેલા લોકો ઉપર મહા વિપત્તિનો સાત વર્ષનો ગાળો આવવાનો છે. એમાં છેલ્લા તબકકામાં, વિખેરાઈ ગયેલા યહૂદીઓને ફરી એકત્ર કરવામાં આવશે. તે સમયે યહૂદીઓને એકત્ર કરવા માટેનું આ રણશિંગડું વાગશે. યહૂદીઓના આ પાંચમા પર્વ વખતે ચાંદીનાં બંને રણશિંગડાં વગાડવામાં આવતાં. એ જ પ્રમાણે ખ્રિસ્તીઓના પુનરુત્થાન સમયે એક વાગશે, અને બીજું યહૂદીઓને દુનિયાભરમાંથી એકત્ર કરવા માટે વાગશે. યહૂદીઓને એકત્ર કરવા માટે વગાડવામાં આવનાર રણશિંગડા વિષે પ્રભુ ઈસુએ પોતે માથ્થી ૨૪ : ૩૦, ૩૧ માં કહ્યું છે : "અને ત્યારે માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે; અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમાસહિત તેઓ આકાશના મેઘ પર આવતો દેખશે. અને **રણશિંગડાંના મોટા અવાજસહિત** તે પોતાના દૂતોને મોકલશે, ને **તેઓ ચારે દિશામાંથી** આકાશના એક છેડાથી તે બીજા છેડા સુધી, તેના પસંદ કરેલાઓને એકઠા કરશે."

ઉપરની કલમમાં **"પસંદ કરેલાઓ"** તે ખ્રિસ્તીઓ નહિ, પણ યહૂદીઓ છે, કારણ એ સમયે મંડળી તો ગગનમાં પ્રભુની સાથે હશે, અને આ રણશિંગડું વાગશે તે સમયે મંડળી (સંતો) પ્રભુની સાથે ગગનમાંથી પૃથ્વી ઉપર ઉતરાણ કરતી હશે. ખરેખર તો યહૂદીઓ ઈશ્વરના પસંદ કરેલા લોકો છે. તેઓને પૃથ્વીના ચારે ખૂણાથી યરુશાલેમમાં (ઇઝરાયલમાં) એકત્ર કરવામાં આવશે. **"ખ્રિસ્ત-વિરોધી"** પૃથ્વીની પ્રજાઓનાં સૈન્યોને ચઢાવી લાવીને પ્રભુના પસંદિત લોકોની (યહૂદીઓની) સામે ભારે યુદ્ધ કરશે. પણ પ્રભુ ઈસુ ગગનમાંથી ઊતરીને **ખ્રિસ્તવિરોધી**નો સંહાર કરશે.

યશાયા ૨૭ : ૧૩ માં પણ એ જ રણશિંગડાં વિષેનું ભવિષ્યકથન છે : "વળી તે દિવસે **મોટું રણશિંગડું** વગાડવામાં આવશે, અને આશ્શૂર દેશમાં જેઓ ખોવાયેલા હતા તેઓ, તથા મિસર દેશમાં જેઓને કાઢી મૂકવામાં આવ્યા હતા તેઓ આવશે; અને તેઓ યરુશાલેમમાં પવિત્ર પર્વત પર યહોવાનું ભજન કરશે." આ અગમવાણી પણ યહૂદી પ્રજા માટે જ છે.

બાઈબલમાં જયાં જયાં **"તે દિવસ"** શબ્દ આપવામાં આવ્યો છે, ત્યાં ત્યાં બધે ઠેકાણે પ્રભુના પુનરાગમનના સમય માટે જ એ શબ્દ **(તે દિવસે)** વપરાયો છે, એ હંમેશાં યાદ રાખવું. એ ચાવીરૂપ શબ્દ છે. તો પ્રભુના પુનરાગમન સમયે, એટલે કે પ્રભુ ઈસુ ગગનમાં ઊતરે એ પછી સાત વર્ષ બાદ તે પૃથ્વી ઉપર ઊતરવાના હશે તે સમયે **મોટું રણશિંગડું** વગાડવામાં આવશે." અને બાકી રહેલા સર્વ યહૂદીઓને પૃથ્વીના સર્વ ખૂણામાંથી યરુશાલેમમાં એકત્ર કરવામાં આવશે.

પણ આ રણશિંગડું યહૂદીઓને મહાદુઃખ માટે, યુદ્ધને માટે, પ્રથમ તો એકત્ર કરશે. પ્રભુ ઈસુએ યહૂદી લોકોને પોતાની પાંખો તળે રક્ષણને માટે અને તેમની આજ્ઞા પ્રમાણે ચાલવા માટે એકત્ર કરવા ઇચ્છયું (માથ્થી ૨૩ : ૩૭), પણ યહૂદીઓએ તો પ્રભુની વાણી તુચ્છકારી કાઢી. હવે પ્રભુના પુનરાગમનના સમયમાં **ખ્રિસ્તવિરોધી** દુનિયાની પ્રજાઓને યરુશાલેમની સામે એકઠી કરીને ચઢાવી લાવશે તે સમયે યહૂદી પ્રજા મહા આફતમાં અને ભયંકર સંકડામણમાં આવી પડશે.

યોએલ પ્રબોધકે એ રણશિંગડું, યુદ્ધ, અને યહૂદી પ્રજા વિષે સ્પષ્ટ લખ્યું છે. યોએલ ૨ : ૧. સિયોનમાં રણશિંગડું વગાડો, ને મારા પવિત્ર પર્વતમાં ભયસૂચક નગારું વગાડો; દેશના સર્વ રહેવાસીઓ, તમે કાંપો, કેમ કે યહોવાનો દિવસ આવે છે, ને તે છેક નજીક આવી પહોંચ્યો છે." વળી ૩ : ૨ "ત્યારે હું સર્વ પ્રજાઓને એકઠી કરીને તેમને યહોશાફાટની ખીણમાં દોરી લાવીશ."

હાલમાં આ વર્ષોમાં ઇઝરાયલ દેશમાં એકઠા મળેલા યહૂદીઓને, ઉપર જણાવેલા સાત વર્ષના સમયનાં પાછલાં સાડાત્રણ વર્ષમાં, ખ્રિસ્તવિરોધીની ઘાતકીમાં ઘાતકી સતાવણીને લીધે "અરણ્યમાં" (હોશિયા ૨ : ૧૪, પ્રકટીકરણ ૧૨ : ૬, ૧૪. યશાયા ૨૬ : ૨૦) નાસી જવું પડશે. પણ પછી પ્રભુ પોતાના દૂતોને મોકલીને મોટા રણશિંગડાંના અવાજસહિત તેમને પાછા એકત્ર કરશે, અને 'ખ્રિસ્તવિરોધી'ના હલ્લામાંથી તેમને કાયમને માટે ઉગારી લેશે.

આમ, રણશિંગસાદની યાદગીરીના પર્વમાં પ્રભુના પુનરાગમન સમયે થનાર "**મંડળીના ગગનગમન**" સંબંધી, તેમ જ "**ઇઝરાયલ પ્રજાના પુન : એકઠા કરાવા**" સંબંધીનાં ભવિષ્યકથન સમાયેલાં છે.

●

# ૯ પ્રાયશ્ચિત-દિનનું પર્વ

૧. મંડળી ગગનમાં ખ્રિસ્તના ન્યાયાસન આગળ
૨. યહૂદીઓનો કરુણ વિલાપ અને હૃદયપલટો

બાઈબલપાઠ : લેવીય ૨૩ : ૨૬-૩૨.
[26] "અને યહોવાએ મોશેને કહ્યું કે,
[27] પરંતુ આ સાતમા માસનો દશમો દિવસ પ્રાયશ્ચિતનો દિવસ છે; એ દિવસે તમારે પવિત્ર મેળાવડો કરવો, ને તમારે આત્મકષ્ટ કરવું; અને તમારે યહોવાને હોમયજ્ઞ ચઢાવવો.
[28] અને તે દિવસે તમે કંઈ પણ સંસારી કામ ન કરો; કેમ કે યહોવા તમારા દેવની સંમુખ તમારે સારુ પ્રાયશ્ચિત કરવાને તે પ્રાયશ્ચિતનો દિવસ છે.
[29] કેમ કે જે જન તે દિવસે આત્મકષ્ટ નહિ કરે, તે પોતાના લોકો મધ્યેથી અલગ કરાશે.
[30] અને જે જન તે દિવસે કોઈ જાતનું કામ કરશે, તેનો હું તેના લોકો મધ્યેથી નાશ કરીશ.
[31] તમે કોઈ પ્રકારનું કામ કરશો મા; તમારાં સર્વ રહેઠાણોમાં વંશપરંપરા એ તમારે સારુ સદાનો વિધિ થાય.
[32] તે તમારે માટે પવિત્ર વિશ્રામનો સાબ્બાથ થાય, ને તમારે આત્મકષ્ટ કરવું, એ માસને નવમે દિવસે સાંજથી તે બીજી સાંજ સુધી તમારે તમારો સાબ્બાથ પાળવો."

વળી, આ **પ્રાયશ્ચિત-દિન**ના બધા વિધિઓ અને તે દિવસે શું શું કરવાનું છે તે બધા વિષે ઝીણવટભરી વિગતો લેવીય ૧૬ મા અધ્યાયમાં આપવામાં આવી છે. એ નીચે પ્રમાણે છે :

લેવીય ૧૬ : ૧-૩૪. "અને હારુનના બે દીકરા યહોવાની
હજૂરમાં આવીને માર્યા ગયા, ત્યાર પછી યહોવાએ મોશેની સાથે વાત
કરી. [૨] અને યહોવાએ મોશેને કહ્યું કે, તારા ભાઈ હારુનને કહે કે,
તે પવિત્રસ્થાનમાં પડદાની અંદરની બાજુએ કોશ પરના દયાસન આગળ
સર્વ પ્રસંગે ન આવે; રખેને તે માર્યો જાય, કેમકે, હું દયાસન પર
મેઘમાં દર્શન દઈશ. [૩] હારુન આ વસ્તુઓ લઈને પવિત્રસ્થાનમાં
આવેઃ એટલે પાપાર્થાપર્ણને સારુ એક વાછરડો, તથા દહનાર્પણને સારુ
એક ઘેટો લઈને તે આવે. [૪] શણનો પવિત્ર અંગરખો તે પહેરે, ને
તે પોતાને અંગે શણની ઈજાર પહેરે ને શણના કમરબંધથી કમર બાંધે,
ને શણની પાઘડી પહેરે; [૫] અને ઇઝરાયલપુત્રોની જમાત તરફથી
પાપર્થાર્પણને સારુ બે બકરા, ને દહનાર્પણને સારુ એક ઘેટો તે લે.

[૬] "અને પોતાને વાસ્તે પાપાર્થાપર્ણનો જે બળદ હોય તેને
હારુન રજૂ કરે, ને પોતાને માટે તથા પોતાના ઘરનાંને માટે પ્રાયશ્ચિત
કરે. [૭] અને બે બકરા તે લે, ને તેઓને મુલાકાતમંડપના દ્વાર આગળ
યહોવાની સંમુખ લાવે. [૮] અને હારુન એ બે બકરા ઉપર ચિઠ્ઠીઓ
નાખે; એટલે એક ચિઠ્ઠી યહોવાને સારુ ને બીજી ચિઠ્ઠી અઝાઝેલને
સારુ. [૯] અને જે બકરા પર યહોવાના નામની ચિઠ્ઠી પડે, તેને રજૂ
કરીને હારુન પાપાર્થાર્પણને સારુ ચઢાવે. [૧૦] પણ જે બકરા પર
અઝાઝેલના નામની ચિઠ્ઠી પડે, તેને અઝાઝેલને માટે અરણ્યમાં મોકલી
દેવા સારુ તેને માટે પ્રાયશ્ચિત કરવાને યહોવાની સંમુખ તેને જીવતો
રજૂ કરવો.

[૧૧] "અને પાપાર્થાર્પણનો જે બળદ પોતાને સારુ હોય તેને
હારુન રજુ કરે, ને પોતાને સારુ તથા પોતાના ઘરનાંને સારુ પ્રાયશ્ચિત
કરે, ને પાપાર્થાર્પણનો જે બળદ પોતાને સારુ હોય તેને તે કાપે; [૧૨]
અને યહોવાની સંમુખની વેદી ઉપરથી એક ધૂપદાની ભરીને અગ્નિના
અંગારા, તથા પોતાના બન્ને ખોબા ભરીને બારીક કૂટેલો સુવાસિત
ધૂપ લઈને પડદાની માંહેની બાજુએ તે લાવે; [૧૩] અને તે ધૂપને
યહોવાની સંમુખ પેલા અગ્નિ પર તે નાખે, ને તેથી સાક્ષ્યકોશ ઉપરના

દયાસનને ધુમાડો ઢાંકી નાખે , એ માટે કે તે માર્યો ન જાય; [14]અને
વાછરડાના રકતમાંનું લઈને તે પોતાની આંગળી વડે પૂર્વ ગમ દયાસન
પર છાંટે, અને તે રકતમાંનું સાત વાર પોતાની આંગળી વડે દયાસનની
સામે તે છાંટે.

[15]"અને ત્યાર પછી લોકોને માટે પાપાર્થાર્પણનો જે બકરો
તેને તે કાપે, ને તેનું રકત પડદાની અંદરની બાજુએ લાવે, ને જેમ
તેણે બળદના રકતનું કર્યું તેમ તે તેના રકતનું પણ કરે, એટલે તેને
દયાસન પર તથા દયાસનની સામે તે છાંટે, [16]અને ઇઝરાયલપુત્રોની
અશુદ્ધતાના કારણથી તથા તેઓનાં ઉલ્લંઘનોના એટલે તેઓનાં સર્વ
પાપોના કારણથી પવિત્રસ્થાનને સારુ તે પ્રાયશ્ચિત કરે; અને
મુલાકાતમંડપ જે તેઓની અશુદ્ધતા મધ્યે તેઓની સાથે રહે છે,
તેને માટે પણ તે તેમ જ કરે. [17]અને પવિત્રસ્થાનમાં પ્રાયશ્ચિત
કરવાને તે અંદર જાય, ત્યારે જ્યાં સુધી તે પોતાને સારુ તથા પોતાના
ઘરનાંને સારુ તથા ઇઝરાયલની આખી જમાતને સારુ પ્રાયશ્ચિત કરીને
બહાર ન નીકળે, ત્યાં સુધી મુલાકાત મંડપમાં કોઈ માણસ ન રહે.
[18]અને યહોવાની સંમુખની વેદી પાસે બહાર આવીને તેને સારુ તે
પ્રાયશ્ચિત કરે; અને બળદના રકતમાંનું તથા બકરાના રકતમાંનું લઈને
વેદીનાં શિંગોની આસપાસ તે ચોપડે. [19] અને તે એ રકતમાંથી
પોતાની આંગળી વડે તેના ઉપર સાત વાર છાંટીને તેને શુદ્ધ કરે, ને
ઇઝરાયલપુત્રોની અશુદ્ધતામાંથી તેને પવિત્ર કરે."

[20] "અને જયારે તે પવિત્રસ્થાનને તથા મુલાકાતમંડપને તથા
વેદીને માટે પ્રાયશ્ચિત કરી રહે, ત્યારે જીવતા બકરાને તે
હાજર કરે; [21] અને હારુન જીવતા બકરાના માથા ઉપર પોતાના બન્ને
હાથ મૂકે, ને તેના ઉપર ઇઝરાયલપુત્રોના સર્વ અન્યાય તથા તેઓનાં
સર્વ ઉલ્લંઘન એટલે તેઓનાં સર્વ પાપ કબુલ કરીને તેઓને બકરાને
શિર મૂકે; અને ઠરાવેલા માણસની હસ્તક તેને અરણ્યમાં મોકલી દેવો;
[22]અને બકરો તેઓના સર્વ અન્યાય પોતાને શિર ધરીને ઉજજડ
પ્રદેશમાં લઈ જશે; અને રાનમાં તે બકરાને છોડી દેવો. [23]અને

હારુન મુલાકાતમંડપમાં આવે, ને જે શણનાં વસ્ત્ર તેણે પવિત્રસ્થાનમાં
જતી વેળાએ પહેર્યાં હતાં, તેમને તે ઉતારીને ત્યાં રાખી મૂકે; ૨૪
અને પવિત્ર જગામાં પાણીથી સ્નાન કરીને તે પોતાનાં વસ્ત્ર પહેરે,
ને બહાર આવીને પોતાનું દહનાર્પણ તથા લોકોનું દહનાર્પણ ચઢાવીને
પોતાને સારુ તથા લોકોને સારુ પ્રાયશ્ચિત કરે. ૨૫ અને પાપાર્થાર્પણની
ચરબીનું તે વેદી ઉપર દહન કરે. ૨૬ અને અઝાઝેલને સારુ બકરાને
છોડી મૂકનાર માણસ પોતાનાં વસ્ત્ર ધોઈ નાખે, ને પાણીમાં સ્નાન
કરે, ને ત્યાર પછી છાવણીમાં આવે. ૨૭ અને પાપાર્થાર્પણનો બળદ
તથા પાપાર્થાર્પણનો બકરો, જેઓનું રકત પવિત્રસ્થાનમાં પ્રાયશ્ચિત
કરવા સારુ અંદર લઈ જવામાં આવ્યું હતું, તેઓને છાવણી બહાર
લઈ જવા; અને તેમનું ચામડું તથા માંસ તથા છાણ આગમાં નાખવાં.
૨૮ અને તેમને બાળી નાખનાર માણસ પોતાનાં વસ્ત્ર ધોઈ નાખે, ને
પાણીમાં સ્નાન કરે, ને ત્યાર પછી તે છાવણીમાં આવે."

૨૯ "અને એ સદાને માટે તમારો વિધિ થાય; સાતમા માસમાં
તે માસને દશમે દિવસે તમે આત્મકષ્ટ કરો, ને કોઈ પ્રકારનું કામ ન
કરો, પછી એતદેશી હો, કે તમારા મધ્યે પ્રવાસ કરતો પરદેશી હો;
૩૦ કેમ કે તમારા શુદ્ધિકરણને સારુ એ દિવસે તમારે માટે પ્રાયશ્ચિત
કરવામાં આવશે; તમે તમારાં સર્વ પાપથી યહોવાની આગળ શુદ્ધ
થશો. ૩૧ તે તમારે સારુ પવિત્ર વિશ્રામનો સાબ્બાથ છે, ને તમારે
આત્મકષ્ટ કરવું, તે સદાને માટે વિધિ છે. ૩૨ અને જે યાજક અભિષિકત
થઈને પોતાના બાપની જગાએ યાજકપદ ધારણ કરવા સારુ પ્રતિષ્ઠિત
કરાય, તે પ્રાયશ્ચિત કરે, ને શણનાં વસ્ત્ર એટલે પવિત્ર વસ્ત્ર પહેરે;
૩૩ અને પવિત્રસ્થાનને સારુ તે પ્રાયશ્ચિત કરે, ને મુલાકાતમંડપના સારુ
તથા વેદીને સારુ તે પ્રાયશ્ચિત કરે, અને યાજકોને સારુ તથા મંડળીના
સર્વ લોકોને સારુ તે પ્રાયશ્ચિત કરે. ૩૪ અને ઇઝરાયલપુત્રોનાં બધાં
પાપને લીધે તેઓને સારુ વર્ષમાં એક વાર પ્રાયશ્ચિત કરવું, એ તમારે
માટે સદાનો વિધિ થાય. અને જેમ યહોવાએ મોશેને આજ્ઞા કરી તેમ
તેણે કર્યું."

**આ પ્રાયશ્ચિતનો દિવસ** હિબ્રૂ કેલેન્ડરના સાતમા (તીશરી) માસની ૧૦મી એ આવતો, અને એ ઇઝરાયલ લોકોનાં પાપને માટે વાર્ષિક પ્રાયશ્ચિતનો દિવસ હતો. યહૂદીઓનાં બધાં પર્વોમાં આ દિવસ ગંભીરમાં ગંભીર હતો. આ દિવસે વધેરવામાં આવતાં બલિદાનો ઈશ્વરની કૃપા અને આ પ્રજા પ્રત્યેની ઈશ્વરની ક્ષમાદૃષ્ટિના પાયારુપ છે. લેવીય ૨૩ : ૨૭ ખાસ ચાવીરૂપ કલમ છે.

આ પ્રાયશ્ચિતના દિવશે શું બનતું ? પ્રથમ તો વડો યાજક યાજક તરીકેનો પોતાનો ગૌરવશાળી પોશાક ઉતારીને શણનાં વસ્ત્ર પહેરતો. આમ તો એ વસ્ત્રો સામાન્ય હતાં, પણ શણનાં વસ્ત્ર શુદ્ધતા અને ન્યાયીપણું સૂચવતાં હોવાથી એ 'પવિત્ર' ગણાતાં. એ પછી એક વાછરડો લઈને તે કાપે, અને પરમપવિત્રસ્થાનમાં પ્રવેશીને આ વાછરડાના લોહીને દયાસન ઉપર એક વાર અને દયાસનની આગળ સાત વાર છાંટે. આ પ્રાયશ્ચિત વડા યાજકને પોતાને માટે અને તેના કુટુંબને માટે છે. એ બતાવે છે કે તે વડો યાજક હતો છતાં તે પાપરહિત નહોતો; તેને પોતાને માટે પણ બલિદાન ધરવાનું રહેતું. એમ તે પોતે પડદો ઓળંગીને પરમપવિત્રસ્થાનમાં પ્રવેશવા યોગ્ય નહોતો; ફકત વાછરડાના રકતને દયાસન પર છાંટવાથી જ ઈશ્વર એને માન્ય રાખતો. એટલું જ નહિ પણ ધૂપદાનીમાં પવિત્રસ્થાનમાંનો ધૂપ ભરીને એને પણ પરમપવિત્રસ્થાનમાં આવીને અગ્નિ પર નાખતો જેથી દયાસન ધુમાડાથી ઢંકાઈ જતું. આ રકત અને ધુમાડા દ્વારા તે બચાવ પામતો.

એ પછી વડો યાજક બે બકરા લેતો અને ચિઠ્ઠીઓ નાખીને પસંદ કરતો કે કયો બકરો ઈશ્વરને બલિદાન તરીકે ધરવો અને કયા બકરાને અરણ્યમાં છૂટો મૂકી દેવો. એ પછી ઈશ્વર માટેના બકરાને વધેરીને એનું લોહી તે દયાસન ઉપર અને આગળ ઉપર પ્રમાણે જ છાંટતો. આ બકરાનું લોહી ઇઝરાયલ લોકોના પાપાર્થાપણને માટે ગણાતું. પછી વડો યાજક બીજા બકરાને લઈને એના માથા ઉપર પોતાના હાથ મૂકતો, અને ઇઝરાયલ લોકોનાં પાપોની કબૂલાત કરતો. એ પછી આ બકરાને અરણ્યમાં લઈ જઈને છોડી મૂકવામાં આવતો,

જેથી એ ફરી કદી જોવામાં ન આવે. ત્યાર બાદ પેલા વાછરડા અને બકરાંના મુડદાંને શહેરની બહાર બાળી નાખવામાં આવતાં.

આ બધો વિધિ ચાલતો તે દરમિયાન ઈઝરાયલ લોકો બહાર આંગણામાં ઊભા રહીને પોતાનાં પાપ કબૂલતા, અને પોતાનાં પાપોને માટે દુઃખી થતા, એટલે કે 'આત્મકષ્ટ' કરતા. બાઈબલમાં આ દિવસે **આત્મકષ્ટ** કરવા કહ્યું છે; હા, આ દિવસ તો પોતાનાં પાપોને કારણે પોતાને ધિક્કરાવાનો, દુઃખી થવાનો, અને આત્મકષ્ટ કરવાનો હતો. લોકો હજી શોક અને વિલાપ કરતા હતા તે સમયે વડો યાજક શણનાં વસ્ત્ર ઉતારીને પાછો પેલો ગૌરવવાન પોશાક પહેરી લેતો, પછી લોકોની સન્મુખ આવતો. તેને જોઈને લોકો ખૂબ ઉલ્લાસિત થતા, કારણ વડા યાજકને જોઈને તેઓને ખાતરી થતી કે તેમનાં પાપ "ઢંકાઈ ગયાં છે."

પ્રભુ ઈસુ આપણા 'વડા યાજક' છે. વડો યાજક ગૌરવવાન પોશાક ઉતારીને શણનાં વસ્ત્ર પહેરતો. એ પછી તે પરમપવિત્રસ્થાનમાં જતો. એમ જ પ્રભુ ઈસુ સદેહ થયા તે સમયે તેમણે સ્વર્ગીય મહિમારૂપી પોશાક ઉતારી નાખ્યો, અને તેઓ સૌંદર્યહીન બન્યા. યશાયા ૫૩: ૨, ૩ કહે છેઃ "તેનામાં કંઈ સૌંદર્ય નહોતું, ને લાવણ્ય નહોતું. આપણે તેને જોયો ત્યારે તેનું સ્વરૂપ એવું નહોતું ક આપણે તેને ચાહીએ. તે માણસોથી ધિક્કારાયેલો તથા તજાયેલો હતો; દુઃખી પુરુષ ને દરદનો અનુભવી, ને જેને જોઈને આપણે મુખ અવળું ફેરવીએ, એવો તે ધિક્કાર પામેલો હતો, ને આપણે તેની કદર બૂજી નહિ." વળી ફિલીપી ૨ : ૭,૮ જણાવે છે : "પણ તેણે પ્રભુ ઈસુએ" દાસનું રુપ ધારણ કરીને, એટલે માણસોના રુપમાં આવીને પોતાને ખાલી કર્યો; અને માણસના આકારમાં પ્રગટ થઈને, મરણને, હા, વધસ્તંભના મરણને, આધીન થઈને, પોતાને નમ્ર કર્યો."

આમ છતાં, જેમ શણનાં વસ્ત્ર શુદ્ધતા તથા ન્યાયીપણું સૂચવે છે, તેમ પ્રભુ ઈસુએ નમ્રતાના નિશાનરૂપ માનવદેહ ધારણ કર્યો હોવા

છતાં તેઓ નિષ્કલંક હતા. એટલે યહૂદી વડા યાજકની પેઠે તેમણે પોતાના શુદ્ધિકરણ માટે પોતાને ખાતર બલિદાન દેવું પડતું નહોતું. એટલે જ હિબ્રૂ ૭ : ૨૬ માં લખ્યું છે : "વળી આપણને એવા પ્રમુખ યાજકની જરૂર હતી કે, જે પવિત્ર, નિર્દોષ, નિષ્કલંક, પાપીઓથી અલગ છે, અને જેને આકાશ કરતાં ઊંચો ચઢાવેલો છે. પ્રથમ પ્રમુખ યાજકોની પેઠે પોતાનાં પાપોને માટે, અને પછી લોકોનાં પાપોને માટે બલિદાન આપવાની તેને અગત્ય રહેતી નથી; કેમ કે તેણે (પ્રભુ ઈસુએ) પોતાનું સ્વાર્પણ કરીને એ કામ એક જ વખત કર્યું."

ઈઝરાયલીઓમાં આ પ્રાયશ્ચિતનો દિવસ પળાતો ત્યારે તે દિવસે જે બે બકરા લેવાતા તે બકરા પણ પ્રભુ ઈસુના બીજાંઓ માટેના મૃત્યુનાં બે પાસાં દર્શાવે છે. વધેરવામાં આવતો બકરો દોષિતને બદલે નિર્દોષનું બલિદાન ઈશ્વરની તૂટેલી વ્યવસ્થાને સમી કરે તે દર્શાવે છે. જેના માથા ઉપર ઈઝરાયલનાં પાપ કબૂલ કરીને મૂકવામાં આવ્યાં છે, અને જેને અરણ્યમાં મોકલી દેવામાં આવ્યો છે તે બકરો, જગતનું પાપ હરણ કરતા દેવના ખરા હલવાન પ્રભુ ઈસુનું પ્રતીક છે. તેમણે આપણાં પાપ પોતાને શિર લીધાં. અને જેમ બકરો એ પાપો માથે લઈ અરણ્યમાં ચાલ્યો જાય, એમ જ પ્રભુ ઈસુએ આપણાં પાપનું હરણ કર્યું છે, અને હવે કદી તે આપણાં પાપ યાદ કરશે નહિ; આપણી આંખો આગળ લાવશે નહિ. તેઓ સદાને માટે દૂર કરાયાં છે.

પેલા વધેરાયેલા વાછરડા તથા બકરાનાં મુડદાંને ઈઝરાયલ લોકોની છાવણીની બહાર લઈ જઈને બાળી નાખવામાં આવતાં, તેમ પ્રભુ ઈસુને શહેરની બહાર ક્રૂસ પર મારી નાખવામાં આવ્યા. એટલે હિબ્રૂ ૧૩ : ૧૧, ૧૨ માં લખવામાં આવ્યું છે : "કેમ કે પાપાર્થાર્પણ તરીકે જે પશુઓનું રક્ત પ્રમુખ યાજક પવિત્રસ્થાનમાં લાવે છે, તેઓનાં શરીર છાવણી બહાર બાળવામાં આવે છે. માટે ઈસુએ પણ પોતાના જ રક્તથી લોકોને પવિત્ર કરવા સારુ દરવાજા બહાર મરણ સહ્યું."

જેમ વડો યાજક પ્રાયશ્ચિત-દિનનાં બલિદાનો, ઇત્યાદિ પૂરાં થતાં એટલે તે શણનાં વસ્ત્રો ઉતારીને પાછો ગૌરવવાન પોશાક પહેરી લેતો, તેમ પ્રભુ ઈસુએ માનવ-શરીરમાં આવીને ક્રૂસ પર પોતાનું બલિદાન દીધું, એ પછી મૃત્યુંજય બની ફરીથી સ્વર્ગગમન કરીને મહિમામાં બિરાજમાન થયા. તેમણે માનવી શરીર તો તજી દીધું નહિ, પણ મહિમાવંત શરીર ધારણ કર્યું, અને એ જ પ્રભુ ઈસુ ફરીથી પાછા પોતાના મહા મહિમામાં આવવાના છે.... "ખ્રિસ્તે ઘણાઓનાં પાપ માથે લેવા સારુ એક જ વાર બલિદાન આપ્યું, અને જેઓ તેની વાટ જુએ છે તેઓના સંબંધમાં તારણને અર્થે તે બીજી વાર પાપ પ્રગટ વગર થશે"(હિબ્રૂ ૯ : ૨૮).

બધા વિધિઓ પતાવી વડા યાજકને પોતાની પાસે આવતો જોઈને ઇઝરાયલ લોકો ઉલ્લાસિત બનતા, અને હર્ષ-પોકાર કરતા, કારણ વડા યાજકના આવ્યાથી તેમને ખાતરી થતી કે તેમનાં પાપ હવે ઢંકાઈ ગયાં છે. દાવિદ ભકત કહે છે, "જેનું ઉલ્લંઘન માફ થયું છે, તથા જેનું પાપ ઢંકાઈ ગયું છે તેને ધન્ય છે" (ગીતશાસ્ત્ર ૩૨ : ૧). દયાસન ઉપર લોહીના છંટકાવ દ્વારા લોહી વડે લોકોનાં પાપ ઢંકાઈ ગયાં. 'પ્રાયશ્ચિત' ને માટે હિબ્રૂ ભાષામાં 'કફાર' શબ્દ વાપરવામાં આવે છે, અને એ 'કફાર' શબ્દનો મૂળ અર્થ ઢાંકણ થાય છે. અને એ શબ્દ ઉપરથી જ હિબ્રૂમાં 'પ્રાયશ્ચિત દિન'ને **"યોમ કીપ્પુર"** કહે છે. આજે પણ યહૂદી લોકો 'યોમ કીપ્પુર' પાળે છે. (યોમ = દિવસ, અને 'કીપ્પુર' = ઢાંકણ યા પ્રાયશ્ચિત). હિંદીમાં આપણે ગાઈએ છીએ 'ક્રૂસ પર ચઢ કર લહુ બહાયા, તાકે હો કફારા હમારા." (ભજનસંગ્રહ. હિંદી-અંગ્રેજી ગીતો નં.૧). એમાં 'કફારા'નો અર્થ 'ઢાંકણ' તરીકે જ 'મુકિત' કરાયો છે. વળી ઉત્પતિ ૬-૧૪ માં નૂહને વહાણની અંદર તથા બહાર 'ડામર' લગાડવા કહેવામાં આવ્યું છે, એ ડામર માટે પણ હિબ્રૂમાં કફાર (ઢાંકણ) શબ્દ છે. નૂહનું બચાવનું વહાણ પ્રભુ ઈસુના ઉદ્ધારક મૃત્યુનું પ્રતીક છે.

દયાસન એ કરારકોશ ઉપર **ઢાંકણ** સમાન હતું. એટલે ખુદ **દયાસન** પણ પ્રભુ ઈસુ માટેનું પ્રતિક છે. રકત-છંટકાવ દ્વારા લોકોનાં પાપો કેટલાયે જમાનાથી જાણે કે દયાસન પર જમા થતાં હતાં, અને ક્રૂસ પર પ્રભુ ઈસુ ચઢયા ત્યારે એ એમના શિર પર જાણે કે મૂકવામાં આવ્યાં. જો પ્રભુ ઈસુ પૃથ્વી પર આવ્યા ન હોત અને ક્રૂસ પર બલિદાન બની ગયા ન હોત, તો દયાસન પર છાંટવામાં આવેલું રકત નિષ્ફળ જાત, લોકોનાં પાપ લોકો ઉપર જ રહેત. દયાસન તો પ્રભુ ઈસુના પ્રતીકરૂપ હતું.

આપણે અગાઉ જોયું તેમ છેલ્લાં ત્રણ પર્વો ૫,૬,૭) ઈઝરાયલ લોકોને તેમ જ ખ્રિસ્તી મંડળીને, એમ બંને વર્ગને લાગુ પડે છે. એટલે આ પર્વને એ અલગ અલગ સંદર્ભમાં આપણે જોઈએ.

**પ્રભુ ઈસુની મંડળીને માટે લાગુકરણ : પ્રાયશ્ચિત-દિનના પર્વ** ની વાર્ષિક ઉજવણી **રણશિંગડાના પર્વ** પછી અને 'માંડવાપર્વ' અગાઉ આવતી. એટલે આ પ્રાયશ્ચિતના પર્વનું ખ્રિસ્તની મંડળી માટેનું લાગુકરણ ભવિષ્યકાળમાં આવશે, - રણશિંગડાના પર્વ પછી.

રણશિંગડાંનું પર્વ **પહેલા પુનરુત્થાન** ની ઉપમા છે. પ્રભુ ઈસુ તેમની મંડળીને લેવા માટે ગગનમાં ઊતરશે તે સમયે આ પહેલું પુનરુત્થાન થશે, અને 'ખ્રિસ્તમાં મૃત્યુ પામેલાં' સજીવન થઈને ઊઠશે, અને પ્રભુ ઈસુના તે સમયે જીવંત લોકો મહિમાવંત શરીરો ધારણ કરશે, એટલે બંને વર્ગ ઉપર ગગનમાં ઊંચકાઈ જશે.

અહીં ગગનમાં પ્રભુ ઈસુના સંગમાં આ પ્રાયશ્ચિત-દિનના પર્વની ઉજવણીની ઉપમા યા લાગુકરણ પૂરું થશે. પ્રભુ ઈસુ પોતાના ન્યાયસન પર બેસશે, અને આવેલાં આ બધાં 'સંતો'નાં કામોની ચકાસણી કરશે. પૃથ્વી ઉપર મંડળી બાંધવામાં, મંડળીની આગેકૂચ કરાવવામાં અને સર્વ સ્થળે ખ્રિસ્તનાં સાક્ષી બનવામાં આ 'સંતો'એ જે બધાં કામો કર્યા હશે તેમને અગ્નિથી પારખવામાં આવશે.

મંડળી બાંધવાનાં કાર્યો અને ખ્રિસ્તના સાક્ષી બનવાનાં કાર્યો એ માત્ર મંડળીમાં બજાવેલી કામગીરીઓ પૂરતાં જ મર્યાદિત નથી, બલકે એ બધાં તો ગૌણ છે. પણ આપણે બહાર દુનિયામાં જયાં જયાં કામધંધો કરીએ છીએ, નોકરી-ચાકરી કરીએ છે તે બધી કામગીરીનો એમાં સમાવેશ થાય છે, કેમ કે પ્રભુ ઈસુએ પોતાની સનાતન યોજના પ્રમાણે એ સ્થળોએ આપણને મૂકયા છે. વળી દરરોજ જે જે પ્રસંગોમાં થઈને આપણે પસાર થઈએ છીએ એ બધા સંજોગોમાં પ્રભુ ઈસુએ આપણને પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે આવવા દીધા છે. એ સંજોગો કે પ્રસંગોનો આપણે કેવો ઉપયોગ કરીએ છીએ તે પણ બહારની દુનિયામાં ખ્રિસ્તની મંડળી સ્થાપવામાં તથા પ્રભુ ઈસુના સાક્ષી બનવામાં આપેલી કામગીરી જ છે. અને ખ્રિસ્તના ન્યાયાસન આગળ એ બધાંની ચકાસણી 'અગ્નિ' દ્વારા થશે.

પહેલા કોરિંથી ૩ : ૧૦ - ૧૭ માં આ ખ્રિસ્તના ન્યાયાસન આગળની ચકાસણી વિષે આપવામાં આવ્યું છે : "દેવની મારા પર થયેલી કૃપા પ્રમાણે કુશળ મિસ્ત્રી તરીકે મેં પાયો નાખ્યો છે; અને તેના ઉપર બીજો બાંધે છે. પણ પોતે તેના પર કેવી રીતે બાંધે છે તે વિષે દરેકે સાવધ રહેવું. કેમ કે નંખાયેલો પાયો તે ઈસુ ખ્રિસ્ત છે, તે સિવાય બીજો પાયો કોઈ નાખી શકતું નથી. પણ જો આ પાયા પર કોઈ સોનું, રુપું, મુલ્યવાન પાષાણ, કાષ્ટ, ઘાસ કે ખૂંપરા બાંધે; તો દરેકનું કામ [કેવું છે તે] પ્રગટ કરવામાં આવશે; કેમ કે દિવસે તેને ઉઘાડું પાડશે, કેમ કે અગ્નિથી તે પ્રગટ કરવામાં આવશે; અને દરેકનું કામ કેવું છે એ અગ્નિ જ પારખશે. કોઈએ તે [પાયા] પર જે બાંધકામ કર્યું હશે, તે જો ટકશે તો તેને બદલો મળશે. જો કોઈનું કામ બળી જશે, તો તેને નુકશાન થશે; પણ તે જાતે જાણે કે અગ્નિમાંથી બચેલા જેવો થશે."

પ્રત્યેક ખ્રિસ્તી જન જે ગગનમાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે આવ્યો છે તેનાં પૃથ્વી પર આચરેલાં તમામ કામોની અહીં ખ્રિસ્તના ન્યાયાસન આગળ ચકાસણી થશે. વળી એ સેવાઓ અને કાર્યો પાછળ કઈ

ભાવનાઓ હતી, કયા હેતુથી એ બધું કર્યું હતું એ બધું ઉઘાડું થશે. ઉપરના પાઠની કલમ ૧૩ માં આપવામાં આવેલાં વાક્યો, "કેમ કે તે દિવસે **તેને ઉઘાડું પાડવામાં આવશે,** કેમ કે **અગ્નિથી તે પ્રગટ કરવામાં આવશે.**" એ સૂચવે છે. વળી આ કલમ પણ એ જ વાતને અનુમોદન આપે છે : "કેમ કે દરેકે શરીરમાં રહીને જેજે ભલું કે ભૂંડું કર્યું હશે તે પ્રમાણે ફળ પામવાને આપણ સર્વને ખ્રિસ્તના ન્યાયાસન આગળ **પ્રગટ થવું પડશે,**" (૨ કોરીંથી ૫ :૧૦).ન્યાયાસન આગળ ખડા થવું પડશે કે, હાજર થવું પડશે એમ નથી, પણ પ્રગટ થવું પડશો એવું છે. જેમ શરીરમાં છુપાયેલી ગાંઠ એકસ-રે **(X-rays)** આગળ પ્રગટ થાય તેમ જ.

ઉપરની કલમમાં (૨ કોરીંથી ૫ : ૧૦) માં "ભલું કે"ભૂંડું" શબ્દો આપ્યા છે, તેમાં "ભૂંડું" શબ્દ એ નૈતિક ભૂંડાઈ માટે નથી. ચોરી, ખૂન, વ્યભિચાર, સ્વાર્થ, ઈર્ષા, અદેખાઈ, ઈત્યાદિ નૈતિક ભૂંડાઈ માટે મૂળ ગ્રીક ભાષામાં "પોનરસ" શબ્દ છે. અહીં આ કલમમાં ભૂંડું શબ્દની જગાએ ગ્રીકમાં "કાકોસ" શબ્દ વાપર્યો છે. ઠરાવેલા ધોરણ કરતાં ઊતરતું કામ થયું હોય તેને માટે 'કાકોસ' શબ્દ વપરાયો છે. દાખલા તરીકે, પરીક્ષા આપીને આવેલો વિદ્યાર્થી આવીને જણાવે છે કે 'બહુ ખરાબ કામ થયું છે." 'ખરાબ' એટલે ધારેલા નિશાન કરતાં ઊતરતા ધોરણ યા નિશાનનું કામ થયાથી એને ખરાબ કહ્યું. એ અર્થમાં અહીં ભૂંડું શબ્દ વાપર્યો છે.

વળી ૧ કોરીંથી ૪ : ૫ માં પણ એ જ મતલબનું લખાણ છે: માટે તમે સમયની અગાઉ, એટલે પ્રભુ આવે ત્યાં સુધી, કંઈ નિર્ણય ન કરો, કેમ કે તે **અંધકારમાં રહેલી ગુપ્ત વાતોને જાહેરમાં લાવશે,** અને **હૃદયોની ધારણાઓ પણ પ્રગટ કરશે,** અને તે વેળા દરેકનાં વખાણ દેવ તરફથી થશે." હા, પ્રભુ ઈસુના આ ન્યાયાસન આગળ 'હૃદયોની ધારણાઓ" ને તથા અંધકારમાં રહેલી ગુપ્ત વાતોને જાહેરમાં લાવશે." આ કેવો આત્મકષ્ટનો દિવસ હશે !

લેવીય ૨૩ : ૩૨ માં પ્રાયશ્ચિત-દિનના પર્વ સમયે "તમારે આત્મકષ્ટ કરવું" એમ ફરમાવવામાં આવ્યું છે, અને એ પ્રાયશ્ચિત-દિનનું પર્વ જેની પૂર્વછાયા છે તે, ઉપર જોયું તેમ, ખ્રિસ્તના ન્યાયાસન આગળ મંડળી "પ્રગટ" થશે એ પ્રસંગ છે. ત્યાં આપણાં કામોને અગ્નિ પારખશે, અને એ કામોના હેતુઓ તથા ભાવનાઓ જાહેર કરવામાં આવશે ત્યારે આપણે શરમ તથા આત્મકષ્ટ અનુભવીશું. આંપણ પૃથ્વી પર પ્રભુ ઈસુની સેવામાં થોડું જ વપરાયા હોઈશું કે બિલકુલ નહિ વપરાયા હોઈએ, એ વાત આપણે માટે કેવી શરમભરી અને આત્મકષ્ટનો બહુ ઊંડો અનુભવ કરાવનારી નીવડશે! બીજાઓને તેમની સોના, રુપા અને કિંમતી પથ્થરો સમ સેવા અને કાર્યો માટે કેવી શાબાશી અને ઈનામ મળશે ! પ્રભુ ઈસુ તેઓને કહેશે : "શાબાશ, સારા ચાકર; તું જૂજ વાતમાં વિશ્વાસુ માલૂમ પડયો છે, માટે દશ શહેરોનો અધિકારી થા" (લૂક ૧૯ : ૧૭). એ વખતે સેવા થોડી કે બિલકુલ નહિ કરનારને કેવી શરમિંદગી અને આત્મકષ્ટ અનુભવવાં પડશે !

એ પછી ફરી કદી આપણી સેવાની ત્રુટીઓને યાદ કરાવવામાં આવશે નહિ. આપણા આત્મા તો પ્રભુ ઈસુના લોહીના છંટકાવથી ઉદ્ધાર પામેલા તો હતા જ. એટલે આપણે સદાકાળ માટે પ્રભુ ઈસુ સાથે રહીશું (૧ કોરીંથી ૩ : ૧૫). એમ ખ્રિસ્તની મંડળીની આ આત્મકષ્ટમાં પ્રાયશ્ચિત-દિનના પર્વનું પ્રતિક પૂર્ણ થશે. એની તૈયારી માટે આપણ વિશ્વાસ કરનારાંઓએ પ્રભુનાં સેવાકાર્યોમાં કેવાં પૂરા તન, મન, ધનથી ઓતપ્રોત બનવું જોઈએ ! અને બહારની આપણી નોકરી-ચાકરીમાં પણ જયાં હોઈએ ત્યાં ખ્રિસ્તના સાક્ષીઓ તરીકે કેટલા બધા વિશ્વાસુ બની રહેવું જોઈએ! તેમ જ તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે " (માથ્થી ૫ : ૧૬).

**ઈઝરાયલ પ્રજાને લાગુકરણ :** આ પૂર્વછાયારૂપ 'પ્રાયશ્ચિત દિનનું પર્વ' ઈઝરાયલ પ્રજાને કેવી રીતે લાગુ પડે છે ? એ પર્વ આ પ્રજાના ભવિષ્યકાળમાં બનવાના કયા પ્રસંગને લાગુ પડે છે ? એ શાની પૂર્વછાયા છે ? આપણે જોઈએ.

પ્રભુ ઈસુ પોતાની મંડળીને લેવા માટે ગગનમાં આવશે, એ પછી સાત વર્ષના ગાળા બાદ તે પોતાના "સંતો" (મંડળી) સહિત પૃથ્વી ઉપર ઊતરશે. આ સાત વર્ષના ગાળા દરમિયાન, અને ખાસ કરીને પાછલાં સાડા ત્રણ વર્ષ (કાળ, કાળો, અને અર્ધો કાળ - દાનિયેલ ૧૨: ૭, સમય,સમયો, અને અર્ધો સમય - પ્રકટીકરણ ૧૨: ૧૪; અથવા ૪૨ મહિના, અથવા ૧૨૬૦ દિવસો - પ્રકટીકરણ ૧૨ : ૬) દરમિયાન પૃથ્વી ઉપર ભયંકર વિપત્તિ અને સતાવણી આવી પડશે. એના વિષે પ્રભુ ઈસુએ કહ્યું છે, "કેમ કે તે વેળા એવી મોટી વિપત્તિ આવી પડશે કે તેના જેવી જગતના આરંભથી તે હમણાં સુધી થઈ નથી, ને કદી થશે પણ નહિ" (માથ્થી ૨૪ : ૧૨). વધુ કલમો માટે જુઓ હઝકીએલ ૨૦ : ૩૫-૩૮. ૨૨ : ૧૭-૨૨. માલાખી ૩: ૧-૩, દાનિયેલ ૧૨ : ૧. ઝખાર્યા ૧૩ : ૮-૯.

આ મહા વિપત્તિ ઈઝરાયલ લોકોને માથે સૌથી કપરામાં કપરી, અરે, ભયંકર નીવડવાની છે. એટલે તો યિર્મેયા પ્રબોધકે એને **યાકોબના સંકટનો સમય"** કહ્યો છે (યિર્મેયા ૩૦ : ૪,૭). "ખ્રિસ્તવિરોધી" ("પાપનો માણસ," "અધર્મી," "વિનાશનો દીકરો") આવશે. ઉપર જણાવેલા સાત વર્ષના ગાળાની શરુઆતમાં જ આ ખ્રિસ્તવિરોધી યહૂદીઓની સાથે સાત વર્ષનો કરાર કરશે, પણ એ સાત વર્ષના ગાળાની અધવચમાં જ એ કરાર તોડશે, અને યહૂદીઓ ઉપર ભારે તવાઈ લાવશે. યરુશાલેમના મંદિરમાં તે બિરાજશે, અને અંદર શ્વાપદની મૂર્તિને બેસાડીને બધાંની પાસે એની પૂજા કરાવશે, યહૂદીઓની પાસે બળજબરીથી પૂજા કરાવશે : એટલું જ નહિ, પણ પૃથ્વીની પ્રજાઓનાં લશ્કરોને એકત્ર કરીને યરુશાલેમની સામે ચઢાવી લાવશે. એમાં યરુશાલેમનું પતન થયું હશે, અને અસંખ્ય યહૂદીઓનો

વિનાશ થયો હશે. આ ભયંકર સતાવણીમાં યહૂદીઓ ત્રાસ ત્રાસ પામીને ઈશ્વરને પોકારશે. અને એ જ સમયે પ્રભુ ઈસુ ગગનથી સંતોને લઈને પૃથ્વી પર ઊતરશે, અને ખ્રિસ્તવિરોધીનો સંહાર કરશે (દાનિયેલ ૯ : ૨૬, ૨૭. ૨ થેસ્સા ૨ : ૮).

બસ, એ જ સમયે ઇઝરાયલ પ્રજાના હકકમાં આ પ્રાયશ્ચિત-દિનનું પર્વ પૂર્ણ થશે એ પર્વ ઇઝરાયલ પ્રજાના જીવનના આ બનાવનું પ્રતીક હતું.આપણે જરા વધુ વિગતથી જોઈએ.

મહા વિપત્તિમાં યહૂદીઓ (ઇઝરાયલીઓ) ઈશ્વરને બૂમ મારશે, અને પ્રભુ ઈસુ ગગનથી ઊતરીને 'ખ્રિસ્તવિરોધી'નો વિનાશ કરશે, અને યહૂદીઓનો છુટકારો કરશે. ત્યારે તેઓ (યહૂદીઓ) આંખો ઊંચી કરીને જોશે, અને તેમનો અજાયબ બચાવ કરનાર પ્રભુ ઈસુને તેઓ ઓળખશે. ત્યારે તેઓને ભાન થશે કે અમે અને અમારા બાપદાદાઓએ જે પ્રભુ ઈસુનો નકાર કર્યો હતો, ધુતકાર કર્યો હતો, અને ખીલા મારીને ક્રૂસે જડી દીધા હતા એ જ પ્રભુ ઈસુ આ છે ! પેલા દેખાય એમના હાથમાં ખીલાના વેહ ! અને પગમાંય ખીલાના વેહ, અને કૂખમાં ભાલાનો ઘા ! જુઓ, જુઓ, એમણે જ આપણને બચાવ્યા ! પોતાનાં આવાં બધાં દુષ્ટ આચરણો તથા પ્રભુ ઈસુનો કરેલો નકાર, વગેરે બધું યાદ કરીને તેઓ ભારે હૈયાફાટ વિલાપ કરશે. ઝખાર્યા ૧૨ : ૯-૧૪માં આ વિષે પ્રબોધકે કેવું કરુણ અને દિલને હચમચાવી નાખનાર વર્ણન કર્યું છે ! **આ તેમનું ખરેખરું આત્મકષ્ટ થશે.** એ વર્ણન નીચે પ્રમાણે છે :

"વળી તે દિવસે જે સર્વ પ્રજાઓ યરુશાલેમ વિરુદ્ધ ચઢી આવશે તેઓનો વિનાશ કરવાની કોશિશ હું કરીશ. હું દાવિદના વંશજો પર તથા યરુશાલેમના રહેવાસીઓ પર કૃપાનો તથા વિનંતીનો આત્મા રેડીશ; અને મને, જેને તઓએ વીંધ્યો છે, તેની તરફ તેઓ જોશે; અને જેમ કોઈ પોતાના એકનાએક પુત્રને માટે શોક કરે તેમ તેઓ તેને માટે શોક કરશે, ને જેમ કોઈ પોતાના જયેષ્ઠ પુત્રને માટે દુઃખી થાય તેમ તેઓ તેને લીધે દુઃખી થશે. અને મગિદ્દોનની ખીણમાં

હદાદરિમ્મોનના વિલાપના જેવો ભારે વિલાપ તે દિવસે યરુશાલેમમાં થશે. દેશનાં સર્વ કુટુંબો એકબીજાથી વિખૂટાં પડીને વિલાપ કરશે......"

તેઓએ અને તેમના પૂર્વજોએ ખ્રિસ્તનો તુચ્છકાર અને નકાર કર્યો હતો, અને મસીહનો (ખ્રિસ્તનો) સ્વીકાર ન કરતાં આંખો બંધ રાખી હતી અને હૃદયો કઠણ કર્યાં હતાં (રોમન ૧૧ : ૨૫-૩૨) એ બધાંના પશ્ચાતાપરૂપ આ વિલાપ (ઝખાર્યા ૧૨ :૧૦-૧૪) **સાચું પ્રાયશ્ચિત અને સાચું આત્માકષ્ટ બની રહેશે.** પૂર્વછાયાસમું પ્રાયશ્ચિત-દિનનું પર્વ એ દિવસે પૂર્ણ થશે. એ સમયે તેમને સાચું ભાન અને સાચું જ્ઞાન થશે કે, "આપણા અપરાધોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે" (યશાયા ૫૩ : ૫).

એટલું જ નહિ, પણ પ્રભુ ઈસુ તેમનો આ પશ્ચાતાપ અને હૃદયપલટો જોઈને તેમનાં પાપને દૂર કરશે; તેમનો એક પ્રજા તરીકે સામૂહિક નવો જન્મ થશે; અને તેમને નવું હૃદય આપશે. પ્રબોધક હઝકીયેલ એ વિષે નીચે પ્રમાણે કહે છે :

"કેમ કે હું તમને [અન્ય] પ્રજાઓમાંથી બહાર કાઢીને તથા સર્વ દેશોમાંથી ભેગા કરીને, તમને તમારા પોતાના દેશમાં લાવીશ. હું તમારા પર શુદ્ધ પાણી છાંટીશ, ને તમે શુદ્ધ થશો; તમારી સર્વ મલિનતાથી તથા તમારી સર્વ મૂર્તિઓથી હું તમને શુદ્ધ કરીશ. હું તમને નવું હૃદય પણ આપીશ, ને હું તમારી અંદર નવો આત્મા મૂકીશ; અને હું તમારા દેહમાંથી પાષાણમય હૃદય દૂર કરીશ, ને હું તમને માંસનું હૃદય આપીશ. હું મારો આત્મા તમારામાં મૂકીશ, ને તમને મારા વિધિઓ પ્રમાણે ચલાવીશ, ને તમે મારી આજ્ઞાઓ પાળશો તથા તેમને અમલમાં આણશો. જે દેશ મેં તમારા પૂર્વજોને આપ્યો હતો તેમાં તમે વસશો; તમે મારી પ્રજા થશો ને હું તમારો દેવ થઈશ..... ત્યારે તમને તમારાં દુરાચરણ તથા તમારાં અશુભ કૃત્યો

યાદ આવશે; અને તમારાં દુષ્કર્મોને લીધે તથા તમારાં ધિકકારપાત્ર કૃત્યોને લીધે તમે તમારા પોતાના મનમાં પોતાને ધિકકારશો" (હઝકીયેલ ૩૬ : ૨૪- ૩૧).

વળી યર્મિયા પ્રબોધક પણ ઈશ્વરથી દૂર ભાગેલી આ પ્રજાને નવું હૃદય આપવા સંબંધી આ પ્રમાણે કહે છે: "પણ યહોવા કહે છે, હવે પછી જે કરાર હું ઇઝરાયલના વંશજોની સાથે કરીશ, તે આ છે: હું મારો નિયમ તેઓનાં હૃદયમાં મૂકીશ, તેઓના હૃદયપટ પર તે લખીશ; હું તેઓનો દેવ થઈશ, ને તેઓ મારા લોક થશે. વળી યહોવાને ઓળખો, એમ કહીને તેઓ હવે પછી દરેક પોતાના પડોશીને, તથા દરેક પોતાના ભાઈને શીખવશે નહિ; કેમ કે નાનાથી તે મોટા સુધી તેઓ સર્વ મને ઓળખશે; હું તેઓના અન્યાયની ક્ષમા કરીશ, ને તેઓનાં પાપોનું સ્મરણ ફરી કરીશ નહિ; એવું યહોવા કહે છે" (યિર્મેયા ૩૧ : ૩૩,૩૪). હા, પ્રાયશ્ચિત-દિનના પર્વ સમયે અઝાઝેલના બકરાને માથે હાથ મૂકીને વડો યાજક યહૂદીઓનાં પાપ કબૂલતો, અને પછી એ બકરાને અરણ્યમાં જઈને છોડી દેવામાં આવતો, જેથી એ બકરાને ફરી જોઈ શકાય નહિ, અને યહૂદીઓનાં કબુલાયેલાં પાપને ફરી ઈશ્વર સ્મરણમાં ન લાવે. એમ જ યહોવા અહીં યિર્મેયા પ્રબોધક મારફતે કહે છે : "હું તેઓના અન્યાયની ક્ષમા કરીશ, ને તેઓનાં પાપોનું સ્મરણ ફરી કરીશ નહિ....."

વળી ઝખાર્યા ૧૩ : ૧ આ પ્રમાણે કહે છે : "તે દિવસે (પ્રભુ ઈસુના પુનરાગમન સમયે) દાવિદના વંશજોના તથા યરુશાલેમના રહેવાસીઓનાં પાપ તથા અશુદ્ધતા [દુર કરવા]ને માટે એક ઝરો ઉઘાડવામાં આવશે."

યહૂદી પ્રજાનો 'નવો જન્મ' પણ એ દિવસે જ થશે. એ વિષે યશાયા પ્રબોધક આ પ્રમાણે લખે છે : "આ પ્રમાણે કોણે સાંભળ્યું છે? આ પ્રમામે કોણે જોયું છે ? શું એક દિવસમાં દેશનો પ્રસવ થાય? શું પ્રજા એકાએક જન્મ પામે ? પરંતુ સિયોનને પ્રસવવેદના થઈ કે

તરત જ તેણે પોતાનાં છોકરાંને જન્મ આપ્યો" (યશાયા ૬૬ : ૮). ઇઝરાયલ પ્રજાના થનાર સામુહિક નવા જન્મ વિષે જ આ ભવિષ્યકથન પ્રબોધકે લખ્યું છે. જે દિવસે પ્રભુ ઈસુ ગગનમાંથી પૃથ્વી પર ઊતરી ઇઝરાયલ પ્રજાનો બચાવ અને ઉદ્ધાર કરશે એ દિવસ વિષે આ ઉલ્લેખ છે. અને ઉપર જોયું તેમ એ દિવસ પ્રાયશ્ચિત - દિનના પર્વની પૂર્ણતા થશે. એ એમનો સાચો **"યોમ કીપ્પુર"** છે.

●

# ૧૦ માંડવાપર્વ :

## મંડળી અને યહૂદીઓ અનંતકાળિક આનંદમાં.
## નવું આકાશ, નવી પૃથ્વી, નવું યરુશાલેમ.

**બાઈબલપાઠ** : લેવીય ૨૩ : ૩૩-૪૪. [૩૩]અને યહોવાએ
મોશેને કહ્યું કે, [૩૪] ઇઝરાયલપુત્રોને એમ કહે કે, એ સાતમા માસને
પંદરમે દિવસે યહોવાને સારુ સાત દિવસ સુધી માંડવાપર્વ છે. [૩૫]
પહેલે દિવસે પવિત્ર મેળાવડો થાય; તમે કોઈ સંસારી કામ કરશો મા.
[૩૬] સાત દિવસ સુધી તમારે યહોવાને હોમયજ્ઞ ચઢાવવો; આઠમે દિવસે
તમારે પવિત્ર મેળાવડો કરવો; અને તમારે યહોવાને હોમયજ્ઞ ચઢાવવો;
એ પર્વનો છેલ્લો દિવસ છે; તમારે કંઈ સંસારી કામ કરવું નહિ.

[૩૭]"એ યહોવાનાં મુકરર પર્વો છે, તેઓ વિષે તમારે એવો
ઢંઢેરો પિટાવવો કે, તેઓ પવિત્ર મેળાવડા છે કે જેમાં તેઓ યહોવાને
સારુ હોમયજ્ઞ, એટલે દહનાર્પણ તથા ખાદ્યાર્પણ, યજ્ઞ તથા પેયાર્પણો,
પ્રત્યેકને માટે ઠરાવેલા દિવસે ચઢાવે. [૩૮] યહોવાના સાબ્બાથો ઉપરાંત,
તથા તમારાં દાન ઉપરાંત, તથા તમારી સર્વ માનતાઓ ઉપરાંત, તથા
તમારાં સર્વ ઐચ્છિકાર્પણો જે તમે યહોવાને અર્પો છો તે ઉપરાંત [એ
છે]."

[૩૯] "તેમ છતાં સાતમા માસને પંદરમે દિવસે, **જમીનની
ઊપજનો સંગ્રહ કરી રહ્યા પછી**, તમારે યહોવાને સારુ સાત દિવસ
સુધી પર્વ પાળવું; પહેલે દિવસે પવિત્ર વિશ્રામ થાય, ને આઠમે દિવસે

પવિત્ર વિશ્રામ થાય. [40]અને પહેલે દિવસે સુંદર વૃક્ષોનાં ફળ,
ખજુરીની ડાળીઓ, તથા ઘટાદાર ઝાડોનાં પાંખડાં તથા નાળાના વેલાઓ
લઈને, તમારે યહોવા તમારા દેવની સંમુખ સાત દિવસ સુધી
ઉત્સવ કરવો. [41] અને તમારે યહોવાનું તે પર્વ વર્ષમાં સાત દિવસ
સુધી પાળવું; તે વંશપરંપરા તમારે સારુ હંમેશનો વિધિ છે, સાતમા
માસમાં તમારે તે પાળવું. [42]તમારે સાત દિવસ માંડવાઓમાં રહેવું.
ઈઝરાયલના સર્વ વતની માંડવાઓમાં રહે; [43] એ માટે તમારા વંશજો
જાણે કે, જયારે હું ઈઝરાયલપુત્રોને મિસર દેશમાંથી કાઢી લાવ્યો ત્યારે
મેં તેઓને માંડવાઓમાં વસાવ્યા. હું યહોવા તમારો દેવ છું. [44] અને
મોશેએ ઈઝરાયલપુત્રોને યહોવાનાં મુકરર પર્વોનું વર્ણન કરી બતાવ્યું."

**નહેમ્યાહ ૮ : ૧૪,૧૫.** સાતમા માસના પર્વમાં ઈઝરાયલપુત્રોએ માંડવાઓમાં રહેવું, એવી યહોવાએ મોશે દ્વારા આજ્ઞા આપી છે, એમ નિયમશાસ્ત્રમાં લખેલું તેઓને માલૂમ પડયું; [15]તેથી આપણે પોતાનાં સર્વ નગરોમાં તથા યરુશાલેમમાં ઢંઢેરો પિટાવીને એવું જાહેર કરવું કે તમે સર્વ બહાર નીકળીને ડુંગર ઉપર જાઓ, અને લેખ પ્રમાણે માંડવા કરવા સારુ જૈતવૃક્ષની દેવદારની, મેંદીની, ખજૂરીની તથા ઘટાદાર ઝાડની ડાળીઓ લઈ આવો."

'યહોવાનાં સાત મુકરર પર્વો'માં આ છેલ્લું પર્વ છે. સાતમા એટલે તીશરી માસના પંદરમા દિવસથી શરૂ કરીને બાવીસમા દિવસ સુધી (આઠ દિવસ સુધી) આ પર્વ પાળવાનું હતું. બાઈબલમાં આપ્યું છે તેમ આ પર્વ ઈઝરાયલ લોકોને, મિસરમાંથી નીકળ્યા પછી તેઓ માંડવામાં રહેતા હતા, એ વાત સ્મરણમાં રખાવવા માટે હતું. "એ માટે તમારા વંશજો જાણે કે, જયારે હું ઈઝરાયલપુત્રોને મિસર દેશમાંથી કાઢી લાવ્યો ત્યારે મેં તેઓને માંડવાઓમાં વસાવ્યા" (લેવીય ૨૩ : ૪૩). એમ છતાં પરમકૃપાળુ પરમેશ્વરના સનાતન ઠરાવો પ્રમાણે આ છ પર્વોની જેમ આ સાતમું પર્વ પણ ભવિષ્યમાં મંડળીના હકકમાં તેમ જ ઈઝરાયલ પ્રજાના હકકમાં બનનાર બનાવની પૂર્વછાયા છે. આપણે એ વિષે થોડીવારમાં જોઈશું.

આ માંડવાપર્વમાં આઠેય દિવસ તેમણે પોતાનાં ઘરોમાંથી નીકળી જઈને અન્ય સ્થળે બાંધેલા માંડવાઓમાં રહેવાનું હતું. આ માંડવાઓ બાંધવા માટે ઉપરના બંને બાઈબલપાઠમાં જણાવેલાં વૃક્ષોની ડાળીઓ તથા પાંદડાં, તેમ જ નાળાના વેલાઓ લાવીને વાપરવાના હતા. એ બધામાંથી તેઓએ વસવાલાયક માંડવા બાંધવાના હતા. ખજૂરીની ડાળીઓ તેમને અરણ્યની ૪૦ વર્ષની મુસાફરીમાં જે વિજય પમાડયો હતો તેની યાદી હતી, અને પાણીનાં નાળાના વેલા તેમનાં આંસુ અને દુઃખોમાં થઈને પણ પ્રભુ તેમને દોરી લાવ્યો હતો તેની યાદગીરી હતી. પણ એથી વિશેષ ભવિષ્યની એંધાણી તરીકે, પરમેશ્વર મંડળીને માટે તેમ જ ઈઝરાયલ પ્રજાને માટે જે સંપૂર્ણ આશીર્વાદ અને આનંદ રાખી મૂકેલાં છે તે આ પર્વ દર્શાવે છે.

લેવીયના પુસ્તકમાંથી જે શાસ્ત્રપાઠ આપણે આ પુસ્તકમાં ઉતાર્યો છે તે જોવાથી એક વાતની નવાઈ લાગશે કે કલમ ૩૩ થી ૩૬માં આ માંડવાપર્વ કેવી રીતે પાળવું તે વિષે આપવામાં આવ્યું છે. પણ શા પરથી પર્વને આ નામ આપવામાં આવ્યું તેનો કોઈ ઉલ્લેખ યા સંદર્ભ આપવામાં આવ્યો નથી. ઊલટું, આ કલમો પછી જાણે કે પર્વોનો વિષય પૂરો થતો હોય તેમ કલમ ૩૭ અને ૩૮ માં આ પર્વો સંબંધી ઉપસંહાર આપવામાં આવ્યો છે. પણ વચ્ચે એ કલમોના ગાળા પછી ૩૯ મી કલમથી માંડીને ફરી પાછું એ જ પર્વની વધારાની વાત અથવા અન્ય વિગતો આપવામાં આવી છે. ઝીણવટથી તપાસતાં માલૂમ પડશે કે પહેલા ભાગમાં (કલમ ૩૩-૩૬માં) ઈશ્વરનો મહિમા પ્રથમ શોધવો, તેના ઈરાદાઓ અને ઠરાવોને પ્રથમ સ્થાન આપવું તે બતાવ્યું છે. અને બીજા ભાગમાં (કલમ ૩૭, ૩૮માં) માણસોએ પોતાના હકકમાં શું કરવું તે બતાવ્યું છે.

'આઠમા દિવસ' વિષે લખતાં કલમ ૩૬ માં આપવામાં આવ્યું છે કે, '**એ પર્વનો છેલ્લો દિવસ છે."** ગુજરાતીમાં આપેલો આ તરજુમો બરાબર છે. **રીવાઈઝડ સ્ટાન્ડર્ડ આવૃતિ** (R.S.V.) અને **ઓથોરાઈઝડ આવૃતિ** (A.V. અથવા **કિંગ જેમ્સ આવૃતિ** )માં 'ઈટ ઈઝ એ સોલેમ

**એસેમ્બલી'** (આ ગંભીર મેળાવડો છે'), એ બરાબર નથી. **ન્યુ ઈંગ્લીશ બાઈબલ** (N.E.B.) અને **જેરુશાલેમ બાઈબલમાં** 'ઈટ ઈઝ ધી કલોઝિંગ **એસેમ્બલી'** (= આ છેલ્લો મેળાવડો છે) એવું આપવામાં આવ્યું છે. એ મૂળ લેખ પ્રમાણે વધુ નજદીક છે. 'ગુડ **ન્યુઝ બાઈબલ'**માં ઈટ ઈઝ એ ડે ફોર વર્શિપ (= 'આ ભકિત માટેનો દિવસ છે') એવું આપ્યું છે જે બિલકુલ બરાબર નથી. અગાઉ એક પર્વ પણ સાત દિવસનું હતું. એ 'બેખમીર રોટલીનું પર્વ' હતું. એના સાતમા દિવસ વિષે ૮ મી કલમમાં ઉલ્લેખ છે ખરો, પણ ત્યાં આવા શબ્દો નથી કે 'પર્વનો આ છેલ્લો દિવસ છે." અહીં કલમ ૩૬ માં જે હિબ્રૂ શબ્દ વપરાયા છે તે કંઈક એવું દર્શાવે છે કે ' આ પર્વનો **પૂર્ણતાનો દિવસ** છે." એ શબ્દોમાં કંઈક એવી ભાવના છે યા અર્થઘટન છે જે એવું દર્શાવવા માગે છે કે, ઈશ્વરના સનાતન ઠરાવો અને યોજનાઓ પહેલા પર્વથી શરૂ થઈને છેક સાતમા પર્વ સુધી પૂર્વછાયારૂપે દર્શાવવામાં આવ્યાં છે તે ઠરાવો હવે પૂર્ણ થયા છે.

આ આખા વિષયની શરૂઆતે "યહોવાનાં મુકરર પર્વો" અને "પવિત્ર મેળાવડા" શબ્દો છે, એમાં ઈશ્વરના સનાતન ઠરાવો સમાયેલા છે. એમાં પોતાના લોકોનો પરમ ઉદ્ધાર (પાસ્ખાપર્વ વખતે ઇઝરાયલ પ્રજાનો મિસરમાંથી ઉદ્ધાર); અને પૂર્વછાયારૂપ પાસ્ખાપર્વના સત્યરૂપ 'ક્રૂસારોહણ' દ્વારા પાપની ગુલામીમાંથી માનવીનો ઉદ્ધાર કરીને ઈશ્વર પોતાને સારુ લોકોને અલાહિદા એકત્ર કરે છે, જેથી ઈશ્વર તેમની મધ્યે સદાકાળ વસે. ઈશ્વરના આ સનાતન ઠરાવો આ સાત પર્વો દ્વારા પૂર્ણ થાય છે. એટલે જ આ સાતમા પર્વના છેલ્લા દિવસે એ પ્રેમભર્યા ઠરાવો પૂર્ણતા પામે છે એવું દર્શાવ્યું છે. પ્રભુના અજોડ અને અજાયબ પ્રેમ દ્વારા જ આ શકય બને છે. એ સર્વમાં પ્રભુનો કેવો નીતરતો પ્રેમ છે !

હવે આ પૂર્વછાયારૂપ માંડવાપર્વ મંડળીના હકકમાં અને ઇઝરાયલ પ્રજાના હકકમાં ભવિષ્યમાં કેવી રીતે પૂર્ણ થાય છે તે જોઈએ. આપણે અગાઉ જોયું તેમ રણશિંગડાંનું પર્વ મંડળીનું ગગનમાં તણાઈ

જવું સૂચવે છે, અને ઇઝરાયલ પ્રજાનું દેશમાં આખરના સમયમાં એકઠા કરાવું સૂચવે છે. એ પછી આવતું 'પ્રાયશ્ચિતનું પર્વ' મંડળીનું ખ્રિસ્તના ન્યાયાસન આગળ પ્રગટ થવું, અને ઇઝરાયલ પ્રજાનો પશ્ચાતાપ અને હૃદયપલટો સૂચવે છે. અને હવે આ માંડવાપર્વ, મંડળી તેમ જ ઇઝરાયલ પ્રજા પ્રભુની સાથે **નવા સ્થળે** અનંતકાળ માટે રહેશે એ સૂચવે છે.

ભૌગોલિક રીતે આ માંડવાપર્વ, ૩૯ મી કલમમાં આપ્યું છે તેમ, "સાતમા માસને પંદરમે દિવસે, **જમીનની ઊપજનો સંગ્રહ કરી રહ્યા પછી,** તમારે યહોવાને સારુ સાત દિવસ સુધી પર્વ" પાળવાનું હતું. ભૂમિની ઉપજ એટલે કે બધા પાક લઈ લીધી પછી આ પર્વ ઊજવવાનું હતું. ભારતમાં સપ્ટેમ્બર-ઓકટોબરમાં ફસલ લઈ લીધા પછી આનંદોત્સવનો દિવાળીનો તહેવાર આવે છે, એમ ઇઝરાયલમાં પણ બધા પાકો લઈ લેવાય ત્યાર પછી આ પર્વ આવતું.

ઇઝરાયલમાં બે પ્રકારના પાક લેવાતા હતા. એ વિષે પુનર્નિયમ ૧૬ : ૧૩ માં આમ આપ્યું છેઃ "તારા **ખળામાંથી** તથા તારા **દ્રાક્ષાકુંડમાંથી** [ધાન્ય તથા દ્રાક્ષારસ] ઘરમાં આણ્યા પછી તું સાત દિવસ સુધી માંડવાપર્વ પાળ." આ બે પાક, આપણે જોયું તેમ, એક ખળાનો પાક (જવ, ઘઉં, અને અન્ય ધાન્ય) અને બીજો દ્રાક્ષાકુંડની નીપજ (એટલે કે દ્રાક્ષાનો રસ).

બાઇબલમાં અન્ય ઠેકાણે આ પાકો વિષે જોઈએ તો એમના આત્મિક પ્રતીકાર્થ (સંજ્ઞાર્થ) સંબંધી આપણને વધુ સમજણ પડશે. બાઇબલમાં જમીનની નીપજનું ધાન્ય (દા.ત. 'ઘઉં', 'સારું બી', ઇત્યાદી) ઈશ્વરના લોકો માટે વપરાયું છે. "સારાં બી રાજ્યનાં છૈયા છે" (માથ્થી ૧૩ : ૩૮), "ઘઉં મારી વખારમાં ભરો" ( માથ્થી ૧૩: ૩૦); "જો ઘઉંનો દાણો ભોંયમાં પડીને મરી ન જાય" (યોહાન ૧૨: ૨૪. પ્રભુ ઈસુએ પોતાને ઘઉંના દાણા સાથે સરખાવ્યા છે.)

એથી ઊલટું, દ્રાક્ષાફળોને ઈશ્વરના દુશ્મનો અને શેતાનની તરફદારી કરનારાની ઉપમા આપી છે. એ માટે યશાયા ૬૩ : ૧-૬માં

વાર્તાલાપની તાદૃશ ભાષામાં પ્રભુ ઈસુનું કેવું ભવ્ય ચિત્ર આપ્યું છે! જુઓ નીચે :

"આ જે અદોમથી કિરમજી રંગનાં વસ્ત્ર પહેરીને જે બોસ્રાહથી આવે છે, આ જે પોશાકથી દેદીપ્યમાન, પોતાના પુષ્કળ સામર્થ્યથી મહાલતો આવે છે, તે કોણ છે ? હું જે ન્યાયીપણાથી બોલનાર, ને તારવાને શકિતમાન, તે હું છું. તારા પોશાક પર રતાશ કેમ આવતી હશે, ને તારાં વસ્ત્ર દ્રાક્ષાકુંડમાં દ્રાક્ષા ખૂંદનારાનાં વસ્ત્ર જેવાં કેમ થયાં હશે ? મેં એકલાએ દ્રાક્ષાકુંડ ખૂંદ્યો છે, અને લોકોમાંથી કોઈ માણસ મારી સાથે નહોતો; વળી મેં મારા રોષમાં તેઓને ખૂંદ્યા, ને મારા કોપથી તેઓને છૂંદી નાખ્યા; તેઓનું લોહી મારા વસ્ત્ર પર છાંટયું છે, ને મારા તમામ પોશાક પર મેં ડાઘ પાડયા છે. કેમ કે મારા હૃદયમાં પ્રતિકારના દિવસનો વિચાર હતો, હવે મારા ઉદ્ધારનું વર્ષ આવ્યું છે. મેં જોયું, તો કોઈ સહાય કરનાર નહોતો; અને કોઈ ટેકો આપનાર નહોતો, એ જોઈને હું વિસ્મય પામ્યો : એટલે મારે સારુ મારા પોતાના ભુજે તારણ કર્યું. અને મારા કોપે મને ટેકો આપ્યો. મેં મારા રોષમાં લોકોને છુંદી નાખ્યા, ને મારા કોપમાં મેં તેઓના કકડેકકડા કર્યા અને મેં તેઓનું લોહી ભૂમિ પર રેડી દીધું."

દ્રાક્ષાકુંડ ખૂંદવા સંબંધીનો ઉપરનો આખો ફકરો દ્રાક્ષાને ઈશ્વરના શત્રુઓની ઉપમા આપે છે. એ બધી કલમ પ્રભુ ઈસુના પુનરાગમન પછી પ્રભુ ઈસુ શેતાને એકત્ર કરેલાં પૃથ્વીનાં સૈન્યોનો સદંતર નાશ કરશે એ સંબંધીના ભવિષ્યકથનરૂપ છે. વળી પ્રકટીકરણ ૧૪ : ૧૪-૨૦માં જોઈએ તો 'અનાજની કાપણી' અને ' દ્રાક્ષાની લણણી' બે જુદા જુદા પ્રકારના લોકોને સૂચવે છે એ વધુ સ્પષ્ટ થશે. એ માટે નીચે એ કલમો આપી છે :

પ્રકટીકરણ ૧૪ : ૧૪-૨૦ . "પછી મેં જોયું, તો જુઓ ઊજળું વાદળું ને તેના પર **મનુષ્યપુત્ર**ના (પ્રભુ ઈસુના) જેવો એક પુરુષ બેઠેલો હતો. તેના માથા પર સોનાનો મુગટ હતો, અને તેના હાથમાં ધારવાળું દાતરડું હતું. પછી મંદિરમાંથી બીજા એક દૂતે બહાર આવીને

વાદળા પર બેઠેલા [પુરુષ]ને મોટે સાદે હાંક મારી કે, તું તારું દાતરડું લગાડીને કાપ; કેમ કે કાપણીની મોસમ આવી છે, **કારણ કે પૃથ્વીની ફસલ પૂરેપૂરી પાકી ગઈ છે.**" ત્યારે વાદળા પર બેઠેલા પુરુષે પૃથ્વી પર પોતાનું દાતરડું નાખ્યું; એટલે પૃથ્વી પરના પાકની કાપણી કરવામાં આવી.

"ત્યાર પછી આકાશમાંના મંદિરમાંથી બીજો એક દૂત બહાર આવ્યો. તેની પાસે પણ ધારવાળું દાતરડું હતું. અને બીજો એક દૂત, એટલે જેને અગ્નિ પર અધિકાર છે તે, વેદી પાસેથી બહાર આવ્યો. તેણે જેની પાસે ધારવાળું દાતરડું હતું તેને મોટે સાદે કહ્યું કે, તું તારું ધારવાળું દાતરડું લગાડીને પૃથ્વીના દ્રાક્ષાવેલાનાં ઝૂમખાંને લણી લે; કેમ કે તેની દ્રાક્ષા પાકી ચૂકી છે. ત્યારે તે દૂતે પોતાનું દાતરડું પૃથ્વી પર નાખ્યું, અને પૃથ્વીના દ્રાક્ષાવેલાનાં ઝૂમખાંને કાપી લીધાં, ને દેવના કોપના મોટા દ્રાક્ષાકુંડમાં નાખ્યાં. અને દ્રાક્ષાકુંડમાં જે હતું તે શહેર બહાર ખૂંદવામાં આવ્યું, અને દ્રાક્ષાકુંડમાંથી બસો માઈલ સુધી ઘોડાઓની લગામોને પહોંચે, એટલું લોહી વહી નીકળ્યું" (વળી જુઓ પ્રકટીકરણ ૧૯ : ૧૫).

આ બધાં વચનો પરથી બહુ સ્પષ્ટ થઈ જાય છે કે, ધાન્યની (અનાજની) કાપણી એ પ્રભુના લોકોને આશીર્વાદ પામવાને માટે એકત્ર કરવા; અને દ્રાક્ષાનાં ઝુમખાંની લણણી એટલે ઈશ્વરવિરોધીઓને ન્યાયકરણ તથા વિનાશને માટે એકઠા કરવા. "તારા ખળામાંથી તથા તારા દ્રાક્ષાકુંડમાંથી ધાન્ય તથા દ્રાક્ષારસ ઘરમાં આણ્યા પછી તું સાત દિવસ સુધી માંડવાપર્વ પાળ" (પુનર્નિયમ ૧૬ : ૧૩). એ પ્રમાણે ઉપર જણાવેલા બંને પાકો લઈ લીધા પછી માંડવાપર્વ પાળવાનું હતું. એટલે પૂર્વછાયા તરીકે આ પર્વની ખરી ઉજવણી અથવા એનું ખરું રૂપ, પ્રભુ ઈસુ ઉદ્ધાર પામેલા પોતાના લોકોને આશીર્વાદના પરમધામમાં તેડાવી લે, અને ખ્રિસ્તનો નકાર કરનારા સર્વ ઈશ્વરવિરોધીઓને વિનાશનો ન્યાયચુકાદો આપી દે, તે પછી આવશે.

**હવે આપણે ખ્રિસ્તની મંડળીના સંદર્ભમાં આ માંડવાપર્વ જોઈએ:** આ અગાઉના પ્રાયશ્ચિત-દિનના પર્વના સત્યસ્વરૂપમાં આપણે જોયું કે, ખ્રિસ્તની મંડળી ગગનમાં પોતાના ધાન્ય તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તની તહેનાતમાં હશે, અને ત્યાં પ્રત્યેક વિશ્વાસીનાં કાર્યો ખ્રિસ્તના ન્યાયાસન આગળ પારખવામાં આવશે. એ પછી આ ધન્ય લોકો પ્રભુ ઈસુની સાથે સદાકાળ માટે આશીર્વાદ અને પરમ આનંદના ધામમાં રહેશે. એ એમનું માંડવાપર્વ બની રહેશે. એમને માટે આ કેવો આનંદ આનંદ હશે ! તેઓ ગગનમાં પ્રભુ ઈસુ સાથે સાત વર્ષ સુધી હશે, અને પછી પ્રભુ ઈસુની સાથે પાછા ઊતરશે; અને એક હજાર વર્ષના શાંતિના રાજ્યમાં રહેશે. અને એ પછી નવા સ્વર્ગીય યરુશાલેમમાં !

માંડવાપર્વ આમ તો સાત દિવસ સુધી પાળવાનું હતું, પણ એમાં આઠમો દિવસ પણ ઉમેર્યો હતો. પ્રભુના સનાતન ઠરાવોમાં આ આઠમા દિવસનું ખાસ મહત્વ હતું. સંત યોહાને એને પર્વનો છેલ્લો તથા મોટો દિવસ કહ્યો છે (યોહાન ૭ : ૩૭). સાત દિવસનું પર્વ એ એની પૂર્ણતા સૂચવે છે. આઠની સંખ્યા 'પુનરુત્થાન' સૂચક સંખ્યા છે, એટલું જ નહિ પણ 'અનંતકાળ'ની સૂચક છે. એમ, સાત દિવસના પર્વમાં આ આઠમો દિવસ મૂકવામાં આવ્યો છે, તે અનંતકાળ દર્શાવે છે. જેમ છ દિવસ પછી સાતમો દિવસ 'સાબ્બાથ' છે, એમ છ માસ પછી (પહેલા માસ **આબીબ** અથવા **નિસાનથી** માંડીને છઠ્ઠા **'એલુલ'** માસ સુધીના છ માસ પછી) સાતમો **તીશરી** માસ સાબ્બાથ સૂચવે છે. એટલે આ સાતમા માસમાં ઈશ્વરના વિસામા યા (સાબ્બાથમાં) મંડળી પ્રવેશશે. એમ જ એક એક હજાર વર્ષના છ યુગ પછી સાતમો એક હજારનો યુગ તે 'શાંતિ' અને વિશ્રામ (સાબ્બાથ)નો યુગ હશે, અને મંડળી એમાં પ્રભુ ઈસુ સાથે હશે. ત્યાર પછી એ નવા આકાશી યરુશાલેમમાં મંડળી પ્રભુ ઈસુ સાથે જ વસતી હશે. માંડવાપર્વનો આઠમો દિવસ સમયની આ અનંતતા સૂચવે છે.

"જુઓ, દેવનો મંડપ માણસોની સાથે છે (એટલે કે પ્રભુ ઈસુ મહિમાવંત માનવ-શરીરમાં આપણી સાથે નવા યરુશાલેમમાં કાયમ વસવાટ કરશે), દેવ તેઓની સાથે વાસો કરશે; તેઓ તેના લોકો થશે, અને દેવ પોતે તેઓની સાથે રહીને તેઓનો દેવ થશે" (પ્રકટી ૨૧ : ૩). આ કેવો ધન્ય સમય ! ત્યારે કેવો આનંદ આનંદ થશે !

પ્રભુ ઈસુ આ નવા યરુશાલેમમાં આપણને લઈ જવાના છે તે વિષે ચોકકસપણે શિષ્યોને (અને યોહાન ૧૪ : ૨,૩ નાં વચનો દ્વારા આપણને પણ) અગાઉથી જણાવેલું કે, "મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે; એમ ના હોત તો મેં તમને કહ્યું હોત; કેમ કે હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું. અને જો હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ, તો હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ." એમ આખરે પ્રભુ ઈસુ ગગનમાં ઊતરીને આપણને તેમની સાથે અનંતકાળ માટે રહેવા લઈ જશે. એ આપણું સદાકાળનું માંડવાપર્વ હશે.

**હવે આપણે ઈઝરાયલ લોકોના ભવિષ્યના સંદર્ભમાં આ માંડવાપર્વ જોઈએ :** માંડવાપર્વ ઇઝરાયલ પ્રજા માટે તેમને પ્રભુ ઈસુના એક હજાર વર્ષના રાજમાં મળનાર આશીર્વાદો સૂચવે છે. પ્રભુ ઈસુ ગગનમાંથી પૃથ્વી પર ઊતરીને ઇઝરાયલના તેમ જ પોતાના શત્રુઓનો વિનાશ કરશે, અને પછી દાવિદની રાજગાદી ફરી સ્થાપન કરીને દાવિદના રાજયાસને બેસશે, અને યહૂદીઓ ઉપર તેમ જ 'છેટાંપ્રજા'- રૂપ 'વિદેશીઓ' ઉપર એક હજાર વર્ષ સુધી રાજય કરશે (પ્રકટી ૨૦ : ૬. માથ્થી ૨૫ : ૩૪). ઇઝરાયલ પ્રજા એ રાજયમાં અન્ય પ્રજાઓમાં મોખરે શિર સમાન થશે (પુનર્નિયમન ૨૮ : ૧૩), અને ઇઝરાયલનો વિસ્તાર ઉત્પત્તિ ૧૫ : ૧૮-૨૧ પ્રમાણેનો થશે. આમ, ઇઝરાયલ પ્રજાનું માંડવાપર્વ એક હજાર વર્ષના રાજયમાં પૃથ્વી પર થશે, જયારે મંડળીનું પર્વ ગગનમાં શરુ થઈ, હજાર વર્ષના રાજયમાં પસાર થઈ અનંતકાળ માટે થશે.

પ્રભુ ઈસુ પૃથ્વી પર રાજ કરશે, ત્યારે યરુશાલેમ તેમનું પાટનગર બનશે. આ એક હજાર વર્ષના રાજ દરમિયાન પણ માંડવાપર્વ પાળવામાં આવશે એવો ઉલ્લેખ ઝખાર્યા ૧૪ : ૧૬-૧૯ માં મળી આવે છે. ત્યાં એમ જણાવવામાં આવ્યું છે કે, "યરુશાલેમ સામે ચઢી આવેલી સર્વ પ્રજાઓમાંનો બચી ગયેલો દરેક માણસ રાજાની, એટલે સૈન્યોના દેવ યહોવાની આરાધના કરવા તથા માંડવાપર્વ પાળવા વર્ષોવર્ષ જશે. પૃથ્વી પરની પ્રજાઓમાંથી જે કોઈ [પોતાના]રાજા, [એટલે] સૈન્યોના દેવ યહોવાની આરાધના કરવાને યરુશાલેમ નહિ જાય, તેમના પર વરસાદ આવશે નહિ. અને જો મિસરના લોકો ત્યાં જાય નહિ, તો તેમનામાં મરકી ચાલશે. જે પ્રજાઓ માંડવાપર્વ પાળવાને જાય નહિ તેઓમાં મરકી મોકલીને યહોવા તેમને મારશે. મિસરને તેમ જ માંડવાપર્વ પાળવા નહિ જનારી સર્વ પ્રજાઓને એ સજા થશે."

ઈઝરાયલ પ્રજાને માત્ર આ એક હજાર વર્ષના રાજયમાં જ આશીર્વાદો મળશે એમ નહિ. ઈઝરાયલ પ્રજા પણ 'આઠમા દિવસ'ની ઉપમા પ્રમાણે અનંતકાળમાં પણ પ્રવેશશે. પર્વના 'સાત દિવસ' પૃથ્વી પરનું દૃશ્ય પૂરું કરશે, અને પર્વનો 'આઠમો દિવસ' (છેલ્લો અને મોટો દિવસ) ઈઝરાયલ લોકો માટે અનંતકાળનો આશીર્વાદ અને આનંદ રજૂ કરશે. પર્વના આઠમા દિવસની પૂર્વછાયા પ્રમાણે અનંતકાળમાં એટલે કે નવા આકાશ અને નવી પૃથ્વીમાં પણ પરમ આનંદ અને અખંડ આશીર્વાદો પામ્યા જ કરશે. એ એમનું અખંડ માંડવાપર્વ બની રહેશે.

●

# ૧૧ બાકીના વર્ષનું શું ?

## યુગોના યુગ

## અનંતકાળિક જીવનનો ઝરો

'યહોવાનાં સાત મુકરર પર્વો' માંનું છેલ્લામાં છેલ્લું, એટલે કે સાતમું પર્વ (માંડવાપર્વ) સાતમા માસની (તીશરી માસની) પંદરમીથી બાવીસમી સુધી હોય છે. એ પછી કોઈ પર્વ કે કેલેન્ડરની કોઈ વિશિષ્ટતા આવતી નથી. તો આ બાકીના લગભગ સવાચાર મહિનાનું શું ? અને સવાચાર મહિના જ કેમ ? બારમા માસ (અદાર) પછી વધારાનો એક અદાર માસ ઉમેરવામાં આવે ત્યારે તો એ ગાળો લગભગ સવાપાંચ મહિના જેટલો થાય.

યહૂદી વર્ષ બાર માસનું અને ચંદ્રની ગણતરી પ્રમાણેનું ચાંદ્રવર્ષ હતું. આજે પણ ઇઝરાયલમાં ચાંદ્રવર્ષ ચાલે છે. ચાંદ્રવર્ષ ૩૫૪ દિવસ, ૮ કલાક, ૪૮ મિનિટ, અને ૩૨.૪ સેકન્ડનું હોય છે. આ ચાંદ્રવર્ષને સૌર્યવર્ષ (સૂર્ય પ્રમાણેના વર્ષ) પ્રમાણે બંધબેસતું કરવા દર ૧૯ વર્ષે ૨૩૫ મહિના લેખે ગણતાં ચાંદ્ર વર્ષ પ્રમાણે ૭ મહિના વધે. આથી ૧૯ ચાંદ્ર વર્ષમાં ૭ અધિક મહિના ઉમેરવામાં આવતા. દર ત્રણ કે ચાર વર્ષે બારમો માસ (અદાર માસ) બેવડાવવામાં આવતો. આપણા ભારતમાં પણ ચાંદ્રવર્ષ પ્રમાણે મહિના ગણાય છે. એટલે અવારનવાર 'પુરુષોત્તમ માસ' યા 'અધિક માસ' પંચાંગમાં ઉમેરવામાં આવે છે. એવું જ યહૂદી પંચાંગમાં કરવામાં આવતું.

આમ, જયારે વધારાનો ‘અદાર માસ’ ઉમેરવામાં આવે, ત્યારે સાતમા તીશરી માસની ૨૨ મી પછી લગભગ સવાપાંચ મહિના રહે. તો આ બાકીના સવાચાર કે સવાપાંચ માસનું શું ?

પ્રતિછાયા પ્રમાણે જોઈએ તો તીશરી માસના આ માંડવાપર્વનો આઠમો દિવસ અનંતકાળ સૂચવે છે. એ આઠમો દિવસ અનંતકાળ માટેની પ્રતિછાયા છે. એ ગણતરી પ્રમાણે માંડવાપર્વના આઠમા દિવસથી, એટલે કે તીશરી માસના ૨૨ મા દિવસથી આપણે અનંતકાળમાં પ્રવેશીએ છીએ, એનું પ્રતીક છે. કેલેન્ડરનો એ ગાળો સવાચાર માસનોયે હોય કે સવાપાંચ માસનોયે હોય. આ અચોકકસ મુદતનો સમય અનંતકાળ સૂચવે છે.

યહૂદી લોકોમાં આ માંડવાપર્વની સાથે વણાયેલી એક પરંપરાગત પ્રણાલિકા ચાલતી આવતી હતી. યરુશાલેમમાં માંડવાપર્વ દરમિયાન દરરોજ યાજકો મંદિરેથી નીકળી, પહાડી રસ્તો કાપીને શિલોઆમના કુંડે જતા. અને મંદિરનાં સુવર્ણપાત્રોમાં આ કુંડમાંથી પાણી ભરીને મંદિરે લાવતા. પછી મંદિરના આંગણામાં યહૂદીઓની જે મોટી માનવમેદની એકત્ર થઈ હોય તેઓના દેખતાં સુવર્ણપાત્રોમાંના પાણીને ઈશ્વરને અર્પણ તરીકે રેડી દેતા. પાણી રેડાતું તે સમયે આંગણામાં ઊભેલા યહૂદીઓ યશાયા ૧૨ : ૩ લલકારતા : “ત્યારે તમે આનંદસહિત તારણના ઝરાઓમાંથી પાણી ભરશો.”

લગભગ આઠસો વર્ષથી આ પ્રણાલિકા યરુશાલેમમાં ભજવાતી હતી. એવામાં એક દિવસ, બરાબર માંડવાપર્વના આ છેલ્લા અને મોટા આઠમા દિવસે પ્રભુ ઈસુ ખ્રિસ્ત અહીં યરુશાલેમના મંદિરના આંગણામાં ઊભા રહીને યહૂદીઓની એકઠી થયેલી માનવમેદનીને પ્રચંડ બુલંદ અવાજે સંબોધીને પોકારે છે : “જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ.” એ આખો જ બાઈબલપાઠ આ પ્રમાણે છે :

“હવે પર્વને (માંડવાપર્વને) છેલ્લે તથા મોટે દિવસે ઈસુએ ઊભા રહીને ઘાંટો પાડતા કહ્યું કે,‘જો કોઈ તરસ્યો હોય, તો તે મારી

પાસે આવીને પીએ. શાસ્ત્રના વચન પ્રમાણે જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે" (યોહાન ૭: ૩૭,૩૮).

"જો કોઈ તરસ્યો હોય, તો તે **મારી પાસે આવીને પીએ.**" હા, પ્રભુ ઈસુ પોતે જ "તારણનો ઝરો છે." પર્વને ટાણે સુવર્ણપાત્રોમાં પાણી લાવવામાં આવતું ત્યારે યહૂદીઓ જે શબ્દો પોકારતા હતા તે, એટલે કે "ત્યારે તમે આનંદસહિત તારણના ઝરાઓમાંથી પાણી ભરશો," એ પ્રભુ ઈસુને લાગુ નથી પડતું શું ? "તારણના ઝરા" એમાં તારણ માટેનો હિબ્રૂ શબ્દ **યેશુઆ** છે; અને ઈસુ માટેનો હિબ્રૂ શબ્દ પણ એ જ છે, એટલે કે **યેશુઆ** હા, આપણે બધાં આનંદથી યેશુઆના ઝરામાંથી ભરીશું ને પીશું. એટલે જ પ્રભુ ઈસુ પોકારે છેઃ 'જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ."

આ છેલ્લા પર્વનો છેલ્લો દિવસ હતો. અને એ દિવસ અનંતકાળની પૂર્વછાયાસમો હતો. એ દિવસે પ્રભુ ઈસુ હાકલ કરીને, હા, આજીજી કરીને જીવનના ઝરાનું જળ પીવા સૌને તેડે છે. અને જે કોઈ પ્રભુ ઈસુમાંથી પીએ છે તે અનંતકાળ માટે તૃપ્ત રહેશે. તેને ફરી કદી તરસ લાગશે નહિ.

હજીયે પ્રભુ ઈસુ કહે છે : "પણ જે પાણી હું આપીશ, તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ; પણ જે પાણી હું તેને આપીશ તે તેનામાં પાણીનો ઝરો થશે, અને તે અનંતકાળ માટે ઝર્યા કરશે" (યોહાન ૪ : ૧૪). ફરી પ્રભુ ઈસુ હઠેઠથી યાદ દેવડાવે છે : "તરસ્યાને જીવનના પાણીના ઝરામાંથી મફત આપીશ." ( પ્રકટીકરણ ૨૧:૬).

**શું તમે પ્રભુ ઈસુના ઝરામાંથી પીધું છે?**

●

## લેખકનાં પુસ્તકો

- ☐ બોલતા આંકડા (અનુવાદ)
- ☐ શબગુફાનો શહિદ (અનુવાદ) પુનર્મુદ્રણ
- ☐ વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ), છઠ્ઠી બ્રેઈલ લિપિમાં
- ☐ ગુજરાતી બાઇબલનો ઇતિહાસ
- ☐ બાઇબલ કોણે લખ્યું ? - ડ્રામા
- ☐ ખ્રિસ્તી શિષ્યપણું - કઠણ માર્ગ (અનુવાદ)
- ☐ ચોથા માગીની કથા (અંગ્રેજીને આધારે)
- ☐ ઈસુ જીવન દર્શન - સચિત્ર (બાળકો માટે)
- ☐ અનોખી ઇઝરાયલ પ્રજા (ચાર આવૃત્તિ) (હિંદી અને અંગ્રેજી છપાય છે.)
- ☐ બાઇબલ અભ્યાસ (બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ : ભાગ ૧ થી ૯ છે. પહેલા અને બીજાનું પુનર્મુદ્રણ)
- ☐ માનવીનાં દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો? (ટ્રાકટ)બ્રેઈલમાં પણ છે.
- ☐ યરુશાલેમનું મંદિર બંધાશે ? ક્યારે?ક્યાં?કેમ? (બે આવૃત્તિ)
- ☐ દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન. બીજી આવૃત્તિ) (હિંદી અને અંગ્રેજી છપાય છે.)
- ☐ અજાયબ ભવિષ્યવચનો અને મુક્તિ-યોજનાનાં સાત વર્ષ (બીજી આવૃત્તિ)
- ☐ રશિયા, ઇઝરાયલ અને બાઇબલ (બીજી આવૃત્તિ)
- ☐ ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ (ચાર્ટસ)
- ☐ માર્ગદર્શિકા (ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ માટે)
- ☐ બાઇબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ ભાગ ૧ (બે આવૃત્તિ), અને ભાગ ૨ (હિંદી અને અંગ્રેજી પ્રેસમાં) (અલગ અલગ પુસ્તકો)
- ☐ જોષ જોવાનું પાપ (બીજી આવૃત્તિ)
- ☐ બાઇબલનો શબ્દકોશ
- ☐ આપણાં મધુરાં ગીતોના અધૂરા ઇતિહાસ (શ્રીમતી જયંવતીબહેન ચૌહાનના સહયોગથી)

## લેખકનાં આગામી પુસ્તકો

- ☐ વિશ્વ બનાવો અને પ્રભુનું પુનરાગમન
- ☐ પ્રભુ ઈસુ ભારતમાં આવ્યા હતા?
- ☐ પ્રકટીકરણના પુસ્તકનો ભક્તિવર્ધક ખુલાસો
- ☐ બાઇબલ અને સાયન્સ (ઉત્પતિ ૧ અને ૨ અધ્યાય)
- ☐ દુઃખનો પ્રશ્ન
- ☐ મૃત્યુને પેલાપાર
- ☐ જળપ્રલય - અને વિજ્ઞાન
- ☐ સદોમ-ગમોરાહનાં પાપ, અને વિનાશ
- ☐ આટલી બધી ભાષાઓ ક્યાંથી આવી?
- ☐ આત્મિક દુનિયા : દૂતો, ભૂતો, શેતાન, અશુદ્ધ આત્માઓ - એમની કામગીરી
- ☐ બાઇબલની કાળમાન પદ્ધતિ
- ☐ અખાતી યુદ્ધ, ઇરાક અને બાઇબલ
- ☐ લેખનકળાનું માર્ગદર્શન
- ☐ ગીતોના ગીતનું ભક્તિવર્ધક ભાષ્ય

PRINTED BY : JENSON COMPUTERS, MANINAGAR, AHD. - 8. PH. 2147641